
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

૨૬૯




તીરે · ફોટો : હીરાલાલ ભટ્ટ · આ માસના હરીફાઈમાં બીજું ઈનામ જીતનારું ચિત્ર

વર્ષ ત્રેવીસમું · અંક પાંચમો · મે ઈ. ૧૯૪૬

તંત્રી

બચુભાઈ રાવત



ગૌરી અને શ્યામા

ચિત્રકાર - સોમાલાલ શાહ



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧–૪–૦.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

હૂપાહૂપ : ચકોરની ચિત્રકથા–૮ (આ કથાને મંત્રીમિશનની સીમલામાં ચાલી રહેલી કથા જોડે કંઈ સંબંધ નથી)



ખોરાકની શોધમાં નીકળેલો હૂપાહૂપ



મદારી અને તેના પરિવારને જુએ છે.



એને લાલચ થાય છે–



મદારીના ગોઠિયા જેવા શણગાર સજવાની.



અને બની શકે તો પોટલામાંના રોટલાની.



ચાલો; સિંહની સાથે જ બેસીને જમીશું.



હવે તારી મુરલી બંધ કર અને ખાવાનું છોડ



જોઇએ તો ખરા કે શું લાવ્યો છે ?



,અહીં તો કકડીને લાગી છે!



હત્....



તારી....



ની....

ક્ષણિકતાનું કાવ્ય

· શિખરિણી ·

**પ્રભો ! આ પૃથ્વી પે અઢળક ઢળ્યો તું : હર ચીજ
પૃથાની તેં સ્થાપી ક્ષણિક કરી કો ગૂઢ રતિથી.**

અહીં કાન્તારોનાં કુસુમ સહતાં ચક્ર ઋતુનું
અને તેં દેવોને અચલ મધુનું નંદનવન
દીધું. પૃથ્વીક્યારે પ્રણયનું દીધું નાનું ફૂલ તેં;
વધાવ્યું લોકોએ નવ-કર-દીધું પીયૂષ ગણી,
અને તેં દેવોને શશિયરસુધાકુંભ અરપ્યો.
દીધી તેં એ રીતે દ્યુષદ સઘળાને અમરતા,
અને દોરી પૃથ્વીજીવનહદ રેખા મરણની.
દીધી તેં સ્વર્લોકે સતત ઝગતી રોશની, અને
કૃપાળુ ! તેં હ્યાં તો રજની, તમ, સંધ્યાનું ગગન;
અને તે સંગાથે વિવિધ કરુણા, શોચ, હરખ
વગેરે વૃત્તિઓ વિતરી; ત્યહીં તો શાશ્વતી મુદા.

પ્રભો ! આ પૃથ્વી પે અઢળક ઢળ્યો તું : ક્ષણિકતા
દીધી તેં; પૃથ્વીએ પ્રિય કરની એ ભેટ ગણીને
વધાવી લીધી છે ઉરસરસું આલિંગન દઈ.
બની એ બેઠી છે નવવધૂ સમી મંડિત થઈ
નિજાંગાંગે ઓપી ઊઠી ક્ષણિકતા-આભરણથી.

અને જે પૃથ્વીને પ્રણયરસનું પીયૂષ દીધું
ગયાં પી પૃથ્વીનાં જન સકલ આકંઠ, નિજનું
ગયાં ભૂલી આયુ ક્ષણિક, હસી કાઢ્યો અવગણી
મહાશાશ્વત્, હાર્યો અનવધિમહાકાલ ક્ષણથી;
અને દેવો કેરું અમરત ય શર્માયું ઘડીક,
પૃથા પામી દેવો થકી જુદી જ કોઈ અમરતા !
દીધું તેં લોકોને મરણ, અમરોને અધિકતા
કરી મૂકી હાસ્યાસ્પદ જીવનની એકવિધતા !
અહીં તો લોકોએ મરણ જ સ્વયં મંગલ કરી
લઈ જીતી પામ્યા મરણજયનો જીવનગહીં
પુરુષાર્થે; પ્રાણો મરણનું કરાલત્વ જઈ પી
રહ્યા તેં દ્વારેથી-જીવનનું મહાકાવ્ય સરજી.

અહીં લોકોએ ના ક્ષણિક સહુ મિથ્યા જ સમજી
ભજેલી ભીરુતા, નવ ત્યજી દીધો સાહસ-રસ;
અને પૃથ્વીકેરે દલદલ ખીલી જીવનકલા.

અલભ્યા દેવોને રહી ક્ષણિકતાની વિવિધતા,
અલભ્યા દેવોને રહી ક્ષણિકતાની રસિકતા,
પૃથાએ ઉદ્ધારી લીધી જ પ્રભુ ! તારી ક્ષણિકતા.

ન દેવોને ભાગ્યે મથન, ઉદધિમંથન પછી
ગયું તે લોકોને હૃદય થઈને શાશ્વત, અહીં
વલોવાતો સિંધુ, અમરની અહીં નિત્યમુદિતા
નથી, હ્યાં તો નિત્યે રુદન-સ્મિત કેરી વિવિધતા:
મળ્યાનો આનંદ, પ્રિયજનથી વિશ્લેષનું દુઃખ.
પૃથા રોમેરોમે વિલસી રહી કો પૂર્ણ કવિતા.
ન દેવોને ભાગ્યે મનુજની મહાભારતગીતા.

અહો ! આ પૃથ્વી પે અઢળક ઢળ્યો તું સરવથા !

ઉશનસ્

હવે

· મિશ્ર ·

**તંબૂરના તાર બધા મળ્યા અને
અનેક સૂરો થકી પુષ્ટકાય
યથેષ્ટ છે સિદ્ધ મહાન મા થયો.**

**એના તને અર્પિત મૂક તંત્રમાં,
ઉસ્તાદ ! તારાં રચ રાગરાગિણી;
ઝંકારતી શાંતિની પીઠિકા પરે
નર્તી રહો દિવ્ય સુધાની નાગિણી**

સુન્દરમ્

ભોગાવાને

· શાલિની-મંદાક્રાંતા-સ્રગ્ધરા ·

ભોગાવા હે ! ધોળી રેતી ભરેલો,
ખુલ્લો, પ્હોળો, દીર્ઘ, આ વિસ્તરેલો,
સૂકો સૂકો પટ નિરખું હું; ન્યાળિયો કૈંક નેજા.
આજે ગોગાનું ના'વ્યા સરખું તુજ પરે; હે સદાના સૂકેલા !

સૂકો સૂકો બ્હાર, કિન્તુ જરી જ
ઊંડે જતાં, માસ બારે વહી જ
રહેતાં મીઠાં જળથકી ભર્યા પૂર્ણ છે, બાહ્યથી જ
ન્યાળું છું હું તને અદ્ભુત રસભર્યો; શ્રી તારી નિત્યે નવી જ

પ્રજારામ રાવળ

પ્રવાસ-મંજરી

એક ટૂંકી સંસ્કારયાત્રાનાં સંસ્મરણો

[૨] દિલ્હીની મુલાકાતો

એક સામાજિક પ્રસંગ



બીજી તારીખ (માર્ચ)ની સાંજે શ્રી યશવંત પંડયાએ પુરાણા દિલ્હીમાં એક મિત્રને ત્યાં જવાનું કહીને કલા પરિષદમાંથી પરબારાજ ઉપાડયા. નૅશનલ ઈન્શૉરન્સવાળા શ્રી ચીમનલાલ શાહે શ્રી જદુરાય ખંધડિયાને મળવા જૂના દિલ્હીમાં પોતાને ત્યાં મિત્રોને નિમંત્રેલા. આજના રાજવહીવટી ન્યૂ દિલ્હી અને પુરાણા દિલ્હી વચ્ચે બે સદીનું અંતર લાગે. ગીચ લત્તા, આવજાની ભીંસ અને જૂનામાં જૂની વસ્તી સાથે અપ-ટુ-ડેઇટ માણસોની સેળભેળવાળા જનસમુદાય વચ્ચેથી રસ્તો કરતા, મુંબાઈના માળાને પણ ભુલાવે એવા મારવાડી વંડાઓની ચારે બાજુની ચાલીઓમાં એક શહેર જેટલાં કુટુંબો જ્યાં ઉપરાઉપર ગોઠવાઈ ગએલાં એવા સ્થળે પહોંચ્યા. શ્રી પંડયાને પણ ચીમનભાઈનું ઘર શોધતાં મૂઝવણ પડી એવા આ લત્તાઓમાં અજાણ્યાનું તો શું ગજું? પણ અંતે અમે એ નાનકડા જલસામાં પહોંચી ગયા. શ્રી ખંધડિયાની મજાકો, ઑલ ઇંડિયા રેડિયોવાળા શ્રી મનુભાઈ દેસાઇપોતાના સ્ટાફના બે સારા સાજિંદા લાવ્યા હતા તેમનાં સારંગી–તબલાંની રમઝટ, અમારા સાથીદાર કનુભાઈનું વાયોલિન, ને મનુભાઈની મધુર ભૈરવી, એ બધાંથી પ્રસંગ ઘણો રસમય બની ગયો. આવા સામાજિક પ્રસંગોથી અતિથિને એકીસાથે ઘણા મિત્રોને મળવાનો લાભ થાયછે.મને પણ અનેકની અહીં મુલાકાત થઈ. દિલ્હીના મિત્રો અમલદારી હોદ્દા કે દ્રવ્યસંપત્તિના આંતરા વગર આમ મળતા રહે છે એ દૃશ્ય આનંદપ્રદ હતું.

ન્યૂ દિલ્હીમાં આજે ગુજરાતની મૂર્ધન્ય વ્યક્તિ કોઈ હોય તો તે શ્રી દાદાસાહેબ (ગણેશ વાસુદેવ) માવલંકર છે. વડી ધારાસભાના પ્રમુખપદે બિરાજવા માટે એમને અભિનંદન અને માનાર્ઘ્ય આપનારા તો ત્યાં અસંખ્ય હતા, પણ તેમના અંગત સંબંધવાળા મિત્રો અને સ્નેહીઓનું સ્વત્વ અને ગૌરવ, દિલ્હીના પ્રમુખ પુરુષોમાં તેમનું સ્થાન જોઇને કેટલું વૃદ્ધિગત થયું છે એ તો ત્યાં જ સમજાય. દાદાસાહેબના સમાગમ અને સંપર્ક પામેલા એકેએક જણને તેમના વિષે કંઇક ને કંઇક સુખદ સ્મરણ કહેવાનું હોય છે જ; અને તેમણે શ્રીમંત કે સામાન્ય, સાક્ષર કે પ્રાકૃત સર્વે મિત્રોને સ્નેહ અને સત્કારના એકસરખા અંશે સ્વાગત આપ્યું છે. તેમને ટેલીફોનથી મારા ખબર આપ્યા એટલે તરત પૂછ્યું કે 'કયારે મળીશું? હું અમદાવાદના સમાચારો જાણવા હમેશાં ઇંતેજાર રહું છું. પણ વખતનો ખૂબ વિચાર કરવો પડે છે. કાલે સાંજે આવો,—સાથે ફરીશું અને વાતો કરીશું.'

શ્રી હીરાભાઈ પટેલ

દાદાસાહેબને મળવા જવાના સમયના અનુક્રમમાં જ ભાઈ યશવંત પંડયાએ બીજી પણ એક મુલાકાત ગોઠવી, તે શ્રી હીરાભાઈ એમ. પટેલ (આઈ. સી. એસ.)ની; જેઓ પહેલાં ડિપાર્ટમેન્ટ ઑવ ઇન્ડસ્ટ્રીઝ ઍન્ડ સિવિલ સપ્લાઇઝના સેક્રેટરી હતા. તેઓ કલા અને સંસ્કૃતિના વિષયોમાં ખૂબ રસ લે છે એમ જાણતાં તેમના પરિચયનો લાભ લેવાની તક મેળવી.

સાંજે કલા-પરિષદ આટોપાતી હતી તેમાંથી છૂટા થઈ અમે ન્યૂ દિલ્હીના લાંબા રસ્તાઓ પર ટાંગો દોડાવ્યો. પણ દિલ્હીના ટાંગાવાળાઓનું જ્ઞાન અદ્ભુત છે! જે કોઇ સ્થળે લઈ જવાનું કહો તો 'જી હાં, જાનતા હૂં' કરી ઉપાડી મૂકે તે ધારેલા સ્થાનથી ઉલટી જ દિશામાં! આ તો ઘણાનો સામાન્ય અનુભવ છે, ને અમે પણ તે દિવસે તેમાંથી બાદ ન રહી શકયા. શ્રીમાન પટેલનું ઘર મળતાં તો મુલાકાતનો સમય વીતી જવા આવ્યો હતો, છતાં અંદર જઇ ખબર કાઢી તો તેઓ હતા. સ્વચ્છ સુંદર આકૃતિવાળા મધુર પ્રકૃતિના એ ગૃહસ્થ માટે મેં તો કંઈક જુદી જ કલ્પના રાખેલી. સરકારમાં મોટો હોદ્દો ભોગવતા ઘણા યે સજ્જનો ગંભીરતા, આડંબર અને દેખાવની શિસ્ત ધારણ કરી પોતાને ત્યાં આવતા માણસો વચ્ચે દમામનો એક પડદો સાચવે છે. પણ અહીં તેમના બંગલાના પાછળના વરંડામાં બહુજ શાંત વાતાવરણમાં તેમણે બેચાર શબ્દો કહી અમને સ્વસ્થ અને ઘરના જેવા બનાવી દીધા. આથી વાર્તાલાપમાં ઘણી સ્ફૂર્તિ આવી. તેમનાં શ્રીમતીજીએ પણ અમારી પિછાન કરતાં પોતે વર્ષોથી 'કુમાર'ના વાંચનાર છે એમ કહી મારી વાતને પ્રેરણા આપી. દેશમાં કલા અને સંસ્કૃતિની કેવી દશા પ્રવર્તે છે તે પર શ્રી પટેલે ઘણા મુદ્દાના પ્રશ્નો છેડયા હતા. આ વાતોના રસમાં શ્રી દાદાસાહેબને ત્યાં પહોંચવાનો સમય પણ ન રહ્યો, એટલે ટેલીફોન કરી તેમને વિનતિ કરી કે બને તો થોડી મિનિટો રાહ જુએ. એમની હાલની વ્યવસાયિતામાં આ માગણી ઘણી ભાર રૂપ બને એવી હતી છતાં તેમણે કહ્યું, 'આવો, હું રાહ જોઈશ અને પછી સાથે જ શહેરમાં જઈશું.'

દાદાસાહેબ માવળંકર

વાતો ટૂંકી કરી નીકળ્યા અને આખરે દાદાસાહેબનો બંગલો શોધી કાઢી તેમના મુલાકાતી ખંડમાં દાખલ થયા. અનેક માણસોની સતત આવજા માટેની સગવડવાળો. જમીન પર બેઠી પ્લિન્થનો એમનો ખંડ ચારે તરફ દફતરોથી ભરેલો હતો. ટેબલ પર દોરીઓ બાંધેલા તુમારોના ઢગલા હતા, છતાં બહાર નીકળવાનો અવકાશ કાઢીને દાદાસાહેબ એક તરુણ મહારાષ્ટ્રીય દંપતીને વિદાય આપી રહ્યા હતા. દાદાસાહેબનાં શ્રીમતીજી પણ તેમાં સામેલ હતાં. અમને સસ્મિત સ્વાગત આપી ચહા કૉફીનું પૂછ્યું ને પછી પેટી-રેંટિયો લઇ કાંતતા બેઠા. મેં કહ્યું 'મારા માટે આપને આમ વખત આપવો પડે એ મૂંઝવણ કરાવે છે, પણ દિલ્હી આવીને આપને મળ્યા વિના રહેવું અશકય લાગ્યું.' એમણે કહ્યું, 'રવિભાઇ, પૈસા અને હોદ્દાથી જ માણસોની કિંમત આંકવાની આપણા દેશમાં ટેવ પડી ગઇ છે. હું તેમાં સંમત નથી. પ્રત્યેક માણસમાં કંઈ ને કંઈ મૂલ્ય હોય છે એ સમજીએ તો દરેક માણસનું જગતમાં કંઇક મહત્ત્વ છે, અને તેને સમજવું ને સત્કારવું એને હું એક ધર્મ માનું છું.' દાદાસાહેબ સાથે બીજી ઘણી વાતો થઈ, પણ મને તેમનો આ એક વિચાર ખાસ યાદ રહી ગયો તે નોંધું છું. તેમને શ્રી મનુ સુબેદારને ત્યાં જમવા જવાનું હતું. તેનો સમય થતાં અમે તેમની સાથે જ ઊઠયા અને તેમની જ ગાડીમાં નીકળ્યા. શ્રી મનુ સુબેદારને (અનુ• આગળ પૃષ્ઠ ૧૨૩ મે)

સૌમ્ય ને સરલ છતાં કડક ને અચલ વિચારી
આદર્શનિષ્ઠ અને ત્યાગતત્પર દેશસેવક

જે. પી.
જયપ્રકાશ-નારાયણ



'સમાજવાદ પર ... [illegible] ... મુક્તિ માટે ... [illegible] ... એમનો ... [illegible]' — ગાંધીજી

સંવત ૨૦૦૦ની દીવાળીની રાત. હજારીબાગની જેલનો કેદીગણ દીવાળીનો ઉત્સવ ઊજવી રહ્યો હતો. ઉત્સવને કારણે જેલના કાનૂન થોડાક ઢીલા રાખવામાં આવ્યા હતા અને એ ઢીલાશે અમુક કારાવાસી જુવાનોના મનોનિર્ણય વધુ મક્કમ બનાવ્યો.

ઇ. સ. ૧૯૪૨ના નવેમ્બરની એ ૧૧ મી તારીખે રાતના ૧૧ વાગ્યે, 'ગિનતી' થઈ ગયા પછી સૌકોઈ જ્યારે ઉત્સવનો આનંદ માણી રહ્યા હતા એ વખતે છ જુવાનો જેલના સત્તાવાળાઓની આંખો આંજીને નાસી છૂટ્યા. એમના નેતા હતા, હિંદની સરકારને ચોપડે એક 'ખતરનાક આદમી' તરીકે નોંધાઇ ચૂકેલા શ્રી જયપ્રકાશ નારાયણ. શ્રી રામનંદન મિશ્ર, યોગેન્દ્ર શુકલ, સૂર્યનારાયણ સિંહ, ગુલાબચંદ્ર ગુપ્ત તથા શાલિગ્રામ સિંહ, એ પોતાના પાંચ ચુનંદા સાથીઓ સાથે જેલની તોતીંગ દીવાલો કૂદીને એ પલાયન થઈ ગયા.

એક મેજ, એક સ્ટૂલ અને એક દોરડું, એ ત્રણ વસ્તુની મદદ એમણે લીધેલી. શોધનારાઓને છેતરવાને માટે લાંબા મજબૂત દોરડાને બદલે એક ટૂંકું પાતળું દોરડું એ દીવાલ પર મૂકતા ગએલા. એમણે દસ મિનિટનો અંદાજ કલ્પ્યો હતો, પરંતુ આઠ મિનિટમાં જ નાસવાની ક્રિયા નિર્વિઘ્ને પતી ગઈ. જોકે દીવાલ પરથી કૂદતાં જયપ્રકાશને પીઠમાં સખ્ત ચોટ લાગેલી, પરંતુ સહેજસરખું રોકાણ પણ આફતને નોતરવા સમાન હોઇને જયપ્રકાશને કળ વળે ત્યાં સુધી શ્રી યોગેન્દ્ર શુકલ એમને પોતાની પીઠ પર ખેંચી ગયા.

સવાર થતાં તો આ છ કેદીઓ અદૃશ્ય થવાના બનાવે જેલમાં સનસનાટી ફેલાવી દીધી. નોકરશાહી ફફડી ઊઠી. જયપ્રકાશની ગિરફતારી માટે રૂ. ૫,૦૦૦નું ઇનામ જાહેર કરવામાં આવ્યું. કેટલોક સમય રહીને એ રકમ ૧૦,૦૦૦ની કરવામાં આવી. નાસનારાઓથી પ્રકટપણે તો રહી શકાય તેમ રહ્યું જ નહોતું. બીજી બાજુ, નાસતાં પહેલાં કપડાં, પૈસા—અને સૌથી વધુ જરૂરી વસ્તુ તો જોડા, એ સઘળી ચીજોનું સાથે લેવા માટે બાંધી રાખેલું બંડલ જેલમાં જ ભુલાઇ ગએલું. વગર જોડે આડેધડ મુસાફરી કરતાં તેમને જે વીત્યું હશે તેની તો કલ્પના જ કરવાની રહે છે.

જયપ્રકાશ અને સાથીદારોએ છૂટીને સીધો જંગલનો રસ્તો લીધો. ત્રણ દિવસ સુધી તેમને નિરાહાર રહેવું પડ્યું. પછી એક બળદગાડું મળી આવતાં તે ભાડે કરીને અંતે તેઓ ગયા મુકામે પહોંચ્યા.

જેલમાંથી નાસતી વખતે જયપ્રકાશ પાસે સો રૂપિયાની એક નોટ હતી. ગયા પહોંચીને એમાંથી એમણે નવાં કપડાં ખરીદ્યાં, દાઢીમૂછ વધારી દીધાં અને મુસલમાન જેવો દેખાવ ધારણ કર્યો. સ્થળે સ્થળે પોતાનું નામ પણ બદલતા રહ્યા. ગયાથી એ બનારસ પહોંચ્યા અને લગવાની વિદ્યાર્થી કૉલોનીમાં થોડો સમય રોકાયા. ત્યાં બેતાળીસની લોકક્રાન્તિના અગ્રગણ્ય કાર્યકરો સાથે સંબંધ સ્થાપિત કરીને એ મુંબઈ પહોંચ્યા. ત્યાં શ્રી અચ્યુત પટવર્ધન સાથે સંપર્ક સાધ્યા બાદ કલકત્તા પહોંચીને ડૉ. રામમનોહર લોહિયા તથા અરૂણા અસફઅલી સાથે સંપર્ક સાધ્યો. અંતે એ સઘળા ગુપ્તવાસી ક્રાન્તિકારીઓએ નેપાળની હદમાં એક સંમેલન ભરવાનું નક્કી કર્યું.

૧૯૪૩ની ૧૯મી એપ્રિલે એ સંમેલન મળ્યું. તેમાં આઝાદ હિંદ ફોજની સ્થાપનાનો નિર્ણય થયો, અધિકારીઓ ને વ્યવસ્થાપકો નિયુક્ત થયા, ફોજનું સંજ્ઞાચિહ્ન ત્રણ તીરનું રાખવામાં આવ્યું—જે આઝાદી રોટી અને અખંડ રાષ્ટ્રનું સૂચક હતું. આઝાદ ફોજને ગાવાનું રાષ્ટ્રગીત પણ રચવામાં આવ્યું અને લશ્કરી તાલીમ અપાવા માંડી.

પરંતુ નેપાળ સરકારને આની ગંધ આવી ગઇ, અને ૨૪મી મે ૧૯૪૩ના રોજ તેણે શ્રી જયપ્રકાશ, ડૉ. લોહિયા, શ્યામનંદન સિંહ, ડૉ. બૈજનાથ તથા કાર્તિકસિંહને પકડીને કેદમાં પૂરી દીધા. એમને છોડાવવા એમના સાથીદારોએ નેપાળ સરકાર સાથે સમજાવટો, વિનતિઓ, ધમકીઓ વગેરેના અનેક પ્રયોગો કરી જોયા, પણ નેપાળ સરકાર એકની બે ન થઇ. આખરે જેલ તોડીને પણ એમને છોડાવવાનો નિર્ણય થયો. બે જ દિવસના કારાવાસ બાદ આઝાદ હિંદ ફોજે જેલ પર આક્રમણ કરી પોતાના સાથીઓને મુક્ત કર્યા. આ મુક્તિમાં માજી લશ્કરી હવાલદાર સરદાર નિત્યાનંદસિંહે આગેવાનીભર્યો ભાગ લીધેલો. પાછળથી એ વીર પુરુષ ભાગલપુર જિલ્લામાં સોનબરસા મુકામે લશ્કરે ચલાવેલા ગોળીબારમાં શહીદ થયા.

નેપાળમાંથી છૂટીને જયપ્રકાશે 'કરેંગે યા મરેંગે'ના સૂત્રાદેશ અનુસાર દેશનાં પ્રતિકારક્ષમ અને ક્રાન્તિકારી બળોને સંગઠિત અને સુયોજિત કરવાને દેશભરનો એક જબરો પ્રવાસ યોજ્યો. ક્રાન્તિકારી કાર્યક્રમને લગતું ગુપ્ત સાહિત્ય એ બહાર પાડતા રહ્યા. આ દરમ્યાન છૂપી પોલીસ તો ચોવીસે કલાક એમની તલાશમાં જ હતી.

સુભાષ બાબુનું સૈન્ય જ્યારે હિંદની નજીક આવી પહોંચેલું ત્યારે નેતાજીની મુલાકાત માટે જયપ્રકાશે આસામનો પ્રવાસ ખેડેલો, પરંતુ પૂરતાં સાધનો અને શસ્ત્રોના અભાવે એ એમાં સફળ ન થયા. મિદનાપુર વિસ્તારમાં દુકાળ સમયે રાહતના કાર્યમાં એમની અને એમના સાથીઓની સેવા અવિસ્મરણીય રહેશે. છૂપી પોલીસે અહીં પણ એમને ગિરફતાર કરવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગઇ. અંતે આ પ્રકારની અનેક નિષ્ફળતાઓ બાદ, ૧૯૪૩ના ૧૮મી સપ્ટેમ્બરે

પંજાબના પ્રવાસ દરમિયાન જયપ્રકાશને ગિરફતાર કરવામાં એ ફાવી. બીજા વર્ગમાં પ્રવાસ કરી રહેલા જયપ્રકાશને એ શીખ અને એક યુરેપિયન અમલદારે પિસ્તોલના બળે કેદ કરી લીધા અને લાહોર કિલ્લાની જેલમાં મોકલી આપ્યા. ત્યાં તેમના પર ગુજરેલા સિતમની હકીકતો જયપ્રકાશના સ્વમુખે જ બહાર આવેલી છે.

એ કારાવાસમાંથી તેમને છોડાવવા માટે આખા દેશમાં એકી અવાજે સતત માગણી થઈ રહી હતી. સરકારને છેવટે એ માગણીને નમતું આપવું પડ્યું છે અને જયપ્રકાશ આજે હિંદની પ્રજાને પુનઃ પ્રાપ્ત થયા છે. શ્રી જયપ્રકાશ નારાયણ-અથવા એમના મિત્રસમુદાયના લાડકા 'જે.પી.' પ્રત્યે જનતાની આટલી બધી લાગણીનું શું કારણ?

દેખાવે સૌમ્ય, શાંત અને ગંભીર દેખાતા જયપ્રકાશમાં શોષણના અંત અને શોષિતોના ઉત્થાન માટેની જે તમન્ના, જે આગ અને જે અદમ્ય ઉત્સાહ રહેલાં છે તેનો પ્રથમ નજરે ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે. હિંદની માત્ર ગુલામીને જ નહિ, પણ એ ગુલામીની સાથે સર્વ પ્રકારના શોષણને ભસ્મીભૂત કરવાની એકમાત્ર મહત્ત્વાકાંક્ષા એમણે પોતાની જિંદગીમાં સેવી છે અને એ મહત્ત્વાકાંક્ષા બર આવી હોય તો પ્રાણાર્પણ કરતાં પણ એ પાછું વાળીને જુએ તેમ નથી.

સરદાર વલ્લભભાઈની પેઠે શ્રી જયપ્રકાશ નારાયણ પણ એક ખેડૂતપુત્ર છે. ઈ. સ. ૧૮૯૮માં, બિહાર પ્રાંતના સારન જિલ્લાના સિતાબદિયારા ગામમાં, હરસૂ દયાલ નામના ખેડૂતને ત્યાં એમનો જન્મ થએલો. બિહારના સુપ્રસિદ્ધ ક્રાન્તિકાર કુંવરસિંહની કર્મભૂમિ શાહબાદ મુકામે જ એમનું બાળપણ પણ વીતેલું. પટણા આવી એમણે હાઈસ્કૂલનું શિક્ષણ લીધું. ત્યાં પોતાની તીવ્ર બુદ્ધિમત્તાથી શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓમાં માનીતા બની ગયા. મૅટ્રિકમાં મોખરે આવીને શિષ્યવૃત્તિ મેળવી પટણાની જ કૉલેજમાં એ જોડાયા. કૉલેજકાળ દરમ્યાન કેટલાક સુંદર નિબંધો માટે એમણે પારિતોષિકો મેળવેલાં સાહિત્ય પ્રત્યે એમનું વલણ ઘણું હતું અને કાવ્યો પણ લખતા. કૉલેજના ત્રીજા વર્ષમાં એ હતા એ વેળા અસહકારનું આંદોલન પૂર જોશમાં હતું; અને જયપ્રકાશે કૉલેજના પ્રિન્સિપાલથી વિરુદ્ધ જઈને પણ સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી. પરિણામે તેમને કૉલેજ છોડવી પડી ને યુનિવર્સિટી તરફથી મળતી શિષ્યવૃત્તિનો પણ ભોગ આપવો પડ્યો.

ચૌરીચૌરાના પ્રસંગ બાદ ૧૯૨૧માં ગાંધીજીએ લડત સ્થગિત કરી દીધી. જયપ્રકાશને એથી જબરો આઘાત લાગ્યો. અત્યંત હૃદયમંથન છતાં પોતાને ઊઠેલા સવાલોનો જવાબ એ ન મેળવી શક્યા અને ઈ. ૧૯૨૨ના એક દિવસે તેઓ એકાએક અમેરિકા જઈ પહોંચ્યા.

કૉલેજકાળમાં જેને સાહિત્ય પ્રિય હતું એ જયપ્રકાશ અમેરિકા ગયા હતા વિજ્ઞાનના અભ્યાસ માટે. સાયન્સના પ્રોફેસર થઈને દેશ આવીને આચાર્ય પી સી. રાયની માફક બિહાર કૅમિકલ્સ નામની જબરી સંસ્થા ઊભી કરવાના મનસૂબા સાથે એ અમેરિકા ગયા.

જીવનની શરૂઆતથી જ સ્વાવલંબનનો પાઠ શીખેલા જયપ્રકાશ ત્યાં પણ એ પાઠનો અમલ કરવા લાગ્યા અને જ્યારેજ્યારે પૈસા અને ફુરસદ મળે ત્યારેત્યારે યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનું અને નહિતર મજૂરી કરવાનું એમણે માથે લીધું; કારણ કે બીજા અનેકની પેઠે જબરી બૅન્કબૅલૅન્સ કે સ્કૉલરશિપોની સગવડ સાથે અમેરિકાનો પ્રવાસ એમણે નહોતો ખેડ્યો. ભણવાનું ખર્ચ કાઢવા ઘણીવાર તેમને ખેતરોમાં દસ દસ કલાક મજૂરી કરવી પડતી. મુરબ્બાના કારખાનામાં ડબ્બા ભરવાના કામથી માંડી હૉટેલના વેઈટર સુધીનું કામ તેમણે કર્યું. પ્રામાણિક શ્રમના કોઈ પણ કાર્યને એ ઊતરતું નથી ગણતા, અને એટલે તો સમાજનો નીચલો વર્ગ એમને અધિક પસંદ છે.

વિસ્કન્સિન યુનિવર્સિટીમાં એ હતા ત્યાં વિજ્ઞાનનો અભ્યાસ કરતાં જર્મન ભાષા શીખવાની એમને તક મળી. એ ભાષાના પ્રોફેસર સમાજવાદી હતા. અમેરિકા જેવા શ્રીમંત દેશમાં એક ગગનચુંબી મહાલયો ને બીજી બાજુ ગંદાં ને અંધારાં રહેઠાણોનું શું કારણ હશે એવો સવાલ કરતાં એ પ્રોફેસરે જવાબ આપ્યો, 'મૂડીવાદી સમાજરચનામાં ગરીબીના પ્રશ્નનો નિકાલ સંભવિત જ નથી.' ત્યારથી જયપ્રકાશ સમાજવાદ તરફ આકર્ષાયા અને વિજ્ઞાનનો અભ્યાસ છોડી તેમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા માંડ્યો. એ અભ્યાસ પર તેઓ કઈ કક્ષાએ પહોંચ્યા છે એ તો એમના સમગ્ર વ્યક્તિત્વને ખુદ ગાંધીજી તરફથી મળેલું આ પ્રમાણપત્ર દર્શાવી આપે છે: 'શ્રી જયપ્રકાશ નારાયણ સામાન્ય કાર્યકર નથી. સમાજવાદ પર એ એક અધિકારી વ્યક્તિ છે. પાશ્ચાત્ય સમાજવાદ સંબંધે એ જે ન જાણતા હોય તે હિંદમાં બીજું કોઈ પણ નહિ જાણતું હોય એમ કહી શકાય. એ જન્મજાત લડવૈયા છે. પોતાના દેશની મુક્તિ માટે સર્વસ્વનો એમણે ત્યાગ કર્યો છે. એમનો ઉદ્યમ અવિશ્રાંત છે. કષ્ટ સહેવાની એમની શક્તિ અદ્વિતીય છે.' જયપ્રકાશનું જીવન દુનિયાના અન્ય કોઈ પણ ક્રાન્તિકારી સાથે વધુમાં વધુ મળતું આવતું હોય તો તે આયર્લૅંડના એમન ડી વેલેરા સાથે.

અમેરિકામાં આઠેક વર્ષ રહીને પાંચેક યુનિવર્સિટીઓમાં એમણે અભ્યાસ કર્યો. અભ્યાસની શરૂઆત કરેલી ગણિતશાસ્ત્ર, પદાર્થશાસ્ત્ર તથા જીવશાસ્ત્રથી, અને સમાપ્તિ કરી સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા રાજનીતિશાસ્ત્રથી. આમ, વિજ્ઞાનના પ્રોફેસર થવા માટે અમેરિકા ગએલા જયપ્રકાશ સમાજશાસ્ત્રના પ્રોફેસર બની ૧૯૩૧માં તે હિંદ પાછા ફર્યા. આવીને કેટલોક સમય એ પ્રસિદ્ધ હિંદી ઉદ્યોગપતિ શ્રી બિરલાના પ્રાઇવેટ સેક્રેટરી રહ્યા, પરંતુ ક્રાન્તિકારી માનસના એ લોકોપાસક, લક્ષ્મીના ઉપાસક કે સેવક ન રહી શક્યા.

અમેરિકા જતાં પહેલાં એમનાં લગ્ન બિહારના પ્રસિદ્ધ નેતા કિશોરદાસજીનાં પુત્રી પ્રભાવતીદેવી સાથે થએલાં. પ્રભાવતીદેવીના જીવન ઉપર ગાંધીવાદી વિચારસરણીની ઘેરી અસર છે, એમનો ઘણો કાળ મહાત્માજીના આશ્રમમાં વીત્યો છે. રામગઢ કૉંગ્રેસમાં સ્વયંસેવિકાદલનાં એ પ્રમુખ હતાં. એમના આગ્રહથી જયપ્રકાશ અમેરિકાથી આવીને ગાંધીજીને મળવા ગયા. ત્યાં માલવીયજી સાથે એમનો ભેટો થયો અને તેઓ એમના કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાઇ ગયા.

લાહોર કૉંગ્રેસમાં પંડિત જવાહરલાલ સાથે નિકટ પરિચયમાં આવ્યા અને તેમણે મને કામદાર પ્રશ્નોના સંશોધન માટેના કૉંગ્રેસ દફતરમાં લઈ લીધા.

ઇ સ. ૧૯૨૯માં મૂડીવાદી સમાજરચનામાં આવેલી કટોકટીએ સઘળા દેશોમાં ક્રાન્તિકારી બળોને મુક્ત કરેલાં. હિંદમાં પણ ગાંધીવાદ સામેનો પ્રત્યાઘાત શરૂ થઈ ગયો હતો. હિંદની પ્રજામાં આંતરરાષ્ટ્રીય વિચારદૃષ્ટિ ઊઘડી હતી. ક્ષુધાર્તોની કૂચોના અને બેકારીની વૃદ્ધિ તથા તેનાં પરિણામોના હેવાલો વાંચીને એ વિચારવા લાગ્યા હતા કે બ્રિટન, જર્મની, અમેરિકા વગેરે સ્વતંત્ર દેશો હતા છતાં ત્યાં પણ આમ કેમ? એમને સમજાવા લાગ્યું હતું કે કોઈ પણ દેશને માટે કેવળ સ્વતંત્રતા જ એકલી પૂરતી નથી.

ત્યાર બાદ તો કૉંગ્રેસ ગેરકાયદે સંસ્થા જાહેર થઇ અને અનેક દેશસેવકોની માફક જયપ્રકાશનું સ્થાન પણ કારાવાસના સળિયા પાછળ નક્કી થયું. નાશિક સેન્ટ્રલ જેલમાં એમને શ્રી અચ્યુત પટવર્ધન, મીનૂ મસાણી, યુસુફ મહેરઅલી (અનુ૦ આગળ પૃષ્ઠ ૧૨૬મે)

'કુમાર'ના વાચકોના ચિરપરિચિત શ્રી શરદીન્દુ વંદ્યોપાધ્યાયની
એક વધુ નવા પ્રકારની અદ્ભુત વાર્તા



લીલાં ચશ્માં

બંગાળી ઉપરથી અનુવાદક · **રમણિક મેઘાણી**

★

'હું યે એક દિવસ તમારા જેવો નાસ્તિક હતો.' વરદા બોલ્યો. અમે સૌ ઉત્સુક બની ચૂપ રહ્યા, કારણ આવી પ્રસ્તાવના અમારે માટે નવી નહોતી.

ટેબલ પર લાંબા કરેલા પગ સરખા કરતાં વરદાએ શરૂઆત કરી: 'પણ એકવાર એક એવો બનાવ બની ગયો કે જેથી ભૂતવિષે અવિશ્વાસ કરવાનું મારે માટે શક્ય ન રહ્યું. ઘણા દિવસ પહેલાંની વાત છે. લગભગ દસ વરસ થયાં હશે. એવો ભયંકર અનુભવ જીવનમાં કદીયે નથી થયો. ટ્રેન નીચે ચગદાઇ જતાં પળવારમાં બચી ગયો હતો.'

વરદાએ ચિરૂટ કાઢીને ચેતાવી, ને પછી વાત શરૂ કરી: 'કયુલ જંકશન જેવું ભૂખડીબારશ સ્ટેશન કદાચ દુનિયામાં કયાંયે નહિ હોય. લૂપ લાઈનમાં ગમે તે બાજુએ જવું હોય પણ ઓછામાં ઓછા ત્રણ કલાકનો પોરો તો ત્યાં ખાવો જ પડે.

ત્યારે હું બી.એ. ની પરીક્ષા આપીને મામાને ઘેર ફરવા જતો હતો અલ્લાહાબાદ. મુંગેરથી સાંજના નીકળી રાત્રે આઠ વાગતાં કયુલ પહોંચ્યો. ત્યાં પશ્ચિમ તરફની ગાડી રાત્રે અગિયારે પહોંચતી, એટલે પુષ્કળ અવકાશ હતો. મારી સાથે માત્ર એક સૂટકેસ જ હતી. એ મજૂરને ભળાવી હું લાંબા કાંકરિયાળા પ્લૅટફૉર્મ ઉપર આંટા મારવા લાગ્યો. થોડી વારે ટ્રેન ચાલી જતાં સ્ટેશન તદ્દન ખાલી થઈ ગયું. ત્રણેક કલાક સુધી બીજી કોઇ ટ્રેન આવવાની નહોતી.

પણ તદ્દન ખાલીખમ્મ પ્લૅટફૉર્મમાં આંટા પણ કયાં સુધી મરાય? કલાકેક આંટા માર્યા પછી જોયું, તો કયાંય કોઇ જ ન દેખાયું. સ્ટેશન સ્ટાફ પણ મળેલી તકનો ઉપયોગ કરી ઊંઘ ખેંચી રહ્યો હતો. ગૅસના મોટાંમોટા લૅમ્પ જનવિહીન પ્લૅટફૉર્મને નાહકનું અજવાળતા હતા. થોડીવાર આ બાજુ એ બાજુ જોઇને હું યે પહેલા વર્ગના વેઇટિંગરૂમમાં જઇ ભરાયો. ધાર્યું' તું કે નિરાંતે એક ઊંઘ ખેંચી કાઢીશ.

વેઇટિંગરૂમમાં વચ્ચોવચ્ચ એક મોટું ગોળ ટેબલ હતું. એના ઉપર કૅરોસીનનો એક લૅમ્પ, ચારે બાજુ દસબાર ખુરશી અને બે આરામ ખુરશી પડી હતી. ખુરશી પર બેઠાબેઠા એક સજ્જન ઝોલાં ખાતા હતા. એમની સામેજ ટેબલ ઉપર એક હૅન્ડબેગ પડી હતી. હું અંદર પ્રવેશતાં જ એમણે ચમકીને ઝટપટ એ પોતાની પાસે લઈ લીધી.

બીજું કોઇ વેઇટિંગ રૂમમાં હશે એમ મેં નહોતું માન્યું. સંકોચ ટાળી એક ખુરશીને નજીક ખેંચી હું બેઠો, ને એ સજ્જન તાકીને મારા તરફ જોઇ રહ્યા. એ પ્રૌઢ જણાતા હતા. ખાસ્સાં યુરોપિયન ઢબનાં કોટ–પાટલુન પહેરેલાં હતાં અને મઝાની દાઢી રાખી હતી. છતાં એ બંગાળી હોય એવી શંકા થઈ. જરા અચકાતાં અચકાતાં પૂછ્યું, 'કઈ બાજુ જઈ રહ્યા છો મોશાય?'

એમણે બૅગ ઉપાડી પોતાના ખોળામાં લીધી અને એ રીતે મારી સામે જોયું કે જાણે હું એમની એ બૅગ ચોરી જવા જ ત્યાં પ્રવેશ્યો ન હોઉં? ને પછી સાવધ ભાવે એમણે કહ્યું, 'હું વિલાયત જાઉં છું.'

થોડીવાર અવાક રહી મેં કહ્યું, 'એમ?'

એ ફરી બોલ્યા, 'હું વિલાયત જાઉં છું; તમે?'

શરમાઇને મેં કહ્યું, 'હું તો આ અહીં–અલ્લાહાબાદ જાઉં છું.'

'અલ્લાહાબાદ? અલ્લાહાબાદમાં શું કરો છો?'

'કંઇ જ નહિ. મામાને ત્યાં ફરવા જાઉં છું. તમે કયારે યે અલ્લાહાબાદમાં રહ્યા છો કે શું?'

એમની ઘણીયે ચિન્તા ઓછી થઇ ગઇ હોય એમ લાગ્યું. નિરાંતનો એક શ્વાસ મૂકી એ બોલ્યા, 'ત્યાંની લિટન કૉલેજમાં હું ફીઝિક્સનો પ્રોફેસર હતો. મારૂં નામ વિરાજમોહન સેન.'

વિરાજમોહન સેન! આ નામ તો મારૂં ખૂબ પરિચિત હતું. મામા પાસે ઘણી યે વાર એમના વિષે સાંભળ્યું હતું. વિરાજબાબુ એક વિખ્યાત પ્રોફેસર હતા, પણ ઓચિન્તાનું મગજ ખરાબ થઈ જતાં એમને રાજીનામું આપવું પડેલું. હું ચમકી ઊઠયો ને પછી નિહાળીનિહાળીને એમને જોઈ રહ્યો; પણ મોં પર મગજ ખરાબ હોવાનાં કંઈ જ લક્ષણો જણાયાં નહિ. એમનું મોટું કપાળ બુદ્ધિ અને વિદ્વત્તાનો પરિચય આપતું હતું. લાંબું વાંકું નાક, અને ગાંડપણના નામનિશાન વિનાની સુંદર નિર્મળ દૃષ્ટિ જોતાં એમનામાં ઘેલછા કે ગાંડપણ હોય એમ માની જ ન શકાય. મેં કહ્યું, 'મેં આપનું નામ સાંભળ્યું છે. મારા મામા આપના વિદ્યાર્થી હતા.'

'ઓહ! એમ કે? શું એમનું નામ?'

મેં નામ દીધું કે તુરત એ કુદકો મારતા બોલ્યા. 'શું? શૈલ નીરજ! વાહ! એને તો સારીરીતે ઓળખું છું. તમે એના જ ભાણેજ? સારૂં સારૂં. બહુ આનંદ થયો.' કહી એમણે પેલી બૅગ ફરી ટેબલ પર મૂકી દીધી.

મને જરા હસવું આવ્યું. મેં પૂછ્યું, 'તમારી આ બૅગમાં કંઈક કિંમતી ચીજ છે, નહિ?'

'કિંમતી?' જરાવાર રહીને એમણે કહ્યું, 'હા, એમ કહી શકાય. બલ્કે ખરી રીતે તો એના જેવી કિંમતી બીજી ચીજ જ દુનિયામાં નથી.'

મેં આશ્ચર્ય પામી પૂછયું, 'એવી તે શી ચીજ છે?'

એ ધીમેધીમે બોલ્યા, 'એક ચશ્માં છે. વિલાયત જાઉં છું, સર ઑલિવર લૉજને એ દેખાડવા.'

મને વધુ આશ્ચર્ય થયું. પૂછ્યું, 'ચશ્માં! સર ઑલિવર લૉજને દેખાડશો? કેવાં ચશ્માં?'

એ જવાબ આપતા આપતા અટકયા. થોડીવાર માથું નીચું કરી વિચાર્યા બાદ ઓચિંતું ઊંચું કરી મને પૂછ્યું. 'તમે ભૂતમાં માનો છો?'

'ભૂત?'

'હા, પ્રેતયોનિ.'

મને લાગ્યું કે એમનું મગજ ખરાબ થયાની વાત તદ્દન ખોટી તો નથી લાગતી. નહિ તો આવો વિદ્વાન વિજ્ઞાનશાસ્ત્રી આવી વાતો

કરે? મેં કહ્યું 'નરી આંખે જોઇ ન શકાય એવી ચીજમાં હું નથી માનતો.'

એ જરા હસ્યા: 'નરી આંખે દેખાય નહિ તેવી વસ્તુમાં ન માનતા હો તો તો દુનિયાની ઘણીખરી ચીજોનો તમારે અવિશ્વાસ કરવો પડશે. એક બિન્દુ જેટલા પાણીમાં લાખો-કરોડો બીજાણુ હોય છે તે ઓછા જ નરી આંખે દેખાય છે? માઇક્રોસ્કોપ દ્વારા જ એ જોઈ શકાય છે. એકસ રે દ્વારા જીવતા માનવના શરીરનું અસ્થિપિંજર જોઇ શકાય છે;—નરી આંખે એ જોઈ શકાય છે ખરું?'

મેં કહ્યું, 'એ ખરું, પણ ભૂત તો માઈક્રોસ્કોપ કે એકસ રે દ્વારા યે ક્યાં જોઈ શકાય છે?'

એ ફરી હસ્યા. ગહન રહસ્યમય હાસ્ય હતું એ. ને પછી બોલ્યા, 'એ ખરું; પણ નરી આંખે યે ભૂત ઘણાંએ જોયાં છે.'

'એ લોકો કાં પાગલ હશે, કાં ઠગ હશે.' મેં ઉત્તર આપ્યો

ને ગંભીર થઈને એ બોલ્યા, 'દુનિયામાં બધાને જ ઠગ યા પાગલ નહિ કહી શકાય. સાચા માણસો પણ છે. શિશિરકુમાર ઘોષ ન હતા ઠગ કે નહોતા પાગલ. પણ અત્યારે તમારી ઊગતી ઉમર છે, એટલે નાસ્તિકતા જ તમારો ધર્મ છે. હું યે એક વખત તમારા જેવો જ શેમાંયે ન માનનારો હતો. વધુ વખત નથી થયો. બે વર્ષ પહેલાં ભૂતની વાતમાં હું ઘોર અવિશ્વાસ કરતો. જરાયે ન માનતો. પણ એ પછી ઓચિંતાનો એક દિવસ ગજબ પલટો આવ્યો. અજાણ-પણે એક અદ્‌ભુત વસ્તુ મેં શોધી કાઢી, ને ત્યારથી મારો જીવન-પ્રવાહ જ પલટાઇ ગયો.

'શું શોધ્યું?'

એક ચશ્માં.બાઇનોક્યુલરના લેન્સ પણ કહી શકો.'

'એ ચશ્માં જ આ બૅગમાં છે શું?' મેં ઉત્તેજિત થઇને પૂછ્યું.

'હા.'

'શી વાત છે? મને વિગતવાર જણાવશો? બહુ કુતૂહલ થયું છે.'

એમણે કહ્યું, 'બીજાઓ પાસે એની વાત કહીકહીને એટલો તો હાસ્યાસ્પદ ને હેરાનપરેશાન થયો છું કે હવે કોઈને કંઇ કહેવા મન નથી થતું. પણ ખેર, જ્યારે તમે આગ્રહ જ કરો છો ત્યારે સાંભળો:

હું વિજ્ઞાનનો પ્રાધ્યાપક છું. વિજ્ઞાનના પ્રદેશમાં વાતો, તરંગો કે કલ્પનાને સ્થાન નથી. ત્યાં તો નીરસ, નક્કર, નઠોર સત્ય ઉપર જ બધો વ્યવહાર છે. પરિણામે ભૂત-પ્રેત વિષે મારા મનમાં વિરોધ-ભાવ જ હોય એ સહેજે સમજી શકશો. વિચારી જુઓ: વિના શંકા-સંદેહ ભૂતપ્રેતમાં માણસ માનવા માંડે એવું કંઈ નક્કર પ્રમાણ આજ સુધી ક્યાંયે રજૂ થયું છે ખરું? બધું જ ઝાંખુંઝાંખું, ધૂંધળું, અનિશ્ચિત. કો'કકો'ક વિજ્ઞાનીઓ એમાં માને છે ખરા; છતાં વિજ્ઞાન ભૂતપ્રેતને સ્વીકારતું નથી. વિજ્ઞાન તો નક્કર સત્યમાં માને છે. અસ્પષ્ટ-ધૂંધળાપણામાં એ નથી માનતું.

હું યે સદા ભૂતપ્રેતની વાતને ઠઠ્ઠામાં જ ઉડાવતો. કૉનન ડૉઈલ અને ઑલિવર લૉજને હું પાગલ કલ્પનાકારો જ માનતો. કદી યે ધાર્યું નહોતું કે હું જ એક દિવસ લોકોને મારી વાતમાં માનતા કરવા દોડાદોડી કરતો ફરીશ અને લોકો મને પાગલ ગણી મારી વાતને હસી કાઢશે.

બે વર્ષ પહેલાં લૅબૉરેટરીમાં બેઠોબેઠો દૂરબીનના લેન્સનો નવો અખતરો કરતો હતો. એક મોટો લીલા રંગનો ક્રિસ્ટલ એકવાર મળી આવેલો. એના વડે મેં આપમેળે કેટલાક લેન્સ તૈયાર કર્યાં હતા. યાન્ત્રિક મદદ વિના હાથે ઘસીઘસીને લેન્સ બનાવવા એ સહેલી વાત નથી. એક તો સમય ઘણો લાગે; ઉપરાંત દર વખતે બરાબર થાય પણ નહિ. વાંકાચૂંકા થવાના જ. પણ મને ધૂન હતી એટલે મેં જાતે જ એ બનાવેલા.

એક દિવસ બપોરે, કામ કેવુંક થયું છે તે જોવા હું એને ફ્રેમ પર ચડાવીને જોતો હતો. ખરા બપોર હતા. બીજું કોઈ જ ત્યાં હતું નહિ. બારણું વાસીને હું એકલો જ બેઠોબેઠો પ્રયોગ કરતો હતો. પણ ચશ્માં આંખે ચડાવીને આંખ ઊંચી કરતાં જ જોયું તો કોક બરાબર મારી સામેની ખુરશીએ બેઠુંબેઠું એકીટશે મને નિહાળી રહ્યું હતું! એ કોઈ અંગ્રેજ જણાતો હતો. એકદમ ગુલાબી રંગ, ને મોં પર અણિયાળી દાઢી. ને અજબ હતી એની વેશભૂષા. મધ્ય યુગમાં યુરોપમાં જે પ્રકારનો મખમલનો પોશાક પહેરાતો, તેવો જ એણે પહેર્યો હતો. મેં ગભરાઇને તુરત ચશ્માં ઉતારી નાખ્યાં અને જોયું. તો ક્યાંય કોઈ જ ન જણાયું. ખુરશી ખાલી પડી હતી!

થોડી વાર સુધી તો મને કંઇ જ સમજાયું નહિ. પછી ફરી ચશ્માં ચડાવી જોયું તો એને બંધ દરવાજામાંથી બહાર ચાલ્યો જતો દીઠો!'

'એવો અણધાર્યો આ બનાવ હતો કે એ વાતને બરાબર પચાવ-તાં કેટલાક દિવસ વીતી ગયા. છેવટે સમજ્યો કે એ ભૂલ-ભ્રાન્તિ નહિ પણ સાચું જ હતું કે મેં અજાણપણે એક અદ્‌ભુત ચીજની શોધ કરી હતી, કે જેની મદદથી સૂક્ષ્મ દેહનું પ્રત્યક્ષદર્શન પણ શક્ય બનતું હતું!

આ શોધનો ઉપયોગ શો? પ્રથમ તો એ વિચારી જ ન શક્યો. છેવટે નક્કી કર્યું કે પ્રિન્સિપાલને પૂછી જોવું. ગયો એમની પાસે. જરા ઉત્તેજિતપણે મારી શોધની વાત કરી. થોડી વાર મારી સામે જોઈ રહીને એમણે કહ્યું, સેન, તમારી તબિયત બરાબર નથી જણાતી. થોડા દિવસની રજા લઈ આરામ લો.

એમની પાસેથી નિરાશા લઇ પાછો ફર્યો. એ પછી મિત્ર પ્રાધ્યા-પકોમાં વાત કરી. એમણે સૌએ પણ રજા લઈ થોડા દિવસ આરામ કરવા સૂચવ્યું. ગજબ છે આપણે ત્યાંનું લોકમાનસ! કોઇએ મારી વાતની ખાતરી કરવા પૂરતી તે ચીજ જોવા પણ માગી નહિ.'

મરણિયા થઇને મેં યુનિવર્સિટીના વાઈસ ચાન્સલરને એક વિનતિ કરી. બધી વાત જણાવીને લખ્યું કે તેઓ ઇચ્છશે તો બધાની સામે મારી શોધ પ્રયોગ સહ રજૂ કરવા હું તૈયાર છું.

અઠવાડિયા પછી જવાબ મળ્યો. એ દરમ્યાન મારી પાગલાઈની વાત ચારે બાજુ પ્રસરી ગઇ હતી. વાઇસ ચાન્સલરે નમ્રપણે મને જણાવ્યું કે તમે જો રાજીનામું આપવા ઈચ્છશો તો તુરત જ અમે તે સ્વીકારી લઈશું. ને રોષે ભરાઇને મેં નોકરી મૂકી દીધી.

એ પછી હિંદુસ્તાનના સારા ગણાતા તમામ વૈજ્ઞાનિકોને દરવાજે દરવાજે આ ચશ્માં લઇને હું ફરી વળ્યો. વિશ્વવિખ્યાત ગણાતા વૈજ્ઞાનિકો પાસે પણ જઈ આવ્યો. પણ બધાએ એક જ જવાબ આપ્યો છે. કો'ક હસ્યું છે, કો'કે હાંકી કાઢ્યો છે, તો કોઇએ વળી વખત નથી કહીને ટાળ્યો છે, પણ મારી વાતની સત્યાસત્યતા જાણવાનું કુતૂહલ કોઇને નથી થયું.

ને મેં જ્યારે જોયું કે અહીં કોઇને આ મહામૂલી શોધની કદર નથી—આ શોધનો મર્મ સરખો જાણવાની યે કોઇને પડી નથી, ત્યારે મેં નક્કી કર્યું કે વિલાયત જાઉં. ત્યાં ઓછામાં ઓછો એક માણસ તો એવો છે જ કે જે પ્રકૃત્તિનાં તત્ત્વો શોધવા મથે છે; અને તે મારી વાત સાંભળ્યા વિના, મારી શોધ જાણ્યા સિવાય, એની સત્યાસત્યતાને ચકાસ્યા વિના તો મને પાછો નહિ જ કાઢે.

દરમ્યાન એક અદ્‌ભુત વાત બનવા લાગી. કહીશ તો તમને માન્યામાં નહિ આવે. પણ એ ચશ્માં ઉપર વિવિધ જાતના અલૌકિક હુમલાઓ થવા શરૂ થયા. પ્રેતલોકની જવનિકા માણસની આંખ

આડેથી દૂર સરી જાય એ કદાચ ઇચ્છનીય નહિ હોય. એથી રોજ એ ચશ્માં પર નવાનવા હુમલા થવા માંડયા. કયારેક વિનાકારણે એ હાથમાંથી પડી જતાં, કયારેક બૅગ સહિત ટ્રેનમાં ભુલાઈ જતાં, કયારેક કયારેક ચોરાઈ પણ જતાં. અને હવે તો જ્યારે પણ એ પહેરીને જોઉં છું ત્યારે પ્રેતોનાં ટોળેટોળાં મને ભયભીત કરી મૂકે છે. ચશ્માં ભાંગી નાખવાની ચેષ્ટાઓ કરે છે—ધમકી આપે છે. એક વાર એક અદૃશ્ય હાથે મારા વાળ ખેંચી મને એવો તો આંચકો માર્યો કે આંખ પરથી ચશ્માં નીચે સરી પડયાં. સદ્ભાગ્યે નીચે શેતરંજી હતી, નહિતો તે દિવસે જ એ ખતમ થઇ જાત. ખેર. ઘણું-ઘણું વેઠીને, પુષ્કળ પ્રયત્ને આજ સુધી એને સલામત રાખી શકયો છું. ખબર નથી કે સર ઑલિવર લૉજના હાથમાં હું એને સલામત પહોંચાડી શકીશ કે નહિ. કારણ એ એકવાર ભાંગ્યા પછી ફરી તૈયાર થવાં સંભવિત નથી. આ તો કુદરતની એક Freak—વિચિત્રતા છે. એની આબેહૂબ નકલ કદીયે બની જ ન શકે.'

એમની આ અજાયબીભરી વાત આટલી વિગતથી સાંભળ્યા પછી મારી અશ્રદ્ધા વધુ ન ટકી. થોડી વાર ચૂપ રહી હું બોલી ઊઠયો, 'વાહ, તમારાં આ ચશ્માં આંખે ચડાવતાં તુરત જ ભૂત દેખાશે?'

'ચોક્કસ! નક્કી દેખાશે.'

'તો પછી મને એક વાર એ બતાવી શકશો?'

'બેશક.' ને બૅગ પોતાની પાસે ખેંચી એ બોલ્યા, હું તો એ માટે આતુર થઇ ફરતો ફરું છું, પણ દુર્ભાગ્યે કોઇએ જોવા જ નથી ઈચ્છતું.'

એમણે બૅગ ઉઘાડી, રૂની ગાદીવાળા એક બાકસમાંથી ખૂબ જ કાળજીપૂર્વક એક નાનું પાકીટ કાઢયું. ને એમાંથી મજબૂત ફ્રેમવાળાં ચશ્માં—સામાન્ય ચશ્માં નહિ, પણ બાઇનોકયુલર-ચશ્માં—બહાર કાઢયાં. એમાં લીલા કાચ બેસાડેલા હતા. એમણે જાતે જ ઊભા થઇને તે મારી આંખ પર ચડાવી દીધાં.

શરૂઆતમાં તો કંઈજ ન દેખાયું. માત્ર લીલો ધુમાડો. વિરાજબાબુ ફ્રેમની બાજુનો સ્ક્રૂ ફેરવતાફેરવતા ધ્રૂજતે સાદે બોલ્યા, 'કંઇ દેખાય છે?—હવે?—હવે?'

ધીરે ધીરે સાફ દેખાવા માંડયું. ધુમાડો જાણે ધીમે ધીમે ચાલ્યો જતો હતો. ને પછી સ્પષ્ટપણે બધી ચીજો દેખાવા લાગી.

ઓરડામાં કેરોસીનનો જે લૅમ્પ જલતો હતો એનો પ્રકાશ તો સાધારણ જ હતો, પણ ચશ્માં વાટે જોતાં ઓરડામાં અનેકગણો વધુ પ્રકાશ દેખાયો,—ઝળહળતો અને મુલાયમ. એ કયાંથી આવતો હતો તે જાણી ન શકાયું. ચારે બાજુ એ એકસરખો પડતો હતો. કયાંય છાયા જણાતી નહોતી. કદાચ પ્રેતલોકનો પ્રકાશ જ એ હશે!

એ પ્રકાશમાં મેં જે જોયું તેથી હું એવો તો ચમકી ગયો કે થોડીવાર માટે મારૂં હૃદય તદ્દન સ્તબ્ધ જ થઈ ગયું. મેં જોયું: ટેબલની ચારે બાજુએ ચિત્રવિચિત્ર જાતનાં ટોળાંબંધ માણસો ઉભરાતાં હતાં, અને એમની પાછળ પણ માથાંઓ પછી માથાંઓ; બસ માથાં જ માથાં. ઓરડામાં એક તલ મૂકવા જેટલી પણ જગ્યા નહોતી. ને એ બધા જ તીણી નજરે એકી ટશે મારી સામે જોઈ રહ્યા હતા!

'દેખાય છે ને?' વિરાજબાબુએ પૂછયું.

પણ મોંમાંથી સાદ નીકળે તો જવાબ આપું ને? જમણી બાજુ માથું ફેરવીને જોયું તો મારી સાથે ઘસાઇને ઊભું ઊભું એક ભૂત મારી સામે જ જોઈ રહ્યું છે! ડાબી બાજુએ જોયું તો ત્યાં પણ તેમજ. મારા માથાના વાળ શાહુડીના શૂળાની જેમ ઊભા થઇ ગયા. હૃદય ફરી ચાલુ થઇ ધડાક્ ધડાક્ કરવા લાગ્યું.

એ ભૂતોના કેટલા પ્રકારના ચહેરા હતા તે વર્ણવી શકું તેમ નથી. અંગ્રેજ, ચીના, હિંદી, જાપાની અને સીસમવર્ણા સીદી પણ એમાં દેખાતા હતા! સૌ ભેદભાવ વિના સાથે મળ્યા હતા. દૂબળો—પાતળો એક જનોઈધારી બ્રાહ્મણ અને વિચિત્ર ટોપીવાળો સોળમી સદીનો એક અંગ્રેજ બાજુબાજુમાં ઊભા હતા. સૌની આંખો મારા પર ખોડાએલી જોઇ. થયું કે એમાંનું કોઈ મારાથી રાજી નથી. જાણે અધિકારી થયા પહેલાં જ હું એમના રાજ્યમાં ઘુસી ગયો છું. ને એથી એ સૌ મારા પર ગજબના ચિડાએલા જણાતા હતા.

ધીરે ધીરે એ બધાં ચર્ચાએ ચડયાં હોય એમ જણાયું. કાને કંઇ સંભળાતું નહોતું, છતાં મોં અને હાથપગના ચાળા જોઇને અણસાર આવતો હતો. તેઓ ખૂબ ઉત્તેજિત થઇને ચર્ચા કરતા હતા. અને હું જ એનો કારણભૂત હતો એમાં પણ સંદેહ નહોતો. આખરે પેલો દુર્બળદેહી જનોઇધારી મારી તરફ હાથ ચીંધી અત્યંત તિખાશથી કંઇક બોલવા લાગ્યો. પણ કંઇ પરિણામ ન આવ્યું. એણે કહ્યું તેનો એક અક્ષર પણ હું સાંભળી ન શકયો.

આ બધું જોતાં જોતાં મારા મનની દશા કેવી થતી હતી તે વિષે લંબાણ નહિ કરૂં. ચશ્માં દ્વારા જોતાં જ આ ભૂત-રાજ્ય દેખાય છે, અને ચશ્માં ઉતારી નાખતાં એ કંઇ જ નહિ દેખાય એ વાત જ સાવ ભૂલી ગએલો હું, જાણે નિર્જન મનુષ્યહીન કો'ક જગ્યાએ, ટોળુંએક ભૂતની વચ્ચે આવી ચડયો હતો! તેઓ ટોળે વળી ઘેરીને મને બેઠા હતા ને મારા ભાગ્યનો નિર્ણય કરતા હતા!

એમની ચર્ચા ક્રમશઃ ઉગ્ર બન્યે જતી હતી. મારા મનમાં થયું, જાણે એ લોકો કંઈક ગજબનો ફેંસલો કરશે. મારામાં જે રહીસહી બુદ્ધિ હતી તે પણ એ જોઇને ગુમ થઇ ગઇ. ચશ્માં ઉતારતાંજ આ ભય દૂર થઇ જાત. પણ એમ ન કરતાં હું ધ્રૂજતોધ્રૂજતો જ ઊભો થયો.

ને મારી સાથોસાથ એ બધા પણ ઊભા થયા. તે પછી કોઈ ભયંકર નિર્ણય કરીને ધીરેધીરે તેઓ મારી નજીક આવવા લાગ્યા. હું વધુવાર ચૂપ રહી ન શકયો. એક કારમી ચીસ પાડી હું બારણાં તરફ નાઠો.

પ્લૅટફૉર્મ તરફ નાસતાં નાસતાં જ મોં ફેરવી મેં પાછળ જોયું, તો એ બધા પણ ટોળું વળીને મારી પાછળ દોડયા આવતા હતા. એ જ વખતે એક જબ્બર હો-હા કરતો અવાજ કાને પડયો: 'ખબરદાર!' 'હોશિયાર!' 'ટ્રેન આતા હય!' ને સાથોસાથ સપાટાબંધ ચાલી આવતી ટ્રેનનો અવાજ કાને આવ્યો!

વેગમાં ને વેગમાં હું પ્લૅટફૉર્મના કિનારા પાસે પહોંચી ગયો હતો. પણ ત્યારે જ એક જબ્બર પ્રયત્ન કરીને મેં મારી જાતને સંભાળી લીધી. વરાળ કાઢતું ધખધખતું એન્જીન ફૂંફાડા મારતું મારા નાક સામેથી પસાર થઈ ગયું!

ભીષણ આંચકો મારીને મેં મારા દેહને તો જાળવી લીધો, પરંતુ પેલાં ભારે ચશ્માં નાક પરથી છટકીને જઇને બરાબર પડયાં રેલ્વે લાઇન પર; ને ટ્રેન છુકછુક કરતી એનો કડૂસલો બોલાવતી ચાલી ગઇ!

મારા હાથપગમાં રામ નહોતા. અવશ બની હું પ્લૅટફૉર્મની કાંકર ઉપર જ ફસડાઈ પડયો. ચેતનાં જવા લાગી હતી. માથામાં સમ્ સમ્ થતું હતું. એ સ્થિતિમાં હું ધીમે ધીમે અવાજો સાંભળતો હતો: ઊભી રહેતી ટ્રેનનાં પૈડાં અને લોહ-લક્કડના અવાજ!

થોડી પળો પછી ભાનમાં આવતાં જોયું તો મારી ચારે બાજુ પુષ્કળ લોકો ટોળે વળ્યા છે, ને વિરાજબાબુ પાગલની જેમ મારા બંને ખભા હચમચાવતા મને કહી રહ્યા છે કે 'આ શું કર્યું? મારાં ચશ્માં કયાં? મારાં ચશ્માં....'

ને હવે બેભાન બનવામાં જ સાર છે એમ સમજી હું ફરીને બેભાન બની ઊંઘી ગયો!

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર : ગનુ રતિલાલ શ્રૉફ, કોટબારણા, જંબુસર (ભરૂચ)—

27B Lastmakaregatan
STOCKHOLM (Sweden)

પ્રિય મિત્ર, માર્ચ ૧૦, ૧૯૪૬

થોડા દિવસ પર મળેલા ૨૨મી ફેબ્રુઆરીના તમારા માયાળુ પત્ર માટે હું તમારો ઘણો આભારી છું. 'માઇ ફ્રેન્ડ એબ્રૉડ' વિભાગ-માંના તમારી ઉમરના કોઈ સભ્યને હું તમારૂં નામ-સરનામું મોક-લીશ, ને નજીકના દિવસોમાં તમને તેના તરફથી પત્ર અવશ્ય મળશે.

'માઈ ફ્રેન્ડ એબ્રૉડ'માં ઘણા સભ્યો છે: ૧,૦૦૦ સ્વીડનમાં અને ૨,૦૦૦ ઉપરાંત પરદેશમાં. છતાં હિંદમાં અમારે બહુ ઓછા સભ્યો છે. એટલે સ્વીડન સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છતા ૧૫ વરસ અને તેની ઉપરના કુમારોનાં હજી બીજાં નામ-સરનામાં તમે મને મોક-લશો તો આનંદ થશે. હાઇસ્કુલમાં—ને કૉલેજમાં પણ—તમારે ઘણા મિત્રો હશે. એમાંથી નીચે જણાવ્યા મુજબની વયના કુમારોનાં નામ–સરનામાં મને મોકલશો તો તમારો ઘણો આભાર માનીશ: ૧૫ વર્ષની વયના ૧૦; ૧૬ થી ૧૭ની વયના ૧૦; ૧૮ થી ૧૯ના ૧૦; ૨૦થી ૨૧ના ૧૦; ૨૨ થી ૨૩ના ૧૦; ૨૪ થી ૨૫ના ૧૦.

હિંદમાં પત્રમિત્રો મેળવવા સ્વીડનમાં ઘણા સભ્યો ઇંતેજાર છે, એટલે ઉપર મુજબના કુમારોનાં નામ-સરનામાં, વય ને તેમના રસ-ના વિષયોની યાદી મને વળત વિમાની ટપાલથી મોકલી આપશો.

તમારા પત્ર પરથી જાણું છું કે તમે ટિકિટો સંઘરો છો. આ કવર તો હું વિમાની ટપાલથી મોકલતો હોવાથી, હું દિલગીર છું કે એની અંદર તો કોઈ બીડી નહિ શકાય, પણ તેના કવર ઉપર કેટલીક સુંદર ટિકિટો હું લગાડીશ. અને ઉપર માગ્યા મુજબનાં નામ–સરનામાં તમે મને મોકલશો, એટલે હું તમને સ્વીડનની ટિકિટોનું એક મોટું પડીકું મોકલીશ. તમારા પત્રની આતુરતાથી રાહ જોતો,

તમારો સ્વીડિશ મિત્ર
Karl Gunnar Knutsson

તા. ક. તમે ઇંગ્લંડ અને અમેરિકામાંના અમારા થોડા સભ્યોનાં નામ-સરનામાં માગેલાં, તે આ રહ્યાં: (૧) Ralph Reginald Seavers, P.O. Box 127, UPLAND (Indiana–U.S.A.); (૨) C. W. Lowell, 54 Walter Street, WEST BROMWICH (Staffs. England); (3) Kathryn Kaneshiro, 1418 Alani street, HONOLULU, T.H. (U.S.A.)

આ બધા જ ટિકિટો સંઘરે છે. એમને લખો ત્યારે જણાવજો કે તમને એમનાં સરનામાં સ્વીડનના 'માઈ ફ્રેન્ડ એબ્રૉડ' તરફથી મળ્યાં છે.

પરદેશનાં પત્રમિત્રોનાં નામ–સરનામાં વિષે

નવાં પત્રમિત્રો થવા ઇચ્છનારાઓ તથા બીજાઓ તરફથી વારં-વાર અમારી પાસે યુરોપ–અમેરિકાનાં તેમજ બીજા દેશોનાં પત્ર-મિત્રોનાં નામ–સરનામાંની માગણી આવ્યા કરે છે; પરંતુ જેમના પત્રો 'કુમાર'માં પ્રકટ થાય છે (અને તેમનાં સરનામાં તો એ પત્રોને મથાળે હોય જ છે) તે સિવાય બીજા કોઈનાં નામ–સરનામાંની માહિતી અમારી પાસે નથી. માટે ઇચ્છુકો 'કુમાર'માંનાં સરના-માંનો જ ઉપયોગ કરીને સંતોષ મેળવે, અગર 'કુમાર'માં પ્રકટ થતાં હિંદનાં પત્રમિત્રોના નામમાંથી ઇષ્ટ જણાય તે ચૂંટીને તેમની પાસેથી મેળવે. આ વિષયમાં સહાયરૂપ થવા અમે એટલું કરીશું, કે જે કોઈ પત્રમિત્રો પાસે પશ્ચિમી પત્રમિત્રોનાં નામ–સરનામાં હોય તેઓ જો અમને તે મોકલતા રહેશે તો તે 'કુમાર'માં પ્રકટ કરતા રહીશું. એવા પ્રકારનો એક પત્ર આ ઉપર પ્રકટ કર્યો છે. —તંત્રી

નવાં પત્રમિત્રો

(૧) ઝરીન ખંભાતા, C/o તાહેરભાઈ ખંભાતા, ૧૦૮ પાકમોડયા સ્ટ્રીટ, ઇમામવાડાની બાજુમાં, મુંબાઇ-૩; (૨) સકીના એસ. માલા, ૨૦૭ ડૉકટર સ્ટ્રીટ, ત્રીજે માળે, મુંબાઇ–૩; (૩) અસગરઅલી માલા, હુસેની બિલ્ડિંગ, નળબજાર સામે, ત્રીજે માળે, મુંબાઇ–૩; (૪) મિસ રોશન રહેમતુલા ભાણજી, પો. બૉ. ૧૧૬, મૉમ્બાસા–બ્રિ. ઈ. આફ્રિકા; (૫) હર્ષદરૉય ગાંધી, બૉકસ ૬૯, દારેસ્સલામ–બ્રિ. ઈ. આફ્રિકા; (૬) સુરેશ મહેતા અને (૭) સુધા મહેતા–બંનેનાં સરનામાં C/o મનહરલાલ ડી. મહેતા, ૧૪ ફ્રેંચબ્રિજ, ચોપાટી મુંબાઈ ૭; (૮) સૂર્યકાન્ત ચૌધરી, વિઠ્ઠલચોક, સાવલી (વડોદરા ડી.); (૯) પંડિતરાવ રાવલ P. O. Kakira–યુગાન્ડા–બ્રિ. ઈ. આફ્રિકા; (૧૦) દિવ્યબહેન રાવલ, સરનામું નં. ૯ મુજબ; (૧૧) ચંદ્રકાન્ત મોહનલાલ ગિલ્ડર, ૩૦૪ ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ; (૧૨) રાજાભાઈ ખેરાજભાઇ બાદીવાળા, ભોજેશ્વર પ્લૉટ, પોરબંદર; (૧૩) શૌકતઅલી વી. દીવવાલા, ૨૩ દાદાભાઈ રોડ, અંધેરી–મુંબાઇ; (૧૪) ચંદ્રકાન્ત પટેલ, બહુચરાજી શેરી, વાંકાનેર–કાઠિયાવાડ; (૧૫) રસિકલાલ કે. જાદવ, પો. બૉ. ૩૮૨, દારેસ્સલામ–બ્રિ. ઇ. આફ્રિકા; (૧૬) જશવંત શાહ, બેકર ઍન્ડ કં., ઉમરીગર બિલ્ડિંગ, પહેલે માળે, ક્રાફર્ડ માર્કેટ, મુંબાઈ; (૧૭) જયસિંહ કાપડિયા, ૯૧ નેપીઅન સી રોડ, મુંબાઈ; (૧૮) અચ્યુત શાહ, મહાલક્ષ્મી સ્ટોર્સ, મોહન મૅન્શન, દેશળ બજાર, કરાંચી; (૧૯) મુકુંદરાય ટી. સોમપુરા, મુકુંદ નિવાસ, ગોરાવાડી, પાલીતાણા; (૨૦) રૂપસિંહ આર. જાડેજા, પો. બૉ. બૉકસ નં. ૩૨૫, મૉમ્બાસા–બ્રિ. ઇ. આફ્રિકા; (૨૧) હીરાલાલ શાહ, આનંદાશ્રમ, જનરલ પોસ્ટ ઑ. પાછળ રાવપુરા, વડોદરા; (૨૨) એચ. એફ સોલંકી, ન્યાસા લૅન્ડ રેલવેઇઝ, Limbe–ઇ. આફ્રિકા; (૨૩) મુરાદઅલી એચ. ખેરાજ, ટાવરરોડ, બોટાદ–કાઠિયાવાડ; (૨૪) મહેન્દ્રકુમાર ભટ્ટ, C/o પોસ્ટ માસ્તર, બોટાદ–કાઠિયાવાડ; (૨૫) હેમુ પારેખ, C/o પી. વી. પારેખ, જયરાજ પ્લૉટ, રાજકોટ; (૨૬) રામુ જી. પટેલ, અંબાજીમાતા પાસે, વીરમગામ; (૨૭) અંબાલાલ દવે, ચોટાસણ પોસ્ટ બડોલી, ઈડર સ્ટેટ–એ. પી. રેલ્વે. (૨૮) ગાંધી રસિકલાલ શાન્તિલાલ, મહાલક્ષ્મી સ્ટોર, મોહન મૅન્શન્સ, દેશળ બજાર, કરાંચી; (૨૯) છબિલદાસ કેશવલાલ બ્રહ્મક્ષત્રિય, કપડવણજ; (૩૦) હેમુ પારેખ, C/o પી. વી. પારેખ, જશરાજપ્લૉટ, રાજકોટ;

રમેશ ઠાકર, C/o પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, કૉલેજ, સૂરત; તથા બચુ કાપડિયા, હલદિયા શેરી, સગરામપુરા, સૂરત, એ બંને ભાઇઓ ઈન્ટરનૅશનલ સ્ટુડન્ટ્સ સોસાએટીના સભ્ય થયા છે. એ સોસાએ-ટીના સભ્ય થવા ઈચ્છનારે જવાબી ટિકિટ સાથે તેમને લખવું.

નવાં પુસ્તકો

સમર્પણની કથાઓ : રવીન્દ્રનાથ ઠાકુરની જાણીતી કથાઓ-નો સ્વ. નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે કરેલો અનુવાદ, પ્રકાશક–ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૦-૧૨-૦; **નાનકડી વાતો :** ૬થી ૧૬ વરસનાં બાળકો માટેની વાર્તાનો સંગ્રહ, લેખક-રમણલાલ ના. શાહ, પ્રકાશક-ઉપર મુજબ, ૦-૧૨-૦.

ગુજરાતમાં સાતપૂડાની એક દુર્ગમ ખીણમાં, શૂલપાણની દક્ષિણે દસ માઇલ ઉપર, ઊંચી ગિરીમાળાઓની વચ્ચે અસ્તિત્વ ભોગવી ગએલી એક પ્રાચીન નગરી

ડુમખળ

લેખક · શ્રી **અમૃતલાલ વ. પંડયા** (સ્ટેટ આર્કીઑલૉજિસ્ટ, રાજપીપળા)

નર્મદાના પરિક્રમાવાસીઓ—નર્મદાના સ્રોતથી તે સંગમ સુધી તેના બંને તટોની યાત્રા કરનાર–માટે આખી નર્મદા પર વિકટમાં વિકટ વન એટલે શૂલપાણિની ઝાડી. બડવાની રાજ્યમાંનો નર્મદાનો હિરનફાલનો ધોધ, કે જ્યાંથી નર્મદા ગુજરાતમાં પગલાં માંડે છે, ત્યાંથી લઇ તે ગોરા–ગરડેશ્વર લગીનો ૮૦ માઈલનો લાંબો વિસ્તાર એવો છે કે જેમાં આકાશચુંબી પર્વતો નર્મદાના બંને કાંઠે તેની ભેખડો બાંધીને ઊભા છે. આ પ્રદેશ ખીચોખીચ ભયંકર વનોથી આચ્છાદિત છે. પરિક્રમાવાસીઓની કસોટી એની જ યાત્રામાં થાય છે અને 'આ શૂલપાણિનીઝાડી' વટાવી ગયા એટલે નર્મદાની અર્ધી પરિક્રમા પૂરી થએલી ગણાય છે. આ મહાવનનું મહાતીર્થ તે શૂલપાણિ મહાદેવનું મંદિર. અહીં 'દેવ' નદી સાતપુડાની સ્વર્ગ સમી અગાશી પરથી ઊતરીને પશ્ચિમ ખાનદેશ ને રાજપીપળા રાજ્યની સરહદ બાંધતી નર્મદાના ખોળામાં આવીને સમાઇ જાય છે.

તળપદા ભીલોની લોકવાયકા પ્રમાણે 'દેવ'નદી તે દેવોના પ્રદેશમાંથી નીચે ઊતરે છે. આબુ ને આરાસુર, ગિરનાર કે શેત્રુંજો, અરવલ્લી કે વિન્ધ્ય ગમે ત્યાં ફરો, પણ હિમાલયની દક્ષિણે, દેવો જ્યાં નિવાસ કરી શકે એવા સ્વર્ગિક પર્વતો તો આ દેવગંગાના જ પ્રદેશમાં છે. મધ્યપ્રાંતોથી ગુજરાતના ખોળા તરફ પસરતી આવેલી સાતપુડાની રંગમાળા થોડા વિસ્તારમાં અચાનક હિમાલયનું સ્વરૂપ ધારણ કરે છે અને આ પર્વતનો તેટલો ભાગ 'દેવગીતારીઓ' કહેવાય છે. આ પર્વત એટલે દેવોનો પર્વત. માનવીનું ત્યાં ગજું નહિ કે રહી શકે. એવા આ દેવગીતારીઆના ખોળેથી ઢળી પડતી દેવકન્યા સમી દેવનદીએ, ઉપરવાસરે, શૂલપાણની દક્ષિણે ૧૦ માઈલ પર, સાતપુડાના શિખરોમાં ત્રીજા ગણાતા 'ધામણમાલ'ના છાંયડે એક સુરમ્ય પ્રદેશ રચી કાઢયો છે. આઠેક ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતો એ સમચોરસ પ્રદેશ ચારે બાજુથી પર્વતોની હારમાળાના રચાએલા એક ગઢથી રક્ષાએલો છે અને દેવગંગા તેને વચ્ચેથી ચીરતી નીકળી જાય છે.

આવા આ પ્રદેશની મધ્યમાં, દેવગંગાના પુનિત તીરે, હજારેક વર્ષ પર એક પાટનગરીના પાયા રોપાયા હતા. કોણે રોપ્યા તે ઇતિહાસ હજી અજાણ્યો છે. તેના અવશેષો લગભગ એક ચોરસ માઈલના વિસ્તારમાં દેવગંગાને બંને કાંઠે આજે પડેલા છે. એ અવશેષોમાં નીચેની વસ્તુઓ મુખ્ય છે: (૧) પત્થરનાં ત્રણ મંદિરોના અવશેષો—જેમાંનું એક મહાદેવનું, બીજું મહિષાસુર મર્દિનીનું અને ત્રીજું જૈનતીર્થંકર પાર્શ્વનાથનું હતું. મૂર્તિઓ ઘણી મોટી છે. (૨) નજીકની એક ટેકરી પર ઈંટોની બાંધણીના રાજપ્રાસાદના અવશેષો—જેના પર હાલ જંગલ ઊગેલું છે. (૩) વાવો–કે જેમાંની ઘણી ખરી દટાએલી છે. માત્ર એક વાવનો અમુક ભાગ ખુલ્લો છે જે એની બારીક કોતરણીવાળી બાંધણીનો ખ્યાલ આપે છે. (૪) લગભગ સવા સો જેટલા પાળિયા–જેમાંના ઘણા ઉપર લેખો કોતરેલા છે. (૫) રાજાઓ, રાજપુરુષો, રાણીઓ વગેરેની ઉત્કૃષ્ટ કલાપૂર્ણ ખાંભીઓ–જેના પર લેખો કોતરેલા હોવા ઉપરાંત જે વ્યક્તિઓના સ્મરણમાં તેમને ખોડવામાં આવેલી તેમની આકૃતિઓ અને તેમના જીવનના મુખ્ય બનાવો કલાપૂર્ણ કોતરણીમાં આલેખાએલાં છે. આ નગરીનું નામ એક શિલાલેખમાં લખ્યા પ્રમાણે 'દૃવખલ' હતું. હાલ લોકો એને 'ડુમખળ' કહે છે. લેખોમાં રાજ્યકર્તાઓ અને વ્યક્તિઓનાં નામો છે, પણ રાજવંશનો ઉલ્લેખ નથી. પરંતુ 'રાણા' ઉપાધિ અને 'દેવ' પ્રત્યયવાળાં એ નામોને જોતાં જણાય છે કે એ રાજકર્તાઓ રાજપૂત હતા.

સંખ્યાબંધ પાળિયાઓ પર યોદ્ધાઓની આકૃતિઓ કોતરાએલી છે અને નીચે, તેઓ યુદ્ધે મરાયા તેની મિતિ અને સંવત આપેલાં છે. સંવત ૧૨૮૦ લખેલો છે. આ ઉપરથી લાગે છે કે એ વર્ષમાં



ડાબી બાજુ: સાતપુડાની વચ્ચે ડુમખળ નગરીના સ્થાનનો તથા ત્યાંના શિલ્પાવશેષોનો ખ્યાલ આપતું દૃશ્ય. (ફોટો · શ્રી હરિનારાયણ આચાર્ય) ઉપરના મથાળાની બંને બાજુનાં તથા આ નીચેનું આલેખન: ડુમખળનાં શિલ્પનો ખ્યાલ આપતાં ડિઝાઈન (સ્કેચ: ર. મ. રાવળ)

(એટલે ઇ. ૧૨૨૪માં) ડુમખળ પર કોઈક શત્રુનું આક્રમણ થએલું અને તેની સાથેના યુદ્ધમાં આ સંખ્યાબંધ યોદ્ધાઓ કામ આવેલા.



(ઉપર)આ લેખના લેખક–ડુમખળના અવશેષોની વચ્ચે.(નીચે)ડુમખળની એક ખાંભીયા પરનું ઘોડેસ્વાર રાજવીનું શિલ્પ·ઘોડાના આગલા પગનીચે ઢાલવાળા શત્રુનેચંપાતો દર્શાવ્યોછે.(ફોટોઃહ.આચાર્ય)



રાજપીપળા રાજ્ય પ્રાકૃતિક ભૂગોળની દૃષ્ટિએ બે વિભાગોમાં વહેંચાય છેઃ સાતપુડાનો પાર્વત્ય પ્રદેશ અને નર્મદાની ખીણ. નર્મદાની ખીણમાં તો છેક છઠ્ઠા સૈકાથી રાજપૂતોનું રાજ્ય હોવાનાં ઐતિહાસિક પ્રમાણો મળે છે. પણ સાતપુડાનો પાર્વત્ય પ્રદેશ એટલે તો ભીલોનો પોતાનો પ્રદેશ. એમાં રાજપૂતી રાજ્યના અસ્તિત્વનાં પ્રમાણો તો માત્ર ૧૬મા સૈકાથી જ મળી આવે છે. એ પહેલાં સર્વત્ર ભીલ 'વસાવાઓ' (રાજાઓ)નું રાજ્ય હતું, ને હાલ પણ થોડેઘણે અંશે છે. કુકડદાના વસાવાઓનું રાજ્ય તો છેક ૧૧મા સૈકામાં હોવાના લેખો મળે છે. વિશેષતા એ છે કે રજપુતોના શિલાલેખો જ્યાં સંસ્કૃતમાં લખાયા છે ત્યાં આ ભીલ વસાવાઓના જૂનામાં જૂના લેખો પણ તત્કાલીન ગુજરાતી ભાષામાં છે. આ વસાવાઓ હાલના ભીલ ગામડાંઓના વસાવાઓ (આગેવાનો) જેવા નહોતા. એ સ્વતંત્ર રાજકર્તાઓ હતા. તેમની ખાંભીઓ પર તેમની જે કળાપૂર્ણ આકૃતિઓ કોતરેલી મળી આવી છે તે જોતાં જણાય છે કે તેઓ પણ રાજાઓની જેમ વસ્ત્રાલંકારો ધારણ કરતા ને જાતજાતના શોખ ધરાવતા. આખા સાતપુડા વિસ્તારમાં એકમાત્ર ડુમખળમાં જ પ્રાચીન કાળમાં રાજપૂતી રાજ્યની હયાતીની સાક્ષી મળી આવી છે.

વિ૦ સંવત ૧૨૮૦ના સમયે ગુજરાત પર પાટણના સોલંકી ભીમદેવ બીજાનું રાજ્ય હતું. તેના એક સગા જયંતસિંહે તેની નબળાઇનો લાભ લઈ પાટણની ગાદી પચાવી પાડી હતી. એ જ ભીમદેવનો મંત્રી ચાચિગદેવ સંવત્ ૧૨૮૦ના અરસામાં, કે તુરત પછી, લાટનો સૂબો નીમાઈ નંદિપુર(નાંદોદ,આધુનિક રાજપીપળા)આવ્યો હોય એમ તેના વંશજોના મને મળી આવેલા વિ. સં. ૧૩૪૭ના એક તામ્રપત્ર પરથી જણાય છે. નર્મદા ખીણમાં તે વખતે પાટણના સોલંકીઓનું સાર્વભૌમત્વ હતું, પણ એ પ્રદેશમાં અનેક નાના નાના ખંડિયા રાજપૂતોનાં રાજ્યો હોવાનું મને મળી આવેલા આ રાજાઓના શિલાલેખો પરથી જણાય છે. શૂલપાણિનું તીર્થ એ વખતે ડુમખળના રાણાઓનું હોય એ શક્ય છે, કારણ ડુમખળ ને શૂલપાણિ વચ્ચે સીધે રસ્તે માત્ર ૮ માઇલનું જ અંતર છે. શૂલપાણિનું મંદિર એ સમયે હયાતીમાંહતું એમ તેના ચોકમાં આવેલી કેટલાક દાતાઓની મૂર્તિઓ પર કોતરાએલા સંવત પરથી જણાય છે.

આ પછી સંવત્ ૧૩૧૫ના વર્ષમાં એકાદ નાનુંસરખું શત્રુ આક્રમણ ડુમખળ પર થએલું એમ એક બીજા લેખ પરથી જણાય છે. આ વખતે ગુજરાતનો સમ્રાટ પાટણનો વાઘેલો વીસલદેવ હતો. નર્મદા ખીણમાં હજુ પણ અનેક નાનાનાના રાજાઓ રાજ્ય ચલાવતા હતા અને સાતપુડાના ડુંગર વિભાગમાં ભીલ વસાવાઓ સ્વતંત્રપણે રાજસત્તા ભોગવતા હતા. સંવત ૧૩૧૧માં વીસળદેવે નર્મદા ખીણમાં દર્ભાવતી (ડભોઇ)ના આંગણે વૈદ્યનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો તેના શિલાલેખની પ્રશસ્તિ નંદીપુર (રાજપીપળા)ના એક વિદ્વાન બ્રાહ્મણ પ્રલ્હાદે લિપિબદ્ધ કરી હતી. નંદીપુર એ પહેલાં અનેક સૈકા પૂર્વેથી વિદ્વાન બ્રાહ્મણોનું કેન્દ્ર રહેતું આવેલું. છેક માળવામાં રાજા મુંજનાં તામ્રપત્રોમાં લાટ દેશના તત્કાલીન પાટનગર આ નંદિપુરના વિદ્વાન બ્રાહ્મણોને સન્માન મળ્યાની નોંધો મળી આવે છે. આ નંદિપુરના આંગણે સંવત ૧૩૦૪માં,અને નર્મદાના કાંઠે સંવત ૧૩૧૧માં યુદ્ધો થયાં હોવાની માહિતી આપતા શિલાલેખો મારી પાસે છે.


ડભોઇના વૈદ્યનાથ મંદિરની કોતરણી ગુજરાતમાં અજોડ છે. લાટ દેશમાં એ વખતે કળાની સારી પ્રગતિ થઇ હોવાનું જણાય છે ને તે એટલે સુધી કે સાતપુડાનાં પાર્વત્ય વનોમાં ખૂણે પડેલું ડુમખળ પણ કળાકૃતિઓથી શણગારાયું હતું. આ લેખ સાથે જે ખાંભીનાં

ચિત્રો આપ્યાં છે તેની કોતરણી એ સ્થાપત્યનો ખ્યાલ આપશે.


લગભગ એ જ અરસામાં દેવગિરિના યાદવ રાજા સિંહણે નર્મદાના તટે ભરૂચના આંગણે ગુજરાત પર આક્રમણો કરેલાં. મંત્રી તેજપાલે નર્મદાના દક્ષિણ કાંઠે કુંભેશ્વરમાં (રાજપીપળા રાજ્યમાં જીઓર ગામ પાસે આ સ્થળ છે) બ્રાહ્મણો માટે મઠો બંધાવેલા. એ જ અરસામાં સંવત ૧૩૧૫માં ડુમખળના આંગણે એક બીજું યુદ્ધ થયું હતું.

પછીનાં ૫૭ વરસ સુધી ડુમખળના ઇતિહાસમાં કાંઇ નવાજૂની બન્યાનો દાખલો નથી. પણ નીચેનાં મેદાનો (નર્મદા ખીણ)માં ઇતિહાસ ઝડપભેર પલટાઈ રહ્યો હતો. સંવત ૧૩૫૫ના અરસામાં ગુજરાતની રાજલક્ષ્મી લુંટાઈ. પાટણના કર્ણ વાઘેલાનું પતન થયું અને અનહિલ્લવાડ પત્તનના આંગણે મુસ્લિમ સલ્તનતના પાયા રોપાયા. ઇતિહાસનું એક આખું પ્રકરણ પલટાઇ ગયું. આ બનાવ પછી ૧૭ વર્ષે, કે જ્યારે ડુમખળ તેની પ્રગતિની ટોચે હતું ત્યારે, સંવત્ ૧૩૭૨માં કોઈ મોટો સંગ્રામ ખેલાયા બાબતનો શિલાલેખ મળે છે. શત્રુના નામનો ઉલ્લેખ નથી. એ વાવાઝોડામાંથી પણ આ નાનું રાજ્ય પસાર થઇ ગયું. પણ સંવત ૧૪૪૩(ઈ. ૧૩૮૭)ની સાલમાં ફરી આ સ્થળે કોઇ એક તુમુલ યુદ્ધ થયું. આ વખતે નંદિપુર (રાજપીપળા)ના આંગણે રાજ્યપલટો થઈ ચૂક્યો હતો. ચાચિગદેવ કે જે પાટણ તરફથી લાટનો સુબો નીમાએલો તેના વંશજોએ સ્વતંત્ર થઇ નંદિપુરના આંગણે સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. પરંતુ એ રાજ્યનો સૂર્ય પણ અસ્ત પામ્યો હતો અને હવે તો નંદિપુરના દુર્ગ પર ચાહમાન વંશનો વાવટો ફરકતો હતો. એ વંશમાં, ડુમખળના ઉપલા હુમલાના સમયમાં, ઉદયસિંહ નામનો મહારાજા ઘણો પ્રતાપી થયો હતો. પાટણના આંગણે હજી ગુજરાતની મુસ્લિમ સલ્તનત ઊગતી આવતી હતી. અમદાવાદ વસવાને ગણતરીનાં વર્ષો જ બાકી રહ્યાં હતાં. તે સમયે નંદિપુર (રાજપીપળા)ના આ પ્રતાપી રાજવી ઉદયસિંહે નર્મદાનો ઉત્તર પ્રાંત કબજે કરી છેક વડોદરા સુધી પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો હતો. વડોદરા રાજ્યમાં વરણામા (વડોદરાની પાસે), કોરલ અને તણખલા નજીક આ રાજાના શિલાલેખો મળી આવ્યા છે; અને રાજપીપળા રાજ્યમાં શૂલપાણિ, ઓરકતાર અને કુંભેશ્વરમાંથી એ રાજવીના મોટામોટા શિલાલેખો મને સાંપડ્યા છે.

અંતે, વિક્રમના ૧૬મા સૈકાની અધવચ્ચે, એક મુસલમાન બાદશાહના આક્રમણથી ડુમખળનો વિનાશ થયો. આ મુસ્લિમ આક્રમણની વાત સાતપુડાના ભીલોમાં એક લોકકથાનું સ્વરૂપ પામી છે. લોકકથા પ્રમાણે દિલ્હીના



(નીચેનાં ચિત્રો વિષે) ડુમખળના યુદ્ધમાં માર્યા ગએલાઓના સ્મરણાર્થે ઊભા કરેલા પાળિયાઓનો આ પ્રકાર વિશિષ્ટ છે. નીચે આપેલાં ચિત્રો પૈકી જમણી બાજુનું પહેલું ચિત્ર ગયા અંકની આર્ટ પ્લેટ પર આપેલું. તેની સાથે જણાવ્યું હતું તે મુજબ આ ખાંભીઓનો પ્રકાર જેવો અનોખો તેવો જ સુંદર છે અને તેનો આકાર, સંયોજન, કોતરણી બધું જ ઉચ્ચ કલાનું દ્યોતક છે. ખાંભીની ચાર બાજુઓ પૈકી એક પર મરાએલા વીરનું આલેખન હોય છે, અને બીજી બાજુઓ ઉપર તેની પત્ની તથા બાળકો, સૂર્ય અને ચન્દ્રનાં પ્રતીક (તેની કીર્તિ યાવચ્ચન્દ્ર દિવાકરો રહે એમ દર્શાવવા) તેમજ બીજાં આલેખનો હોય છે. તદ્દન છેડે ડાબી બાજુએ આપેલા નાના ચિત્રમાં બે હાથ દર્શાવ્યા છે તે, મરનારની સ્ત્રી તેની પાછળ સતી થયાના દ્યોતક છે. તેની વચ્ચે સૂર્ય અને ચન્દ્ર છે. ખાંભી પરના વીરનું આલેખન ઘોડેસવારનું હોય છે અગર તો, બીજા નંબરના ચિત્રમાં દર્શાવ્યા મુજબ પાયદળ લડવૈયાનું પણ હોય છે. ક્યાંક શિવની પૂજા કરતી રમણીઓ આલેખી છે. (ફોટો: રાજપીપળા સ્ટેટ; સ્કેચ: ર.મ.રા.)







સમ્રાટ બાબરે ડુમખળ પર ચડાઇ કરેલી. પણ બાબર કદી ગુજરાતમાં આવ્યો હોવાની સાક્ષી નથી.

ડુમખળ તેના પોપટ માટે પ્રખ્યાત છે, અને એ પોપટે તેનો વિનાશ આણ્યો હોવાનું લોકકથા કહે છે. દક્ષિણ ગુજરાતમાં કયા કયા ગામની કઇ કઇ વસ્તુ પંકાતી તે વિષે નીચેની ઉક્તિ પ્રચલિત છે:

ગોળી તો 'બીલીમોરા'ની, તોલડાં 'બામણવેલ'નાં,
ગોરસિયાં 'કરણ'નાં, ગાલ્લી 'તળાવચોરા'ની.
ઘી 'ધામણ-તરસાળી'નું, જુવાર, 'છીણમ'ની.
ચોખા 'વાંસદા–ધરમપુર'ના, તુવેર તો 'બોદાણ'ની.
વેંગણ 'કઠોરા'નાં, ને પાપડી 'કતારગામ'ની,
મોગરી 'ગણદેવી'ની, ને સૂંઠ સોનવાડી'ની.
લાકડું 'ડાંગ'નું, ને ડોટી તો 'ડાભેલ'ની,
છીપો 'કઠોર'નો, ને રંગ તો 'બલેસર'નો.
વાઘ 'તેતરઘાટ'ના, ને રીંછ 'ખેરવાડા'નાં,
કિલ્લા 'વાજપુર–સાલ્હેર'ના, ને ગઢી 'પારનેરા'ની.
ઓવારો 'ઓડાઇ'નો, ધોધ 'મોખડી–સુલપાણ'નો,
પોપટ 'ડુમખળ'નો, ને ચોરો તો 'બાણુ'નો.
ભીલડી 'ગંગથા'ની, ને વસાવો 'સાગબારા'નો.

આમ, લોકકંઠે પોપટ માટે 'ડુમખળ'નું નામ દક્ષિણ ગુજરાતમાં અમર બન્યું છે. તેની આ પ્રખ્યાતિએ તેનો વિનાશ કેમ આણ્યો એની નીચે મુજબની લોકકથા સાતપુડાના ભીલોમાં પ્રચલિત છે:

ડુમખળ નગરીમાં અગાઉના વખતમાં મદનસિંહ નામનો એક પ્રતાપશાળી રાજા થઈ ગયો. આ રાજાની રાણી ઘણી રૂપવંત હતી. રાણીને ડુમખળના પોપટનો ઘણો શોખ હતો, તેણે એક સરસ પોપટ પાળ્યો હતો. એ પોપટ વાતચિત કરવામાં એવો જ તેની સમજશક્તિમાં પણ ઘણો સારો હતો. કાળાંતરે રાણી વ્યભિચારિણી બની. પોપટને આ વાત રુચી નહિ! તેણે રાણીને સમજાવી કે આ કૃત્ય કરવાનું મૂકી દે, નહિતર જો રાજાને ખબર પડશે તો સંકટ ઊભું થશે. એથી રાણી પોપટ પર બહુ ક્રોધે ભરાઇને કહેવા લાગી કે મારા પર તું ખોટો આરોપ મૂકે છે! પણ રાણીને થયું કે ખરી વાત જે છે તે તો પોપટ જાણે છે, એટલે રાજા પાસે જઈને કહેવા લાગી કે મહારાજ તમારો પોપટ મને વ્યભિચાર તરફ વળવા કહે છે અને વધુમાં તમને મારી નાખવા મને સમજાવે છે. પોપટની આ વાતો સાંભળી હું બહુ ક્રોધે ભરાઇ અને મને થયું કે એને મારી નાખું; પણ એ આપને ઘણો પ્રિય છે એટલે મેં તેને જવા દીધો છે. પણ આપ હવે એને જો જીવતો રહેવા દેશો તો હું આપઘાત કરીશ. ભોળા રાજાએ ક્રોધે ભરાઇ કહ્યું એને એકી ઝાટકે નહિ મારૂં, પણ રીબાવીને મારીશ. એનું ખાવાનું બંધ કરી દઈ તેનું પાંજરૂં તડકે ટીંગાડો, એટલે થોડાક દહાડામાં આપોઆપ મરી જશે.

રાજાના કહ્યા મુજબ પોપટની એ દુર્દશા કરવામાં આવી અને તે ધીમેધીમે સુકાવા લાગ્યો. એક દહાડો રાણી રાજા પાસે કંઈક કામે ગઈ, એટલે પોપટે તેની દાસીને બોલાવીને કહ્યું કે પાંજરાનું બારણું ઉઘાડ તો તને તારા લાભની એક વાત કહું. દાસીએ બારણું ઉઘાડ્યું એવો જ પોપટ ફરરર કરતો ઊડી ગયો અને ઊડતાં ઊડતાં કહેતો ગયો કે 'દાસી, રાજાને કહી દેજે કે લશ્કર તૈયાર રાખે.'

ડુમખળના જેમ પોપટ વખણાતા, તેમ સાડીઓ પણ વખણાતી. દૂરદૂર સુધી ને ખાસ કરીને રાજકુટુંબો અને શ્રીમંતોમાં એ સાડીઓનો વિશેષ વપરાશ હતો. એ સાડીઓની વિશેષતા એ હતી કે તેમના પર હાથના પંજાની કળાપૂર્ણ આકૃતિ છાપવામાં આવતી.

ઊડતો ઊડતો પોપટ દિલ્હી પહોંચ્યો. ત્યાં બાદશાહ બાબર રાજ્ય કરતો હતો. પોપટ દિલ્હીનાં વૃક્ષો પર દહાડા પસાર કરવા લાગ્યો. એક દહાડો બાબરની બેગમ ડુમખળી સાડી ઓઢીને બાદશાહની બાજુમાં ઝરૂખે બેઠી હતી. પોપટે આ તક સાધી અને તે ઊડીને બાબરના ખોળામાં જઈને બેસી ગયો. બાબરને પક્ષીઓ ઘણાં પ્રિય હતાં. આવા સુંદર પોપટને જોઇ તે ખુશ થઈ ગયો. તેણે પૂછ્યું, 'પોપટ ક્યાંથી ચાલ્યો આવે છે?' પોપટે ઉત્તરમાં ડુમખળ નગરીનાં વખાણ કર્યાં અને તેના નૃપતિ મદનસિંહની યશોગાથા સંભળાવી. બાદશાહે પુછ્યું કે 'પોપટ, એ ડુમખળ નગરી ક્યાં આવી અને આ રાજા મદનસિંહ તે વળી કયો કે જેનાં તું આવાં વખાણ કરે છે?' પોપટ કહે કે 'બાદશાહ, મારો રાજા મદનસિંહ જેવોતેવો નથી. તારી બેગમના વક્ષસ્થલ પર પણ તેનો હાથ પહોંચે છે.' એટલું કહી પોપટ બાદશાહના ખોળામાંથી ઊડીને દૂર જઇ બેઠો. બાદશાહ બોલ્યો કે 'પોપટ આ વાત ખોટી હશે તો તને ફૂંદી નાંખીશ.' પોપટે તુરત જ બેગમે ઓઢેલી ડુમખળમાં છાપેલી ઓઢણી ને તેનાં પરની હાથના પંજાની છાપ જે બેગમના વક્ષસ્થલ પર પડતી હતી તે દેખાડીને બધી વાત સમજાવી કે આ હાથ અમારા રાજા મદનસિંહનો છે. બાબરના ક્રોધનું હવે ઠેકાણું રહ્યું નહિ. તુરત જ તેણે સૈન્ય તૈયાર કરાવી ડુમખળ પર ચડાઇ કરી અને રાજા મદનસિંહનો વધ કરી ડુમખળને ખેદાનમેદાન કરી નાખ્યું આ પછી ડુમખળ ફરીવાર કદી વસી શક્યું નહિ હાલ ત્યાં ભીલોની થોડીક છાપરીઓ છે.

કોઇ વિધર્મી આક્રમણકારીના હાથે ડુમખળ નગરીના થએલા નિર્દય વિનાશની આ વાતને તેના આજના અવશેષો ટેકો આપે છે. પાકા પત્થરનાં વિશાલ મંદિરોના જાણીબૂજીને કોઇએ કકડેકકડા કરી નાખ્યા છે. ખંડિત થએલી મોટીમોટી મૂર્તિઓ ડુમખળના વિનાશના આ બનાવની મૂક સાક્ષી પૂરી રહી છે. આ હુમલો જરૂર કોઈ મુસલમાન બાદશાહનો થયો હશે તે વિષે તો શંકા નથી; પણ એ બાદશાહ દિલ્હીનો બાબર હોઈ શકે નહિ. ત્યારે એ કયો બાદશાહ?

રાજપીપળાના પર્વતના છેડા નજીક આવેલા ચિકલોટા ગામમાં મોટા સ્મારક સ્તંભો ઊભેલા છે. આ સ્તંભ પર વિક્રમ સંવત્ ૧૫૫૧નો ગુજરાતી ભાષામાં એક મોટો શિલાલેખ છે, જે ત્યાં રાજ્ય ચલાવતા તે કાળના વસાવા (ભીલી રાજા)એ કોતરાવ્યો હતો. આ વસાવો સંવત્ ૧૫૫૧માં કોઈક 'પાદસા'(બાદશાહ), કે જેનું નામ નથી, તેના મોટા સૈન્યના આક્રમણને ખાળતાં મરાયો હતો. આ સ્તંભો પર ભીલ વસાવા, તેની રાણીઓ અને સેનાપતિઓનાં ચિત્રો કોતરેલાં છે ને આ આક્રમણકારી 'પાદસા' પ્રત્યે તિરસ્કાર દર્શાવવા તેને ઘોડા પર બેસાડી માથે સ્ત્રીનો ચોટલો બાંધ્યો છે. 'પાદસા'ની એ આકૃતિ જોવા જેવી છે. એ જ નનામો 'પાદસા' ડુમખળ પર ચડી ગયો હશે એમ હું માનું છું. પણ આ 'પાદસા' તે કયો? એ વખતે મહમુદ બેગડો ગુજરાતનો સુલ્તાન હતો. આ બનાવની ૧૦ વર્ષ પહેલાં તેણે પાવાગઢનો ધ્વંસ કર્યો હતો. ઘણે ભાગે આ મહમુદ બેગડો સંવત ૧૫૫૧માં રાજપીપળાના પ્રદેશ પર ચડી આવ્યો હશે. એ પહેલાં અમદાવાદ વસાવનાર અહમદશાહ પણ નાંદોદ પર ચડી આવેલો.

દર વર્ષે ચૈત્રી અમાવસ્યાના દહાડે નર્મદાકાંઠે 'શૂલપાણિ'ની મોટી જાત્રા ભરાય છે ને એ નિર્જન સ્થળે લોકો હજારોની સંખ્યામાં ગુજરાત, ખાનદેશ ને માળવાથી આવીને ભેગા થાય છે. આ મેળામાં ઠેકઠેકાણે ધાગણગાલના ડુંગરના ભીલો 'ડુમખળના પોપટો' વેચતા નજરે પડે છે. આજ એ પ્રાચીન ગૌરવાન્વિત ડુમખળ નથી, પણ તેના પોપટો અને તેની યશોગાથા રહી ગઇ છે.

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો ——— લેખક

[૨૬]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

મોટી નદીઓનાં દર્શન જેમ ભવ્ય, પ્રસન્ન ને પાવક હોય છે તેમ નાનીનાની નદીઓ પણ નમણી રમણીયતાનો અનેરો આનંદ આપે છે. એવા આનંદનું એક સ્મરણ ખેડબ્રહ્મા જતાં 'સાબર' ઓળંગી હતી ત્યારનું છે. 'સાબરમતી' તો, એ અહમદનગર (ઇડર) પાસે તેને હાથમતી મળે છે તે પછી કહેવાય છે. ખેડબ્રહ્મા પાસેની ઉનાળાની સાબરની એ પાતળી રેખા, કિનારા પરનાં વૃક્ષોના મધુર સંયોજન સાથે સ્મરણીય બની ગઈ છે.

સાદરા પાસે તો સાબરમતી બહુ સુંદર લાગે છે. ત્યાંના એક મંદિરમાંથી મેં એનાં ચમકતાં નિર્મળ પાણી, રેતીના વિશાળ પટમાં ઉગાડેલાં શાકપાનની લીલોતરીની પશ્ચાદ્ભૂમિની વચમાં લાંબા વખત સુધી નિહાળ્યા કર્યાં છે. સ્ત્રીની જેમ સરિતા પણ એના જીવનના અમુક અમુક પ્રસંગે તો દિવ્ય સૌંદર્ય ધારણ કરે છે! કોટયર્કજી પાસે, તથા સામી બાજુના પ્રાંતીજ લાઇનના મેદ્રા સ્ટેશનથી વળાદ ગામ જવાય છે ત્યાં તો સાબરમતીની ભેખડો પ્રચંડ ઊંચાઇ ધારણ કરે છે અને એ ભેખડો ઉપરથી ચોમાસાનાં પૂરમાં બે કાંઠે વહેતી સાબરમતીનું દર્શન ભવ્ય બને છે. પરન્તુ આપણા ઘરઆંગણા આગળની આ રમણીય ભવ્યતા કેટલાએ ખરી પીછી હશે? સૌન્દર્યગ્રાહક શક્તિ જ જેનામાં ખીલી નથી તેવાંઓને તો, ગંગાનો જ્યાં સમુદ્ર-સંગમ થાય છે એ સુંદરવનના પ્રદેશમાં લઈ જાઓ કે હિમાલયના નૈનીતાલ જેવા સૌન્દર્યધામમાં ફેરવો, પણ કંઈ જ અસર નથી થતી. સાગરબેટ પાસેના સુંદરવનનો એક હોડી હાંકનાર પોતાને પરમેશ્વરે એવા ખૂણાના પ્રદેશમાં જન્મ આપ્યો તે માટે નસીબને દોષ દેતો હતો; અને નૈનીતાલના અપાર સૌંદર્યની વચ્ચે વસનાર એક ક્ષત્રિય સરદાર ને, ભારતભૂમિના એવા સર્વાંગ સુંદર સ્થળમાં બારે માસ રહેવાનું સદ્‌ભાગ્ય મળવા માટે જ્યારે મેં અભિનંદન આપ્યાં ત્યારે એ તો ઉલટા કહેવા લાગ્યા કે આ પહાડોમાં પથરા ને ટેકરા સિવાય બીજું છે શું?' એ જ પ્રમાણે, વળાદની ભેખડો પરથી આથમતા સૂર્યના રંગો સાબરમતીનાં સ્વચ્છ જળને દેદીપ્યમાન કરી રહ્યાં હતાં ને માઇલો સુધીનો પ્રદેશ સાયંકાળની શોભામાં તરતો હતો ત્યારે, ત્યાંના કુંભારવાડાના એક કુંભારને મેં કહ્યું કે અમદાવાદમાં યે સાબરમતી તો આ ને આ જ છે, પણ ત્યાં આવાં સુંદર દૃશ્ય અમને જોવા મળતાં નથી. વર્ષાનાં ધૂઘવતાં પૂરમાં તો આ નદી જોવાની કેવી અદ્‌ભુત મઝા તમે માણતા હશો! ત્યારે એણે ઠંડે પેટે જવાબ આપ્યો કે 'હોવે! એ પૂર વખતે અમારા ગામની દુઃખિયારી સ્ત્રીઓને નદીમાં પડીને આપઘાત કરવાની મઝા આવે છે!'

અમદાવાદના કૅમ્પને પૂર્વ છેડે હાંસોલ ગામ આવેલું છે. ત્યાંથી પણ સાબરમતી બહુ સુંદર લાગે છે. યુવાન વાચકોમાં જો પેલા સુંદરવનના હોડીવાળા જેવા, કે નૈનીતાલના ક્ષત્રિય સરદાર જેવા, કે વળાદના કુંભાર જેવા કોઈ હોય તો એમને તો મારે કંઇ કહેવાનું નથી. પણ જેમનામાં સ્હેજ પણ રસ હોય તેમને પર્યટનો માટે સાદરા, વળાદ ને હાંસોલ જઇને સાબરમતીનું સૌંદર્ય પીવાની ખાસ ભલામણ કરૂં છું સાબરમતીનો મહિમા એ ત્રણે સ્થળે કોઈ તીર્થ જેવો લાગે છે.

આગળ જતાં વૌઠા પાસે સાબરમતી અને વાત્રકનો સંગમ થાય છે. અને ત્યાં જ સાબરમતી, હાથમતી, મોર, શેઢી, ખારી, મેશ્વો અને વાત્રક એ સાત નદીઓનાં પાણી જ્યાં આગળ એકઠાં થાય છે તે સંગમસ્થાન પર, મેં દૂરદૂરથી આવતી સાબરમતીને બહુ ઉમળકાપૂર્વક જોઇ છે.

ગયા લેખમાં ચંબલની વાત મેં કરી. રાજપૂતાનાની જ એવી બીજી નદી બનાસે મને ભર ઉનાળે સ્મરણીય દર્શન કરાવ્યું છે. મે મહિનાના સખ્ત તાપમાં, નસીરાબાદથી દેવલી છાવણી સુધીના ૧૦૦ માઈલના લાહ્ય વરસાવતે રસ્તે જ્યારે હું એક વખત જતો હતો ત્યારે રસ્તામાં બનાસ નદી આવેલી. ત્યાં વૃક્ષો હતાં, પાણીની પરબ હતી, ઠંડો પવન હતો અને અમૃત જેવી ટેટીઓ મળતી હતી. એક પીલુડીના ઝાડ નીચે બેઠાંબેઠાં મધ્યાહ્નસંધ્યાના ભાવથી મેં તે દિવસે બનાસ જોડે બહુ વાતો કરી છે.

સરસ્વતીને મેં સિદ્ધપુર અને પાટણ પાસે જોઇ છે. પણ પાટણ આગળની સરસ્વતીની જૂની જાહોજલાલીને મુકાબલે હાલની સુકાએલી સરસ્વતી જોઈને, તથા સિદ્ધપુર પાસે રુદ્રમહાલ જોઇને, સરસ્વતીમાં સ્નાન કર્યા બાદ ગુજરાતના પ્રાચીન ગૌરવ તરફ દૃષ્ટિપાત કર્યો ત્યારે, હૃદયમાં એક કારમી ધ્રુજારી અનુભવી હતી. અને તે દિવસો સંભારૂં છું ત્યારે આજે પણ ફરી એવી ધ્રુજારી થાય છે.

ખારી નદી, એના નામની પેઠે, આગ તો નિર્માલ્ય લાગે એવી છે; પણ અમારા અમદાવાદ-પ્રદેશનાં તળાવોને એ જે રીતે ભરી દે છે એ એની મહત્તા જેવીતેવી નથી. ચોમાસાના પાછલા ભાગમાં એની નહેરનાં પાણી કાંકરિયાને છલકાવી નાખ્યા પછી ચંડોળા તરફ જાય છે ત્યારે ચંડોળાનો રૂઆબ ફરી જાય છે. એ વિશાળ સરોવર જળથી ડહેકી ઉઠે છે અને સારસ, બગલાં, બતકો, જળકુકડી અને બીજાં અસંખ્ય પક્ષીઓ ત્યાં મદભર કલ્લોલ કરતાં વિચરે છે. ચંડોળાને પણ છલકાવી, ખારી ડાંગરનાં ખેતરોને ભરી દે છે, અને પછી એ અસલાલી, જેતલપુર અને બારેજાનાં તળાવ ભરવા જાય છે. પૂર્વ તરફ ઇસનપુરનો આખો રસ્તો તો ચારે તરફ પાણી, પાણી ને પાણીથી પ્રફુલ્લિત ને સોહામણો બની જાય છે. મોટાં ઝાડ તાજાં અને તૃપ્ત લાગે છે ને વાડેવાડે ભૂરાં, પીળાં ને શ્વેત ફૂલોના ગુચ્છ ગુચ્છા શોભી નીકળે છે. ઇસનપુરનો રોજો આ વર્ષાઋતુમાં અદ્‌ભુત શોભા ધારણ કરે છે, ને એની જાળીઓ, કમાનો, સ્તંભો અને ગહેરાણો, ઉપર ભૂરા આકાશથી અને નીચે પાણીમાં એનાં પ્રતિબિંબથી અજબ સૌંદર્યભર સોહે છે.

ખેડા સત્યાગ્રહ વખતે નવાગામ નાયકાના વીર ખેડૂતોના સંસર્ગમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ પ્રદેશ પણ ડાંગરનાં ખેતરોનો અને ખારીથી જ પોષાતાં તળાવોનો છે. ગોબળજનું પ્રચંડ તળાવ પણ એની જ નજદીકમાં છે, અને એનાં પાણીથી આસપાસની ઘણી જમીન ફળદ્રુપ બને છે. દરરોજ સાંજે સભાઓ ભરાતી ત્યારે નવાગામનાયકાના લોકો વંદેમાતરમના જયઘોષ પછી 'ખારી માતકી જય' પણ પુકારતા, ત્યારે ખારી જેવી નાની નદીનું ખરૂં મહત્ત્વ મારા સમજવામાં આવ્યું.

શરદની એક સાંજે મહેમદાવાદથી ઉત્તરના એક ગામડે ગયો ત્યારે મેશ્વાનાં સ્નાન અને સૌન્દર્યપાનનો જે લ્હાવ મેં લીધો છે તે હજી સાંભરે છે. નદીતટના એ ગામમાં પોંક ને દૂધના ઉપાહાર સાથે ગાળેલી રાત્રીનું સ્મરણ આજે ૪૦ વર્ષે ભુલાયું નથી. પણ તારાથી

ભરચક ભરેલા સ્વચ્છ ભૂરા આકાશ નીચે, તાપણીએ તાપતાંતાપતાં ગામ લોક જોડે એમનાં સુખદુ:ખની અનેક વાતો કરી હતી. જે બે મુરબ્બી મિત્રો મને આનંદ આપવા ખાતર મેશ્વો નદીના એ ગામે આગ્રહ કરીને તેડી ગયા હતા તે પણ હવે તો ચાલ્યા ગયા છે.

એ જ મેશ્વોને મોડાસા જતાં હરસોલ ગામેથી પણ મેં મનભર માણી છે. ગુજરાતને માટે ગૌરવ ઉત્પન્ન કરાવવા ઇચ્છતા ચિત્રકારો અને છબિકલાકારો હરસોલ પાસેથી અને હળધરવાસથી મેશ્વો અને બીજી નદીઓનાં સૌન્દર્યદર્શયો પાડે તો કેવું સારું ?

વાત્રકની કથા ઊંટડિયા મહાદેવની એક વૃદ્ધ પૂજારણે મને કહેલી. એ નદીને એ બાઇ જ્યારે 'વેત્રવતી' (નેતરોનાં વનવાળી) નામથી સંબોધતી ત્યારે એનું મોં ભરાઇ જતું હતું. હું ૧૩-૧૪ વર્ષનો હતો ત્યારે મહેમદાવાદ પાસે એ વેત્રવતીમાં બહુ સ્નાન કર્યું છે. એક આખો શ્રાવણ માસ મારી બા, સાથે હું એમાં નહાવા ગએલો અને એની સ્વચ્છ જાડી રેતમાં બેસીને ખુલ્લી હવા અને તડકાનું સુખ મેં મન ભરીભરીને લીધેલું છે.

વાત્રકને મેં બીજીવાર ભોગવી છે ખેડામાં શેઢી ને વાત્રકના સંગમ પર; અને ત્રીજીવાર ભોગવી છે વૌઠામાં. વૌઠામાં તો સાબરમતી અને વાત્રકના બરાબર સંગમ વચ્ચે બેસીને એ બંને સમર્થ નદીઓનાં પાણીમાં વારાફરતી હું નહાયો છું. સાબરમતી મોટી અને વાત્રક નાની બહેન હોય એમ એ સંગમસ્થાનેથી લાગે છે, છતાં વાત્રકે જે વળાંકા ઉપર વળાંકા લીધા છે તેણે તો મારું મન હરણ કરી લીધું છે. રમણીય વળાંકા લેતી એ વાત્રકને કિનારે હું ખૂબ ફર્યો છું, એનાં ઘણાં ગામ, શીમ, ગૌચરો અને ધરા મેં જોયા છે, એના ધરાની હરિયાળી ભૂમિમાં બકરાં, ઘેટાં અને ગાયો ચરાવનાર ગોવાળોની વાંસળીઓ સાંભળી છે, અને ઝાડે બાંધેલા હીંચકે ઝૂલતાં ગોપગોપીનાં સુખની અદેખાઇ કરી છે.

'સુણ, સુણ, ભરવાડા ! ભ્રાત, વેણો વદું હું,
નવ બળ ધન કાજે, માર ફાંફાં જરી તું;
નવ તજ તુજ વાડા ખેતરો રે રૂપાળાં,
ગલી-ભરી દુ:ખ રહેતાં, શહેરીઓ
ઓશિયાળાં'.

એવાં જૂનાં કાવ્યો સંભારીને અને નવાં જોડી જોડીને મેં વાત્રકકિનારે આકંઠ ગાન ગાયાં છે:


'રૂમાલને ઓશીકે રાયકો પોઢશે !' સ્વ. નાનાલાલનાં ગોપકાવ્યો મેં ત્યાં જ ખરાં માણ્યાં છે. (ચાલુ)

કસોટી

બુદ્ધિ કસતા નીચેના પ્રશ્નોના જવાબો ન શોધી શકો તો નીચે અવળા છાપ્યા છે.

(૧) શિક્ષકે વર્ગમાં એક કોથળી લાવીને કહ્યું કે આમાં અઢાર રંગીન લખોટા છે. તેમાં નવ વાદળી છે, છ લાલ છે ને ત્રણ પીળા છે. હવે એમાંથી આંખે પાટા બાંધીને ઓછામાં ઓછા એટલા લખોટા કાઢી આપો કે જેમાં એક જ રંગના ત્રણ લખોટા તો નીકળે જ.

(૨) મેં મારા મિત્રને એક એવી વસ્તુ બતાવી કે જે અગાઉ આ દુનિયામાં કોઈએ કદિ જોઇ ન હતી; ને અમે બંનેએ જોયા પછી દુનિયામાં કોઇ ત્રીજો માણસ તે જોવા પણ પામ્યો નહિ. તો મેં શું બતાવ્યું હશે ?



(૩) આ આકૃતિને એવા ચાર સરખા ભાગમાં વહેંચી શકશો કે જે દરેક ભાગ પણ એકસરખા ઘાટનો હોય ?

(૪) બાબરે મરતાં પહેલાં દસ્તાવેજ કરેલો કે ઔરંગઝેબે આગ્રામાં પ્રવેશ ન કરવો. આ હકીકત ખરી છે કે ખોટી?

(૫) શાંતિ પાંચ વરસ પહેલાં પરણ્યો ત્યારે તેની પોતાની ને તેની પત્નીની ઉમરનો તફાવત પાંચ વરસનો હતો; તો આજથી પાંચ વરસ બાદ તે તફાવત કેટલો હશે ?

(૬) મારી ઘડિયાળ ખોટી છે. દર પાંસઠ મિનિટે તેના બંને કાંટા ભેગા થાય છે. તો મારે મારી ઘડિયાળને દર કલાકે કેટલી મોડી કે વહેલી સમજવી ?

ઉત્તરો: (૧) સાત લખોટા. (૨) એક બદામ ફોડીને તેનું મીંજ કાઢી મેં તેને બતાવ્યું; ને પછી તે મીંજ હું ખાઇ ગયો. (બદામ ફોડ્યા પહેલાં તે મીંજ દુનિયામાં કોઈએ જોયું ન હતું; અને હું ખાઈ ગયો તે પછી કોઇ તે જોઈ શકવાનું નથી). (૩) આ આકૃતિમાં દર્શાવ્યા મુજબ.



(૪) બાબરને શી ખબર કે તેની પાંચમી પેઢીએ ઔરંગઝેબ જન્મવાનો છે ? (૫) પાંચ જ રહે. (૬) ઘડિયાળના બે કાંટા ભેગા થવાનો સાચો સમય ૬૫ ૫/૧૧ મિનિટ હોય છે. માટે દર ૬૫ મિનિટે તે ૫/૧૧ મિનિટ આગળ જતી હતી; એ હિસાબે દર કલાકે તે ૬૦/૧૪૩ મિનિટ આગળ ગણાય.

પ્રવાસ-મંજરી (અનુ. પાન ૧૧૨થી)

ત્યાં તેઓ ઊતર્યા. ત્યાં થોડીવાર અમને રોકી તેમની પિછાન તાજી કરાવી ને તે જ ગાડીમાં અમારા મુકામે અમને પહોંચાડી દીધા.

હરિજન કૉલૉની

ઠક્કર બાપાનું પ્રવૃત્તિકેન્દ્ર દિલ્હીમાં હરિજન કૉલૉનીમાં જ છે. એ સંસ્થા જોવાની અને ઠક્કર બાપાને મળવાની ઇચ્છા મને ઘણા સમયથી હતી, પણ આઠ માઈલ દૂર, એટલે વિચાર અમલમાં લાવવો અશક્ય હતો. પણ ભાઇ યશવંત પંડ્યા તો દિલ્હીમાં મારા 'બડા પંડા' બન્યા હતા. ૧૯૪૨ની લડતમાં જેલ માણી આવેલા દિલ્હીના ગુજરાતી સમાજના ઉપપ્રમુખ શ્રી નંદલાલ મહેતાએ મોંઘેરૂં પેટ્રોલ ગુજરાતના આતિથ્યમાં વહેતું કર્યું અને અમે વખતસર ઠક્કર બાપાના આશ્રમે પહોંચી શક્યા. હરિજન વિદ્યાર્થીઓ માટે વિશાળ વિસ્તાર ઉપર સુંદર નિવાસો, વચમાં બગીઓ તથા સુંદર ધ્યાનમંદિર અને તેમાં ભાઈ માર્કંડ ભટ્ટે આલેખેલાં, સંસ્કૃતિવાળાં હરિજન ભક્ત પુરુષોનાં ચિત્રો, વગેરે જોઇ મન પ્રસન્ન થયું.

ઠક્કર બાપાએ સાથે રહી બધું બતાવ્યું. અહીંથી હિંદભરનાં હરિજન વિદ્યાર્થીઓ ખાનપાન, અભ્યાસ, વ્યાયામ, ગૃહઉદ્યોગ વગેરે પામી તાલીમ લઇ પોતપોતાના વિવિધ પ્રાંતોમાં જાય છે અને જાતિ સુધારણામાં ફાળો આપી રહ્યા છે. પણ મારા પ્રશ્નોતરમાં મને એક વાત એ જણાઈ કે આ સંસ્થાના સંપર્ક અને સંસ્કારનો લાભ તેમના દિલ્હીવાસી સજાતીય શ્રમિકોને પહોંચતો નથી. સુધરેલા અને જૂનાનો ભેદ ટળે ત્યારે જ ખરો સંસ્કૃતિપ્રચાર થયો ગણાય.

આ સંસ્થાના પ્રાણસ્વરૂપ 'વિયોગી' કરીને હિંદી સાહિત્યસેવક ત્યાં હાજર ન હોતા. ઠક્કર બાપાએ તેમના સંપર્ક ખાતર ફરી એકવાર આવવાની અનુજ્ઞા આપી, તે માથે ચડાવી અમે પાછા ફર્યા. (ચાલુ) **ર. મ. રાવળ**

પદ્યરચના હરીફાઇ: માર્ચ અંકમાં જાહેર કરેલી 'પદ્યરચના માટે પારિતોષિક'ની હરીફાઇ માટેની છેલ્લી મુદત હવે મે આખર ઠરાવવામાં આવી છે. માટે જેમને ભાગ લેવો હોય તેમણે આ માસની ૩૧મી તારીખ સુધીમાં પોતાની કૃતિઓ મોકલી આપવી.

ફોટોહરીફાઇ માટે આ માસમાં આવેલાં ચિત્રો પૈકી માત્ર એક જ ચિત્ર આગળપડતું જણાયું છે અને તે બીજા ઇનામને પાત્ર ઠર્યું છે. તે આ અંકના પૂઠા ઉપર છાપ્યું છે.

સૂર્યના ડાઘા


પૂનમની રાત્રે થાળી જેવડા રૂપેરી ચંદ્રની ચાંદનીની મઝા કોણે નહિ માણી હોય ? શીતળતા રેલાવતી એ ચાંદની કયા અગાધ ઝરામાંથી વહી આવે છે તે જોવા માથું ઊંચું કરીને ચંદ્રનું નિરીક્ષણ કરતાં ચંદ્રમાં દેખાતા કાળા ડાઘાઓ તમને યાદ છે ? એ જોતાં જ, પ્રથમ તો નાનપણમાં સાંભળેલી રેંટિયો કાંતતી ડોશીની કે સસલાની કલ્પનાનું ચિત્ર આપણી નજર સામે ખડું થાય છે. તે પછી, ક્વચિત કોઇએ જો વિજ્ઞાનનાં પુસ્તકોમાં વાંચેલી હકીકતો ને રાક્ષસી દૂરબીનો વડે પાડેલાં ચિત્રો જોયાં હોય છે તો તેને તરત યાદ આવે છે કે તે ડાઘાઓ ચંદ્રની સપાટી ઉપર આવેલા મોટા-મોટા જ્વાળામુખીઓનાં મુખ છે.

પરંતુ તેની સાથે, સૂર્યમાં પણ એવા ડાઘા હશે કે નહિ તેનો વિચાર બહુ ઓછાને આવતો હશે. એનું એક કારણ એ કે સૂર્યની સામે તો સૂર્યાસ્ત સમયે અથવા સૂર્યોદય વખતે જ, માત્ર થોડી નજર ફેરવી શકાય છે અને તે વખતે આપણે બહુ બારીકાઈથી જોઈએ તોપણ એના ડાઘાનો કોઈ અંશ નરી આંખે નજરે પડતો નથી.

પરંતુ સૂર્ય ઉપર પણ ડાઘા છે જ. આજથી લગભગ ૧૬૪૫ વર્ષ પહેલાં (ઈ. સ. ૩૦૧માં) ચીનના ખગોળવેત્તાઓએ સૂર્યના એ ડાઘા સૌ પહેલાં શોધીને તે વિષે રીતસરની માહિતી મેળવી નોંધ કરી હતી. ત્યાર પછી છેક ૧૩૦૦ વર્ષ બાદ યુરોપના મહાન વૈજ્ઞાનિક ને ખગોળશાસ્ત્રી ગૅલીલીઓએ પોતાના સ્વરચિત દૂરબીનમાંથી એ અદ્ભુત ગોળાનું સંશોધન કરવા માંડયું ત્યાં સુધી દુનિયાના બીજા ખગોળવેત્તાઓનું ધ્યાન તે તરફ ખેંચાયું લાગતું નથી. ગૅલીલીઓએ તો એ જોઇને સૂર્યના જુદાજુદા નકશાઓ તૈયાર કર્યા, જેમાં તેણે આ ડાઘાઓ ખૂબ ચીવટપૂર્વક માપસર મૂકેલા. જુદેજુદે સમયે આ ડાઘાઓના કદમાં અને સંખ્યામાં થતા ફેરફારોની પણ તેણે નોંધ કરી. જોકે તે આ ડાઘાઓનું કારણ સમજાવી શકયો નહિ.

આપણા દૈનિક જીવનની ઘટમાળમાં સૂર્યનું અસ્તિત્વ સામાન્ય થઇ પડયું છે તેથી, કે પછી તેની ઉગ્રતાને લીધે, કે બીજા કોઈ કારણે, પણ સૂર્યમાં રહેલા આ ડાઘાઓ પાછળ કોઈ કવિઓને ચંદ્રના ડાઘા જેવી રસમય કલ્પના કરવાની સૂઝી નથી ! હા, ઘણા ખગોળવેત્તાઓ ને વૈજ્ઞાનિકોએ અનેક કલ્પનાઓ દોડાવીને તે માટે પોતપોતાનાં ચિત્રવિચિત્ર કારણો વહેતાં મૂકયાં છે. કેટલાકને એમ લાગે છે કે આ ડાઘા તો સૂર્યથી દૂર આવેલા કોઈ મોટા પદાર્થો છે અને તે સૂર્યની આજુબાજુ ફરે છે. થોડાકને વળી સૂર્યના મોટા જ્વાળામુખીઓમાંથી નીકળતા કાળા ધુમાડાના ગોટેગોટા જેવા એ લાગે છે. કેટલાકે ધાર્યું છે કે કદાચ સૂર્યના આકાશમાં આ મોટાંમોટાં વાદળાં પણ હોય! જ્યારે થોડાએક 'કલ્પનાશાસ્ત્રી'ઓને તે રાક્ષસી પર્વતો ને જ્વાળામુખીનાં મુખ જેવા લાગ્યા છે, જેમાંથી વારંવાર નીકળતા ભયંકર લાવા ને પીગળેલી ધાતુઓના બહાર આવવાથી તે વારંવાર દેખાતા બંધ થઇ જાય છે. થોડા પીઢ ખગોળશાસ્ત્રીઓએ નીરાંતે તે પર વિચાર પણ કર્યો ને સર વિલિયમ હર્શલ જેવા પ્રખર ખગોળશાસ્ત્રીએ જાહેર કર્યું કે આ તો સૂર્યના વાતાવરણમાંથી સૂર્યની અંદરનો ઠરેલો ભાગ દેખાય છે. પણ આમાંનો એકેય તર્ક પ્રાયોગિક અવલોકન પર આધાર રાખતો નથી, એટલે વિજ્ઞાન તેને ખોટા ઠરાવે છે.

આપણી પૃથ્વીના જન્મદાતા અને આપણું જીવન ટકાવી રાખનારા આ મહાન આકાશી પદાર્થનો ઝીણવટભર્યો અભ્યાસ ન થઈ



પૃથ્વીથી નવ કરોડ ને ત્રીસ લાખ માઈલ દૂર આવેલા ૮,૬૪૦૦૦ માઇલના વ્યાસના ને ૧૨,૦૦૦ ડિગ્રી ફેરનહાઇટ ગરમી ધરાવતા આ ધગધગતા ગોળામાં પણ અવારનવાર ચન્દ્રના જેવાં કાળાં ધાબાં જણાય છે. ડાબી બાજુના સૂર્યના ચિત્રમાં એનાં સ્થાન દર્શાવ્યાં છે; અને જમણી બાજુના ચિત્રમાં તે ડાઘા મોટા કરી બતાવ્યા છે. એ જ ચિત્રને નીચલે જમણે છેડે કાળું ગોળ ટપકું છે તે આપણી પૃથ્વીનું કદ એ ડાઘાઓના મુકાબલામાં કેટલું છે તે દર્શાવે છે.

શકવાનાં બે મુખ્ય કારણો છે. એક તો એ કે સૂર્યનું અવલોકન કરવા માટે આપણી પાસે માત્ર બે જ મુખ્ય સાધનો છે : ટેલેસ્કોપ (દૂરબીન) અને સ્પેકટ્રોસ્કોપ (સૂર્યમાંથી આવતાં પ્રકાશનાં કિરણોનું પૃથ્થક્કરણ કરનારૂં યંત્ર). આ પૃથ્થક્કરણમાં પ્રકાશના સાત રંગો ઉપરાંત કેટલીક ખાસિયતોવાળી ઊભી કાળી લીટીઓ પણ જોવામાં આવે છે. આ લીટીઓ સૂર્યના હવામાનમાં રહેલી ધાતુઓ–પદાર્થોનું અસ્તિત્વ બતાવે છે. સ્પેકટ્રોસ્કોપથી સૂર્યની ગરમી પણ મપાય છે.

બીજું મુખ્ય કારણ એ કે સૂર્યના અસાધારણ તેજસ્વીપણા અને પ્રકાશને લીધે સીધી રીતે તેનું અવલોકન કરવું મુશ્કેલ છે. એટલે તેના વાતાવરણનો જે કંઈ અભ્યાસ કરવો હોય તે ખરેખરો તો માત્ર ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે જ, એટલા ટૂંકા વખત પૂરતો જ, થઇ શકે છે.

છેલ્લું એક સ્પેકટ્રોહીલીઓગ્રાફ નામનું યંત્ર શોધાયું છે, જેમાં સ્પેકટ્રોસ્કોપ, ટેલેસ્કોપ અને કૅમેરા એ ત્રણેનું સંયોજન કરવામાં આવ્યું છે. મિ. હેઇલ નામના આ યંત્રના શોધકે તે વડે સૂર્યના ભૌતિક વિજ્ઞાન (સોલર ફીઝિક્સ) પર સારાં સંશોધનો કર્યાં છે. સૂર્યમાંથી નીકળતી અને કોઇકોઈ વાર તો પાંચ લાખ માઈલ દૂર સુધી પહોંચતી હાઇડ્રોજન વાયુની સળગતી જ્વાળાઓના તે વડે તેમણે ફોટોગ્રાફ લીધા. તે સાથે સૂર્યના ડાઘાઓના પણ ફોટોગ્રાફ લેવાયા. આ ફોટો ઉપરથી અને ઘણા વિચારો તર્કો તથા પછી મિ. હેઈલે જે સિદ્ધાંતો બહાર પાડયા છે તે હવે ઘણે અંશે સાચા માનવામાં આવે છે.

જ્યારેજ્યારે ખગોળશાસ્ત્રીઓ તરફથી છાપાંઓમાં થતી જાહેરાત વાંચવામાં આવે કે આજકાલ સૂર્યના ડાઘાઓ વધારે ચોકખા બન્યા છે ત્યારે મેશ લગાડેલા કાચ, ઘેરા રંગનાં ગૉગલ્સ કે ફોટોગ્રાફની કોઇ કાળી નેગેટિવમાંથી સૂર્ય સામું જોવાથી વગર દૂરબીને પણ આ ડાઘાઓ જોઈ શકાશે. ખરી રીતે આ ડાઘાઓ કાળા નથી. ફક્ત સૂર્યની અત્યંત તેજસ્વી સપાટીની સરખામણીમાં તેટલો ભાગ ઝાંખો હોવાથી આપણને તે કાળા ડાઘા લાગે છે. સારા ટૅલેસ્કોપથી જોતાં તેની ચોમેર સોનેરી કે પીળી કોર દેખાય છે. હેઇલે લીધેલા ફોટોગ્રાફો પરથી માપ કાઢતાં આમાંના કેટલાકનું ક્ષેત્રફળ તો પૃથ્વી જેવા અનેક ગ્રહોના ભેગા ક્ષેત્રફળ જેવડું થવા જાય છે !

સૂર્યનું જુદેજુદે સમયે અવલોકન કરવાથી જણાયું છે કે સૂર્યની સપાટી ઉપર આ ડાઘાઓ સ્થિર નથી. તેમના વારંવાર થતા સ્થળાંતર ઉપરાંત તેમનું કદ અને સંખ્યા પણ બદલાય છે. વળી ખગોળ શાસ્ત્રીઓએ અંદાજો કાઢી એમ પણ નક્કી કર્યું છે કે આ ડાઘાઓ વધુમાં વધુ સંખ્યા તથા મોટામાં મોટા કદ સાથે દર ૧૧ વર્ષે દેખાય છે. ઈ. સ. ૧૯૩૭ માં છેલ્લે આ રીતેએ ડાઘા દેખાયા હતા, તેથી હવે ૧૧ વર્ષે એટલે ઈ. સ. ૧૯૪૮ માં તે ફરી દેખાશે અને આની આગાહી રૂપે હગણાંથી જ તેની ઝાંખી થવા લાગી છે.

આ ડાઘાઓ વિષે છેલ્લી નિશ્ચિત કલ્પના એ થઈ છે કે સૂર્યની સપાટી ઉપર મોટાંમોટાં તોફાનો (સાઈકલોન અથવા ચક્રવાત) થાય છે. આ રાક્ષસી ચક્રવાતોનાં કેન્દ્ર આપણને ડાઘા તરીકે દેખાય છે. આવાં તોફાનોની ગતિ એક મિનિટના ૪૦૦૦ માઈલથીપણ વધારે હોય છે. આ કેન્દ્રોમાં ઉષ્ણતામાન જરા ઓછું હોય છે—લગભગ ૪૦૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ; જ્યારે સૂર્યની બાકીની સપાટી ઉપરનું ઉષ્ણતામાન લગભગ ૬૦૦૦ ડિગ્રી હોય છે. આથીજ આપણને આ કેન્દ્રો પ્રમાણમાં કાળા ડાઘા તરીકે દેખાય છે.

સૂર્યના ડાઘાઓ વિષે તો આપણે જાણ્યું, પણ તેનું આપણે માટે મહત્ત્વ શું? આપણી પૃથ્વી ઉપર તેની શી અસર થાય છે? વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે જ્યારેજ્યારે સૂર્ય ઉપર એવાં ભયંકર તોફાનો થાય છે. એટલે કે ડાઘા ચોખ્ખા દેખાય છે અને પેલી જ્વાળાઓ નીકળે છે) ત્યારે ત્યારે તેમાંથી મોટા જથ્થામાં એક પ્રકારની શક્તિ (energy) બહાર નીકળે છે. આ શક્તિ જાણીતાં અલ્ટ્રા—વાયોલેટ (Ultra Violet) કિરણોરૂપે હોય છે અલ્ટ્રા—વાયોલેટ કિરણોની ઝડપ લગભગ પ્રકાશના જેટલી—એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલની હોય છે.

આ ગતિને લીધે તે થોડા જ વખતમાં પૃથ્વીના વાતાવરણના સૌથી બહારના થરો સુધી પહોંચી જાય છે અને વાતાવરણને સંપૂર્ણ વિજળીમય બનાવી દે છે. અને આની અસર રેડિયો—વાયરલેસ—ઉપર સીધી થાય છે; કારણ રેડિયો ટ્રાન્સમીટરમાંથી જે શૉર્ટ રેડિયો વેવ મોકલવામાં આવે છે તે આ જ થરો સાથે અથડાઈ પરાવર્તિત થઈ પાછાં ફરતાં હોય છે. પણ પેલાં કિરણોને લીધે રેડિયોનાં મોજાં ત્યાં જ શોષાઈ જાય છે અને પરિણામે આપણા સેટમાં મોજાંઓ ન ઝીલી શકાવાને લીધે સ્ટેશનો ચોકખાં સંભળાતાં નથી. આ બનાવને 'રેડિયો—ફેઈડ-આઉટ' કહેવામાં આવે છે. આ ફેઈડ—આઉટ સામાન્ય રીતે દરેક સ્થળે બપોરે જ સૌથી વધુ જોવામાં આવે છે.

એ ડાઘામાંથી અલ્ટ્રા—વાયોલેટ કિરણો ઉપરાંત વિદ્યુત—અણુઓ (ઇલેક્ટ્રોન) પણ નીકળે છે. આ અણુઓની ગતિ લગભગ સેકંડના ૧૦૦૦ માઈલની હોય છે. આથી તેમને પૃથ્વી સુધી પહોંચતાં ૨૦ થી ૩૦ કલાક થાય છે. આપણી પૃથ્વીના ઉત્તર ને દક્ષિણ ધ્રુવ—પ્રદેશોના હવા માનમાં રહેલા વાયુઓ સાથે આ અણુઓના અથડાવાથી તે તે પ્રદેશોના આકાશમાં ભવ્ય અને દિવ્ય પ્રકાશો અને રંગોની રમઝટ બોલે છે. આ બનાવને ઑરોરા બોરિયાલિસ કહે છે. આ રીતે એ ડાઘાઓ અને પૃથ્વીને સંબંધ છે.

સૂર્યના આ ડાઘા સંબંધે હજુ પૂરેપૂરો અભ્યાસ થયો નથી, પણ થોડા વખત પહેલાં થયેલા ખગ્રાસ, સૂર્ય-ગ્રહણનું અને હવે મુદત નજીક આવેલી હોવાથી વધવા લાગેલા એ ડાઘાઓ તથા તેની અસરનું વૈજ્ઞાનિકો ચીવટથી અવલોકન કરી રહ્યા છે. તે ઉપરાંત પૃથ્વી ઉપર આવી પડતાં અને હવે જાણીતા થએલાં કૉસ્મિક કિરણોનું ઉદ્ભવસ્થાન પણ સૂર્ય જ છે કે કેમ તે માટે પણ પ્રયોગો ચાલે છે. ઉપરાંત ૧૯૪૮માં સંપૂર્ણપણે દેખાનારા મોટા ડાઘાનું અવલોકન કરવા માટે પણ તૈયારીઓ ચાલે છે. એટલે થોડાં જ વર્ષોમાં આ બંને માટે વધુ જ્ઞાન સાંપડે તો નવાઈ નહિ. **વિજય પંડ્યા**

જે. પી. (અનુસંધાન પાછળ પાન ૧૧૪થી)

વગેરેનો ભેટો થયો ને સમાન વિચારશ્રેણીના એ સઘળા જુવાનોએ ભેગા થઇને જેલમાંજ હિંદી સમાજવાદી પક્ષની રૂપરેખા દોરી કાઢી.

ઇ. સ. ૧૯૩૩માં જેલમાંથી છૂટવા સાથે એમણે એ રૂપરેખાને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો. આચાર્ય નરેન્દ્રદેવના પ્રમુખપદે અખિલ હિંદ સમાજવાદી પરિષદ ભરવામાં આવી. જયપ્રકાશ એના મહામંત્રી બન્યા. ત્યારથી આ કૉંગ્રેસ-સમાજવાદી-પક્ષ કૉંગ્રેસની એક પાંખ તરીકે રહેતો આવ્યો છે.

ઈ. સ. ૧૯૩૪માં કૉંગ્રેસના પ્રમુખસ્થાને આવેલા જવાહરલાલ નેહરૂએ કૉંગ્રેસના તંત્ર-સંચાલનમાં આ ઉદ્દામવાદીઓનો અવાજ આવવા દેવાનો સત્પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે જયપ્રકાશને લાગ્યું કે કૉંગ્રેસની કારોબારીમાં રહીને પોતાના પક્ષનું હિત નહિ સાધી શકાય ત્યારે કારોબારીના કશા અનાદરના ઉદ્દેશ વિના કેવળ પોતાની પક્ષનિષ્ઠાને લઇને એમણે કારોબારીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું. ત્યાર બાદ પણ એમને અનેકવાર કારોબારીના સભ્યપદ માટે કહેવામાં આવ્યું છે, પણ એમણે એનો સ્વીકાર નથી કર્યો.

'સત્તા સ્વેચ્છાએ નથી સોંપાતી, એ તો છીનવી લેવી જોઇએ છે અને સત્તા છીનવવા જેટલું બળ સંગઠનથી જ આવે છે.' એ જયપ્રકાશનું દૃઢ મંતવ્ય છે. એ સંગઠન જનતાનું જ હોવું જોઈએ, મૂડીવાદીઓના આશ્રિતો કે સહકારીઓનું નહિ. સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે હમેશાં સંયુક્ત મોરચાની આવશ્યક્તા એમણે સ્વીકારી છે. હિંદી યુવાનોને કૉંગ્રેસના નેજા નીચે આણવામાં કદાચ સૌથી જબરો હિસ્સો એમનો છે. યુવાનોને એમણે આપેલો આદેશ સ્પષ્ટ તેમજ સૂચક છે કે 'હિંદમાં શાહીવાદ સામેનો સૌથી જબરદસ્ત ને વ્યાપક મોરચો કોઇ હોય તો તે કૉંગ્રેસ છે. એ સ્વરૂપે જ એ રહેતી આવી છે, આજે રહી છે ને નજર પહોંચે છે ત્યાં સુધી તો ભવિષ્યમાં પણ રહેશે.' કૉંગ્રેસને નબળી ન પાડવા માટે જ, સ્પષ્ટ હેતુ પરંતુ અસ્પષ્ટ કાર્યનીતિ ધરાવતા સુભાષબાબુને ત્રિપુરી મુકામે એમણે સહકાર ન આપેલો, ને એટલા જ માટે કમ્યુનિસ્ટોને એ સહકાર નથી આપતા.

અંગ્રેજ સરકારને સદા શિરોવેદના કરી રહેલા જયપ્રકાશ અનેક વાર જેલમાં જઈ આવ્યા છે. ને એ દરેક વખતનો એમનો કારાવાસ રંગરોમાંચથી ભરપૂર છે. હિંદની સ્વતંત્રતા ને સ્વતંત્ર હિંદની સમાજવાદી પુનર્ઘટના એ ઉદ્દેશે, જેટલી બ્રિટિશ શાહીવાદીઓ સામે એવી જ હિંદી મૂડીવાદીઓ સામે એમણે અવિશ્રાંત લડત ચાલુ રાખેલી છે. બ્રિટિશ સલ્તનતની તાકાતથી જેમ એ નથી અચકાયા તેમ ગાંધીજીના પ્રબળ વ્યક્તિત્વથી પણ એ નથી અંજાઇ ગયા, ને જ્યારે જ્યારે પોતાને સાચું લાગે ત્યારેત્યારે ગાંધીજીની વિરુદ્ધ પણ એ ગયા છે. આમ છતાં ગાંધીજીનો એમના પરનો પ્રેમ મુદ્દલ ઘટ્યો નથી.

જયપ્રકાશના કરતાં વધુ લક્ષ્મીવાનો, વધુ જ્ઞાનવાનો કે તાકાતવાનોનો ચાળીસ કરોડના આ રાષ્ટ્રમાં તોટો નથી. આમ છતાં ગાંધીજી અને નહેરૂ જેવી પ્રભાવશાળી વ્યક્તિઓની વચ્ચે પણ જયપ્રકાશ પોતાનું વિશિષ્ટ સ્થાન જમાવી શક્યા છે તે શાને આભારી છે? એમની અચળ આદર્શનિષ્ઠા ને બેહદ ત્યાગતત્પરતાને. ગાંધીજીના—દેશસમસ્તના જયપ્રકાશ પરના પ્રેમનું એ જ રહસ્ય છે.

અશોક હર્ષ

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણા બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મૂંઝાતા જણ્યા છે. 'દલપતપિંગળ', 'રણપિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મકવિતા'માંના 'પિંગળ પ્રવેશ', ઊગતા શીખનારાઓ માટે જોઈએ તેટલા વિશદ જણાયા નથી. બૃહદ્ વ્યાકરણ વગેરેને છેડે અપાયેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાઠ્ય પુસ્તકમાનું આ પ્રકરણ અગાઉથી પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

ગયા બે અંકમાં પિંગળશાસ્ત્રની પ્રારંભિક વિગતો, પારિભાષિક શબ્દો તથા અક્ષરમેળ તેમજ માત્રામેળ છંદોની રચનાની સમજણ આપવામાં આવ્યાં હતાં. આ અંકમાં તેને અનુસંધાને દેશીઓની રચના સમજાવવામાં આવી છે.]

લેખક · કેશવરામ કા. શાસ્ત્રી

દેશીઓ

ગુજરાતી ભાષાએ અન્ય દેશભાષાઓની જેમ માત્રામેળ છંદોમાંથી ઊતરી આવેલી 'દેશીઓ' પણ મેળવેલી છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓએ આ દેશીઓનો ખૂબ વિકાસ કર્યો હતો. આજે પણ એ રાસ–ગીતોમાં પુષ્કળ ફાલે છે. એમાં નવાનવા ઢાળ પણ થયા છે અને થતા આવે છે. પણ એના મૂળમાં તો કોઈ એક જૂની દેશી જ હોય છે. આપણે ત્યાં આવી નીચેની દેશીઓ જાણીતી છે: (૧) દોહરાની, (૨) સોરઠાની, (૩) ચોપાઈની. (૪) ચરણાકુલની, (૫) પ્લવંગમની, (૬) હરિગીતની, (૭) સવૈયાની, (૮) ઝૂલણાની. આખ્યાનકારો તે તે છંદનો આધાર લઈ તેમાંથી આ દેશીઓ બનાવતા. એમાં ક્વચિત્ શુદ્ધ છંદનું તત્ત્વ જળવાઈ પણ રહે, અને ક્વચિત્ કેટલીક માત્રાની વધઘટ પણ હોય. આ નીચે આપેલા નમૂનાઓ ઉપરથી વધુ સ્પષ્ટતા થશે.

દોહરાની દેશી:

> ઘડપણ કોણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ
> ઊગરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
> ગોળી તે ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ—ઘડપણ૦
> (નરસિંહ મહેતા)

સોરઠાની દેશી:

> વજ્જંઇ એ તાલકંસાલ વજ્જંઈ મદ્દલ ગુહિરસર,
> રંગિહિ એ નચ્ચઇ બાલ પેખિવિ અંબિકમુહકમલુ.'
> (રેવંતગિરિરાસુ)

ચોપાઈની દેશી (જે કરીની ઉપજાતિ):

> શુકજી કહે: સાંભળ રાજન, પરમ કથા પ્રીઢી પાવન.
> વળી વિચારે કમળાપતિ, મેં સુદામા સરખું આપ્યું નથી.
> (પ્રેમાનંદ)

ઉપરની ચોપાઈમાં છેલ્લે ગુરુ આવતાં ચરણાકુલની દેશી બને છે.

પ્લવંગમની દેશી:

> સુરતાની વાડીના મીઠા મોરલા !
> ઊછળતા શા ઉરસાગર ઉલ્લાસ જો !
> નિઝરતી સૌભાગ્યસુહાગન જ્યોત્સ્નિકા,
> નયને ઝળકે નમણું નિર્મલ હાસ જો !—સુરતાની૦ (કાન્ત)

હરિગીતની દેશી:

> ભીમસુત ત્યાં આવિયો (ને) સુણી વનમાં વાત,
> 'તાતની પક્ષે જજો' એમ વદે વાણી માત. (વૈકુંઠ)

સવૈયાની દેશી:

> ભૂતળ ભક્તિપદારથ મોટું બ્રહ્મલોકમાં નાહી રે,
> પુણ્ય કરી અમરાપુરી પામ્યા અંતે ચોરાસી માંહી રે.'
> (નરસિંહ મહેતો)

આ બધાંમાં સવૈયાની દેશી બહુ જ વ્યાપક છે. મધ્યકાલનાં આખ્યાનોનો મોટો ભાગ સવૈયાની દેશીમાં ને તેથી થોડો ચોપાઈની દેશીમાં છે. ચોપાઈની દેશીમાં ચરણાકુલની દેશીનું મિશ્રણ હોય છે.

એક જ પ્રકારની દેશીમાં કેટલીક વાર ખૂબ વૈવિધ્ય પણ સાધવામાં આવે છે. જેમકે—

દોહરામાં—

> આંખ ભરી અબળા કહે, ઋષિરાયજી રે,
> મારું જડ થયું છે મન, લાગું પાયજી રે.
> એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે,
> રુએ બાળક લાગ્યો અન્ન, લાગું પાયજી રે.' (પ્રેમાનંદ)

આમાં દોહરાના પ્રત્યેક ચરણ પછી અનુક્રમે 'ઋષિરાયજી રે' અને 'લાગું પાયજી રે' મૂકવામાં આવ્યાં છે. આ જ પ્રકારે ચોપાઈમાં પણ વિવિધતા સાધવામાં આવે છે. દોહરા–ચોપાઈની વિવિધતાવાળા આ બધા ઢાળમાં પછી આખાં ચરણ પણ લખાયાં હોય છે; જેમકે—

> જો પશ્ચિમ કેરે દ્વાર, નમણી સાંધ્યપ્રભા;
> વિલસે ત્યાં ઊડે આભ રંગની સૌમ્ય છટા.' (સ્નેહરશ્મિ)

એ જ રીતે ઝૂલણાની દેશીમાં—

> જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળિયા,
> તુજ વિના ધેનમાં કોણ જાશે ? (નરસિંહ મહેતા)

નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંના બધા ઝૂલણા આવા છે.

દેશીઓમાં દોહરા ચોપાઈ વગેરેનાં ચરણમાં જેવું વૈવિધ્ય મળે છે એવા વૈવિધ્યની છાયામાં આપણે ત્યાં નવા પ્રયોગો પણ થયા છે:

> આજ શ્રાવણની રાતના ગાજે મેઘ આ ડંબર ઘોર,
> વીજનાં નૃત્યનાં ઝાંઝરવ જે નીર કરે મૃદુ શોર,
> રોતા હસી નાચતા ઊડે મોર.
> એવી ક્રૂર ધૂન રમી રહી ઓર !' (સ્વપ્નસ્થ)

આપણા સમગ્ર કાવ્યસાહિત્યમાં દેશીઓ એટલી બધી છે અને તેમાં એટલી બધી વિવિધતા સધાઈ ગઈ છે કે બધા જ સંયોગોમાં એ કયા છંદની દેશી છે તે પકડી પણ નથી શકાતું. જેમકે—

> 'ઝંખે છે ભોમ પાણી પાણી, ઓ મેહુલા !
> ઝંખે છે ભોમ પ્રાણી પાણી !
> તુંને શું આગ આ અજાણી ? ઓ મેહુલા૦
> મેલાં આકાશ, જાણે મૃત્યુની ખીણ ખડી,
> સૂરજની ચેહ ત્યાં ચેતાણી, ઓ મેહુલા૦
> હજી યે ખડા ન ખેંચાણી ? ઓ મેહુલા૦ (સ્વપ્નસ્થ)

એ જ રીતે એક જૂની દેશીનું ઉદાહરણ—

> ગોવિંદે ગોઠડી માંડી પૂછીને મિત્ર અમારા,
> સાંભળવા આતુર છું સમાચાર તમારા. (પ્રેમાનંદ)

અનુકરણ કરનાર પોતાને જે દેશી પ્રયોજવાની હોય તેને જો આંખ સામે રાખીને રચના કરશે તો એમાં બંધદોષ નહિ આવે. (ચાલુ)



માધુકરી

કહ્યું હતું મેં ,
કે એક દિ' આવીશ દ્વાર તારે, ખૂટ્યું હશે ચેતન તો ય કાયા
ઉપાડીને, પંગુ છતાં ધીમે ધીમે આવીશ હું એક દિ' દ્વાર તારે.
કહ્યું હતું : આજ કહું છું જુદું. તારી કને જર્જર જિંદગી લઇ
અનેક રોગે ચિમળાયલી છબી બતાવવા આવીશ હું નહિ પિતા !
હું તો ધરાને ચગદેલી દૈત્યની એડી તળે, શીશ મૂકી સુંવાળું
અતૃપ્તને રક્તની તૃપ્તિ અર્પી તારે ઘરે આવીશ રંગભીનો.
જુવાનને જર્જર જિંદગીનાં સુદૂરનાં સ્વપ્ન ન હોય કામનાં.

(ઈન્દુલાલ ગાંધી)

શ્રી અચ્યુત પટવર્ધન

૧૯૪૨ની લોકક્રાન્તિને બીજા કોઇના પણ કરતાં અધિક પ્રમાણમાં ને અધિક સમય પર્યંત કાર્યદિશા તેમજ સાતત્ય પ્રેરનાર, હિંદના આ છૂપા ને નામુકામ (અન્ડર-ગ્રાઉન્ડ) કાર્યકર્તા ગયે મહીને જાહેરમાં આવ્યા. એ ગુપ્તવાસ દરમિયાન જીવનમરણના જંગમાં ઊતરેલા એ અપ્રતિમ સાહસવીરે સરકારની દમનનીતિ સામે માંડેલા મોરચાએ અનેક યુવાન હૃદયોમાં તેમને કાયમનું સ્થાન અપાવ્યું છે. એમનો ટૂંકમાં પરિચય આપવો હોય તો આટલું કહી શકાય: પ્રફુલ સ્મિત પાછળ અણનમ કાર્યભાવના, તેજીલી ધાર જેવું મગજ, તથા શત્રુ-મિત્ર સર્વે પ્રત્યે અકલ્પ્ય ઉદારતા. એમની સાદગી સામા માણસને સ્તબ્ધ બનાવી દે એવી છે. પોતાના ગુપ્તવાસ દરમિયાન એક વાર મુંબાઈના સામાન્ય અવરજવરથી દૂરના એક સ્થળે એ રહેલા. એમની સાથે બીજા ત્રણ તરુણ સહકારીઓ હતા. તેઓ એમની પાસેથી સૂચનાઓ મેળવી નિર્ધારિત સ્થાને તે પહોંચાડવા ગએલા. એ શ્રમભરી ફરજ બજાવીને પાછા આવતાં તેમણે જે જોયું તેથી ચકિત જ બની ગયા. તેમનાં કપડાં ધોઈ નાખવામાં આવેલાં અને જમવાનું તૈયાર રાખવામાં આવેલું ! કેટલા યે વખત સુધી તો તેમને એ કામ કોણ કરતું તેની ખબર જ નહોતી પડી. પોતાના સૈનિકો માટે ધોબી ને રસોયાની કામગીરી બજાવે એવા સેનાપતિઓ દુનિયામાં બહુ ઓછા હશે.



('ભારતી'ના સૌજન્યથી)

પરંતુ અચ્યુતને માટે તો એ તદ્દન સ્વાભાવિક છે. ઊંડે ઊંડે ખુરશી તપાવી રહેલા ને નિવેદનો બહાર પાડયે જનારા નેતાઓ કરતાં અચ્યુતના સાથીદારો એના પ્રત્યે પછી અધિક વફાદારી દર્શાવે તેમાં નવાઈ શી ?

૧૯૪૨ના ઑગસ્ટથી ૧૯૪૬ના એપ્રિલ સુધીના ૪૪ મહિના જાતે અપરાજિત રહીને એમણે કેટલા ય પ્રાંતોની પોલીસ અને સી.આઈ.ડી.ને ફેરફૂદડી ફેરવી છે. જોકે એ દરમ્યાન એમના માટે ઘણી અણીની પળો ઉપસ્થિત થએલી. ૧૯૪૩ના મેમાં સાને ગુરુજી, નાનાસાહેબ ગોરે તથા મહારાષ્ટ્રના ભગતસિંહ તરીકે લોકખ્યાત થએલા શીરૂ લિમયે જેવા સંખ્યાબંધ અગ્રગણ્ય ગુપ્તવાસી કાર્યકર્તાઓ ગિરફતાર થઇ ગએલા, ત્યારે અચ્યુત એ ગિરફતારીમાંથી આબાદ છટકી ગએલા.

આમ છતાં, અચ્યુતની વિદ્યાર્થી દશા-

આ માસ (મે)નું પંખી



દૂધરાજ

એના નામ પ્રમાણેના જ મુખ્ય રંગનું, આછી શ્યામ છાં ટ ણા ળા નિર્મળ સુધાધોતશ્વેતવર્ણું. આ અત્યંત-રૂપમનોહરને નાજુકનમણી દેહલતાવાળું, કાબર જેવડું પંખી જોવા મળે એ એક લ્હાવ છે. એ સ્થાનિક યાત્રી ગણાય છે ને ઉત્તરગુજરાતમાં આબુ તથા ઇડર તરફ આ સમયે જોવા મળે છે. કાઠિયાવાડમાં પણ કોઇ કોઇ સ્થળે એ જોવામાં આવ્યાનું સાંભળ્યું છે.

દૂધ જેવા ધોળા રંગના આ પંખીનું માથું ગરદન અને શિર પરની કલગી શોભાયમાન વાદળી ઝાંયવાળા કાળા રંગનાં; પીઠ, પાંખો, પૂંછડી ને એમાં ફરફરતાં બે લાંબાં પીછાં દેદિપ્યમાન કઠાર-સુરંગ રંગવાળાં. રંગવૈવિધ્યની સ્વચ્છતા, લોકોત્તર રમણીયતા, દેહના સૌષ્ઠવ ને હલનચલનની લલિતતામાં હિંદનું કોઈ પંખી એની તોલે ન આવે. માટે તો તેને 'શાહી' બુલબુલ કે 'હુસેની' બુલબુલ પણ કહે છે. તેની માદાને 'સુલતાના' બુલબુલ કહે છે. અંગ્રેજીમાં પણ એને 'પૅરડાઈઝ ફ્લાઈ-કૅચર' કહે છે તે, ન્યૂગીની ને મોલક્કાના ટાપુઓમાં થતાં, 'બર્ડ્ઝ ઑવ પૅરૅડાઇઝ' નામનાં જગતનાં શ્રેષ્ઠ રૂપસુંદર પંખીઓને મળતી એની રંગમોહકતાને કારણે જ.

નિર્મળ જળવાળાં નદીઝરણાંના શીતળ તટ અને પ્રસન્ન વનરાજીઓ એનાં નિવાસસ્થાન છે, તે પણ એની આ સુંદરતામાં વધારો કરે છે. તરુચ્છિદ્રોમાંથી ચળાઇ આવી ઘેરી વનઘટાના અંધકારને ભેદતાં કમળનાળ જેવાં પથરાતાં સૂર્યકિરણોની વચ્ચે નહાતો દૂધરાજ, પોતાની પૂછડીનાં બે મૃદુ સુકોમળ પીછાંના મૂક ફરફરાટથી જાણે સ્વપ્ન દશામાં હોય તેમ તરતો તમે જુઓ ન જુઓ, ત્યાં તો પાછો તરુઘટામાં અદશ્ય થઈ જાય છે.

('પ્રકૃતિ'માંથી) —હરિનારાયણ આચાર્ય

માં જો કોઇએ તેની આ ક્રાન્તિકારી કારકીર્દિની આગાહી કરી હોત તો તેમના ગમે તેવા એકનિષ્ઠ પ્રશંસકોએ પણ તે પ્રત્યે શંકા જ પ્રદર્શિત કરી હોત. કારણ કે એ શ્રીમંત પિતાના અત્યંત નાજુક પુત્ર હતા. ઘર બહારની કે મેદાની રમતોની એમનામાં મુદ્દલ વૃત્તિ નહોતી. એ સઘળું એમના મોટા ભાઈ રાવ માટે અનામત હતું. શાળા પછીની રખડપાટોમાં રમત, કુસ્તી કે તરવામાં રાવ અગ્રણી રહેતા, જ્યારે અચ્યુત એ બધું મૂગા મૂગા જોયા જ કરતા.

ઈ. સ. ૧૯૪૨ ને એ પછીનાં વર્ષોમાં સરકારનું વાહનવ્યવહાર-ખાતું અચ્યુતથી જે રીતે ભયભીત રહેતું તેનું સ્મરણ આજે ગમ્મત ઉપજાવ્યા વિના નથી રહેતું. શાહીવાદી યુદ્ધ અર્થેનો સરંજામ લઇ જતી એકેએક રેલવે ટ્રેનના પાટા એમના હાથે ઊખડી જવાનું એ કલ્પી લેતું. એ ખાતાએ એમને તો ઈજનેરી કે ગણિતશાસ્ત્રની એકાદ પ્રતિભારૂપે કલ્પી લીધેલા હશે, પરંતુ અચ્યુત પોતાના શાળાજીવનની સમગ્ર કારકીર્દિમાં ગણિતની એકે પરીક્ષામાં પાસ થએલા નથી! દરેક વખતે ગ્રેઈસના માર્ક (અને તે યે સારા પ્રમાણમાં) આપીને એમને આગલા ધોરણમાં પ્રોમોશન આપવામાં આવતું!

ગણિત પ્રત્યે ન વળેલી એમની રસવૃત્તિ સંગીત પ્રત્યે વળેલી છે. એ અનેક સાજ પર કાબૂ ધરાવે છે ને સરસ ગાઈ શકે છે. અચ્યુતને એમના પિતાના એક શ્રીમંત કાકાએ ચાર વર્ષની વયે દત્તક લીધેલા છે. અને તેથી જ એમના મોટાભાઈ જ્યારે પી. એચ. પટવર્ધન તરીકે પોતાની સહી કરે છે ત્યારે અચ્યુત એ. એસ. પટવર્ધન તરીકે કરે છે.

અચ્યુતના પિતા અત્યંત ભાવિક થીઓસોફિસ્ટ હતા. સેવા એ એમનો જીવનમંત્ર હતો. રાવ અને અચ્યુત અહમદનગર એજ્યુકેશન સોસાએટીની હાઇસ્કુલમાંથી મૅટ્રિક થયા પછી તેમણે એમને ઍની બેસંટે સ્થાપેલી સેન્ટ્રલ હિંદુ કૉલેજમાં બનારસ મોકલી આપ્યા. ત્યાંથી એમ. એ. થયા બાદ અચ્યુત યુરોપ ઊપડયા અને પાછા ફર્યા બાદ એ સંસ્થામાં જ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકનું પદ સ્વીકાર્યું.

તેઓ એ પદે હતા ત્યાં જ સવિનય ભંગની લડત ઊપડી. રાબેતા મુજબ રાવ એ લડતમાં સૌથી પ્રથમ ગિરફતાર થનારાઓમાં હતા. અચ્યુત લાંબો સમય અલિપ્ત ન રહી શકયા અને શ્રી કે. કૃષ્ણમેનન એ સમયે કૉંગ્રેસ બુલેટિનનું જે ગેરકાયદે પ્રકાશન કરી રહ્યા હતા તેમાં જોડાયા અને 'શંકર'ના નામે તેમાં લખવા લાગ્યા.

૧૯૩૪ના મેમાં પટણા મુકામે મળેલી મહાસભા સમિતિએ સવિનય ભંગની લડત પાછી ખેંચી લઇને ધારાસભા-પ્રવેશને મંજૂરી આપી એની સાથોસાથ જ શ્રી જયપ્રકાશ નારાયણે યોજેલી કૉંગ્રેસ સમાજવાદી મંડળની પરિષદ આચાર્ય નરેન્દ્રદેવને પ્રમુખસ્થાને મળી. અચ્યુત તેમાં અગ્રભાગી હતા. ત્યાર બાદ મુંબાઈમાં મળેલા કૉંગ્રેસના અધિવેશન સમયે કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના કરવામાં આવી અને ૧૯૩૬ની લખનૌ કૉંગ્રેસના પ્રમુખપદેથી પંડિત જવાહરલાલ નેહરુએ એ પક્ષમાંથી આચાર્ય નરેન્દ્રદેવ, જયપ્રકાશ નારાયણ તથા અચ્યુતને કૉંગ્રેસ કારોબારીમાં લીધા.

બીજા મહાયુદ્ધમાં હિંદને તેની સંમતિ વિના યુદ્ધમાં ઘસડવાના બ્રિટનના કૃત્યના પરિણામે કૉંગ્રેસપ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં અને ખડા સત્યાગ્રહની લડત શરૂ થઇ, તેમાં અચ્યુત જેલમાં ગએલા. જેલમાંનો એ સમય એમણે શ્રી અશોક મહેતા સાથે મળીને 'હિંદનો કોમી ત્રિકોણ' નામનું જાણીતું પુસ્તક લખવામાં ગાળ્યો.

લોકક્રાંતિમાં અચ્યુતે ભજવેલા જ્વલંત ભાગનું ને એની સિદ્ધનું ઉચિત મૂલ્યાંકન તો વખતના વીતવા સાથે જ થશે. ('ભારતી'માંથી)

હિંદમાં ગરીબાઇને લીધે પ્રજાને પૂરતું પોષણ મળતું નથી અને પૂરતા પોષણના અભાવે આંખો નબળી રહે છે. ટૂંકી નજર, રતાંધળાપણું, ખીલ અને મોતિયા જેવા અનેક રોગો આપણી પ્રજાને પીડે છે. યુરોપના સુધરેલા દેશોમાં જીવનધોરણનો આર્થિક વિકાસ કરીને લોકોની આયુષવૃદ્ધિ અને રોગનિવૃત્તિ યોગ્ય ઉપાયોથી ત્યાં કરી શકાઈ છે. તેમ આંખોની નબળાઈ અને રોગોના પ્રમાણને ત્યાં ખૂબ ઓછું કરી શકાયું છે.

દરેક હિંદીની પેઠે મને પણ આંખોની તકલિફો હતી. તેના નિવારણ માટે મેં જે સામાન્ય સાદા ઉપાયો લીધા તેથી મને ઘણો લાભ થયો છે. 'કુમાર'ના વાંચકોને એમાંથી કાંઈક જાણવા અને આચારમાં મૂકવાને યોગ્ય મળી આવશે એમ ધારી મારો અનુભવ રજૂ કરું છું. હમણાં મારી ઉંમર ૬૪ વરસની છે.

મારી આંખો નાનપણથી જ નબળી હતી. આંખો વારંવાર ઊઠી આવે, લાલ થાય, પાણી ગળે, એવી અનેક તકલિફો મને પીડતી. આંખો સામે ચળકતાં તમરાંઓ ઊડતાં હોય એવું દેખાતું. નજર પણ સ્પષ્ટ અને દૂરગામી નહોતી. કયારેક કયારેક આંખમાં સુરમો આંજતો, પણ એથી બહુ લાભ નહોતો દેખાયો.

આંખોની યોગ્ય સંભાળ રહી નહિ, રાત્રે વેપારી તરીકે પેઢીનું કામકાજ પણ હોય, પુસ્તકો પણ રાત્રે વંચાતાં. આને પરિણામે બંને આંખોમાં મોતિયા થયા. મિત્ર ડૉકટરોએ ચેતવ્યો અને ત્રણ ચાર વરસમાં તે પાકવાની આગાહી કરી. મેં પણ ત્યારથી આંખોની સંભાળ માટે પુસ્તકો અથવા અનુભવીઓ પાસેથી જુદાજુદા પ્રયોગો જાણીને કરવા માંડયા. આ રહ્યા એ પ્રયોગો.

(૧) હરડાં, બેડાં, અને આમળાં (ત્રિફળાં) નો જાડો ભૂકો રાત્રે માટીના વાસણમાં પલાળી, ખુલ્લી અગાસીમાં રાખી, સવારે એ પાણી ગાળીને આંખે છાંટવું. બીજે દિવસે એ ને એ ભૂકો ફરી પાછો પલાળવો. દસ દિવસે ભૂકો બદલવો. (ત્રિફળાનાં પાણી આંખો ઉપર છાંટવામાં સંભાળ રાખવી; નહિ તો કપડાં ઉપર ડાઘ પડે છે.)

(૨) સવારમાં ઊઠીને તરત નળમાંથી વહેતું ઠંડું પાણી હાથમાં લઈ આંખો ઉપર છાંટવું. પાંચથી સાત મિનિટ સુધી તે પાણી છાંટયા કરવું.

(૩) દસથી પંદર મિનિટ સુધી લીલા ઘાસની લૉન ઉપર ઉઘાડે પગે ચાલવાથી આંખને ઠંડક મળે છે.

(૪) શીર્ષાસનઃ હું છેલ્લાં દસ વરસ થયાં શીર્ષાસન કરું છું.

(૫) બગીચામાં ફરતાં લીલા વૃક્ષોનાં પાંદડાંઓ ઉપર દસેક મિનિટ સુધી તાકીને જોઈ રહું છું. સવારના વહેલાં ઝાકળથી ભીંજેલાં છોડોનાં મોટાં પાંદડાંને આંખ ઉપર દબાવી રાખું છું. બંધ આંખનાં પોપચાં ઉપર સરસિયા તેલની માલિશ કરું છું.

(૬) આંખોની કસરતો કરું છું. આંખોની કીકીઓને છ વખત આડી અવળી, છ વખત ઊંચી નીચી, છ વખત એક ખૂણે કાટખૂણામાં અને છ વખત કીકીને ગોળ ફેરવવાની કસરતો કરું છું. પછી આંખોને હથેલીથી ઢાંકી પાંચ મિનિટ આરામ આપું છું.

(૭) સવારના સૂર્યોદય સમયના બાળસૂર્યની સામે દસ મિનિટ ત્રાટક કરું છું; એટલે કે દૃષ્ટિ ટકાવી રાખું છું. સૂર્યસ્નાન કરતી વખતે સૂર્યનાં કિરણોનું તેજ બંધ કરેલી આંખો ઉપર પડવા દઉં છું.

(૮) આંખોમાં ખાખરાનો અર્ક (સસ્તા સાહિત્ય તરફથી મંગાવેલો) આંજું છું. તેથી આંખોની ગરમી ઓછી થાય છે. કેટલાક લોકો સુરમો અને ગુલાબજળ પણ આંજે છે હું એ આંજતો નથી..

(૯) લીલી કોથમીર અને સરગવાનાં લીલાં પાંદડાં અને ફૂલોનો

રસ કઢાવી દોઢથી બે તોલા પીઉં છું. આ બંને જાતનાં પાંદડાઓના રસમાં આંખના તેજને હિતકારક પ્રજીવકો હોવાનું કહેવાય છે.

(૧૦) પગનાં તળિયામાં માખણ અથવા તેલની માલિશ કરું છું. પગોની નસો સાથે આંખોની નસો જોડાએલી કહેવાય છે.

(૧૧) રાત્રે વાંચવા-લખવાનું તદ્દન છોડી દીધું છે. પ્રવાસ દરમ્યાન ચાલતા વાહને વાંચવાની ટેવ પણ છોડી છે.

(૧૨) દૂધ, દહીં, માખણ, છાસ એ ખોરાકના પદાર્થો આંખોના પોષણ માટે અતિ શ્રેષ્ઠ ગણાય છે હું એ પદાર્થોનો દરરોજ ૮૦ થી ૧૦૦ તોલા સુધી ઉપયોગ ખોરાક તરીકે કરું છું. આંખોના તેજની જાળવણી માટે દૂધ, દહીં, માખણના પ્રજીવકો ઉપયોગી છે.

(૧૩) વાંચતી-લખતી વખતે પુસ્તક કે કાગળ પર જ પ્રકાશનાં કિરણ પડે, પણ આંખો ઉપર બીલકુલ ન પડે તેવી બેઠક રાખું છું.

આ ઉપચારોમાંના ઘણા ચાલુ અને કેટલાક થોડી મુદત માટે કરું છું. સને ૧૯૨૬ થી મારી આંખે મોતિયા છે, પણ તેથી મને કોઈ જાતની અગવડ નડી નથી. કામધંધામાંથી નિવૃત્તિ લીધા પછી દરરોજ આઠ કલાક લખવા-વાંચવાનું કામ કરું છું. મને કોઈ જાતની તકલિફ થઈ નથી. પરંતુ ડૉકટરોને દેખાડતાં મોતિયા હજી બરાબર છે. તેનો ઉપલાં ઉપાયોથી નાશ થઈ શકયો નથી; એટલે મોતિયા જ્યારે પાકશે ત્યારે શસ્ત્રક્રિયા વગર છૂટકો નથી. ગયા વરસથી સહેજ ઝાંખાશ (તડકામાં વધારે) લાગે છે; પણ તેથી લખવા-વાંચવાની તથા અંધારામાં ફરવાની પ્રવૃત્તિઓમાં કાંઈ વાંધો આવતો નથી. આ સર્વે ઉપાયો ટેવોને લીધે સ્વયંસિદ્ધ બની ગયા છે અને એ કરવા માટે તકલિફ કે અગવડ નડતાં નથી. --ડુંગરશી ધરમશી સંપટ

દાડમ

દાડમ હિંદના લગભગ દરેક ભાગમાં થાય છે. ગુજરાત--કાઠિયાવાડમાં ધોળકા તથા ભાવનગરનાં દાડમ વખણાય છે; પરંતુ સારી જાતનાં દાડમ અફઘાનિસ્તાનમાંથી આવે છે. બલુચિસ્તાનમાં હરનાઇ આસપાસ ખાવા માટેનાં દાડમની સરસ જાત થાય છે, પણ તેના દાણાનો રંગ ફિક્કો હોવાથી તેમાંથી બનાવેલો રસ આકર્ષક લાગતો નથી. સૌથી વધારે લોકપ્રિય દાડમ કંદહારમાંથી આવે છે. એ જાતના દાણા ઘણા મોટા ને ખૂબરસવાળા હોય છે અને તેમાંથી જાંબુડો રાતો રસ નીકળે છે આ રસ સ્વાદમાં ખટમીઠો હોય છે.

આયુર્વેદના કથન અનુસાર દાડમના રસમાં સાકર, અને ખાટા પદાર્થો ઉપરાંત એવાં કેટલાંક તત્ત્વો છે કે જે જ્ઞાનતંતુઓને ટૉનિક-શક્તિદાયી થાય છે અને શરીરમાં કાળજાની પ્રવૃત્તિને સારી રીતે ચલાવે છે તેનાં મૂળની છાલ ઉત્તમ કૃમિઘ્ન ગણાય છે. ચરકે દાડમને હૃદય માટે હિતકર, ઉલટી તથા મોળને મટાડનાર અને થાકને હરનારું કહ્યું છે. ઝાડા ને સંગ્રહણીમાં દાડમનો રસ સરસ ગણાય છે.

દાડમનો રસ તાજો લેવાથી ઘણો ફાયદો થાય છે; પણ રસ સાચવી રાખવા માટે તેમાં થોડોક સોડિયમ બેન્ઝોયેટ (sodium benzoate) નાખવો સલાહભરેલ છે. દાડમની છાલમાં ટેનિનસારા પ્રમાણમાં છે. આ છાલ રુધિરસ્રાવના નિવારણમાં દવા તરીકે વપરાય છે. દાડમનાં સૂકવેલા બી આમળિયાં તરીકે વાપરવામાં આવે છે.

અફઘાનિસ્તાનમાં દાડમના રસમાંથી 'અનાર રબ' બનાવે છે. રસમાં સાકર નાખીને ધીમે તાપે લાંબા વખત સુધી ગરમ કરવામાં આવે છે અને રસ જાડો થાય ત્યાં સુધી આ ક્રિયા ચાલુ રાખવામાં આવે છે. આમાં દાડમનાં ૭૦-૭૫ ટકા તત્ત્વો સચવાઇ રહે છે. આ રબ ટમેટાંના સૉસની માફક વાપરવામાં આવે છે. એક મણ સારા દાડમમાંથી બાર ઔંસની ૪૦ બાટલી આવો રસ થાય છે.

સંતરાં, મોસંબી જાંબુ અને દાડમના રસ જનતાને સહેલાઈથી અને સસ્તા ભાવે મળે તો જ તેનો ઉપયોગ લોકપ્રિય થાય પોષણના દૃષ્ટિબિંદુથી આવો ઉપયોગ વધે એ ઘણું હિતાવહ છે. (ડૉ. ન. મૂ. શાહ તથા બાપાલાલ વૈદ્યના લેખો ઉપરથી તારવીને)

જેન્તાક સ્વેદ–ટર્કિશ બાથ

ટર્કિશ બાથ એ આધુનિક સગવડ છે એવી સાધારણ માન્યતા છે. એ માન્યતા સ્વાભાવિક પણ છે. પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. આયુર્વેદમાં ચિકિત્સાનાં પંચ કર્મોમાં સ્વેદવિધિને અગત્યનું સ્થાન છે એની સામાન્ય માણસોને ભાગ્યે જ ખબર હોય.

ચરકમાં સૂત્રસ્થાનનો ચૌદમો અધ્યાય સ્વેદાધ્યાય છે. તેમાં વાતકફાત્મક સ્વેદસાધ્યરોગો યથાવત્ યોજેલા સ્વેદથી મટે છે એમ આરંભમાં કહી, સ્વેદના પ્રકારો વર્ણવ્યા છે. ક્યારે, રોગની કઈ સ્થિતિમાં તેમજ કઈ ઋતુમાં, અને કેવી પ્રકૃતિને કયો સ્વેદ કેટલો આપવો વગેરે સવિસ્તર સૂચનાઓ એ ગ્રન્થમાં છે પણ એનું અહીં પ્રયોજન નથી. અહીં તો સ્વેદના એક પ્રકારનો આ દેશમાં પ્રચાર ઐતિહાસિક દૃષ્ટિએ જોવાનો છે.

ચરકે સંકર, પ્રસ્તર, નાડી, પરિષેક, અવગાહન, જેન્તાક, અશ્મઘન, કર્ષૂ, કુટી, ભૂમિ, કુમ્ભિકા, કૂપ, ને હોલાક એમ ૧૩ જાતના સ્વેદ ગણાવ્યા છે ને દરેકનું જુદું વર્ણન કર્યું છે. સુશ્રુતે સ્વેદનું વર્ગીકરણ જરા જુદી રીતે કર્યું છે તે કહે છે (ચિ. સ્થાન અ. ૩૨માં) સ્વેદ ચાર પ્રકારનો છે: તાપસ્વેદ, ઉષ્મસ્વેદ, ઉપનાહસ્વેદ અને દ્રવસ્વેદ આમાંથી દરેકના પાછા પેટાભેદો ગણાવ્યા છે. આ બંને પ્રાચીન ગ્રંથોને ને સરખાવતાં સુશ્રુતમાં વર્ગીકરણનો પ્રયત્ન છે વા છતાં ચરકમાં વર્ણનની સ્પષ્ટતા ને શાસ્ત્રીય ચોકસાઈ છે. અને જે અહીં પ્રસ્તુત છે તે જેન્તાક સ્વેદની બાબતમાં તો ચરકમાં જ તેનું સ્વરૂપ સમજાય એવું સ્પષ્ટ વર્ણન છે.

તેત્રીશ પંક્તિના એ વર્ણનને શબ્દશઃ અહીં ઉતારવાની જરૂર નથી. પણ નું તાત્પર્ય એવું છે કે 'જળાશયને કાંઠે, પૂર્વ કે ઉત્તર દિશામાં, પ્રશસ્ત ભૂમિમાં, અનેક બારીઓવાળો એક કૂટાગાર (ગોળ ઓરડો) બનાવવો. એ ઓરડાની ભીંતને અડીને, બારણાં સિવાયના ભાગમાં ફરતો, એક હાથ પહોળો ઓટલો બનાવવો. અને એ ઓરડાની વચ્ચે માણસની ઊંચાઈ જેટલો ઊંચો પોલો થાંભલો બનાવવો. થાંભલામાં ઝીણાં છિદ્રો રાખવાં અને અંદર લાકડાં સળગાવી, ધુમાડો બંધ થઈ ગયા પછી થાંભલાનું દ્વાર બંધ કરી, સ્વેદ યોગ્ય ગરમી ઓરડામાં થઇ ગઈ છે એમ જાણ્યા પછી, એ ઓરડાના ઓટલા ઉપર જેને સ્વેદ આપવો હોય તેને સૂવાનું કહેવું. અને પૂરો સ્વેદ આવી જાય પછી ઓટલાને જ પકડીને બારણામાંથી સ્વેદ લેનાર માણસે બહાર આવવું.' આ જેન્તાક સ્વેદનું વર્ણન આધુનિક સગવડો બાદ કરેલા ટર્કિશ બાથનું છે એ દેખાતું છે.

ચરકે કહેલા આ જેન્તાકનો પ્રાચીન કાળમાં સામાન્ય પ્રચાર હતો એમ બૌદ્ધ પાલી ગ્રન્થ વિનયપિટકમાંના એના ઉલ્લેખ પરથી દેખાય છે. વિનયપિટકમાંનું જેન્તાકનું વર્ણન ચરકથી જો કે જુદું પડે છે, પણ એક સ્થળે જેન્તાકનું જ જન્તાઘર (પાલી નામ) તરીકે વર્ણન છે. વિનયપિટક (મહાબોધિ સોસાયટીએ છપાવેલી હિંદી ભાષાન્તર પૃ. ૫૦૫)ના વર્ણન ઉપરથી ઘણાં માણસો સાથે નાહી શકે એવા સ્નાનગૃહનું એ વર્ણન છે. અલબત્ત, વધારે પડતાં લાકડાં ચૂલામાં હોય ત્યારે એમાં વધારે પડતી ગરમી થવાથી એ બારણાં બંધ રાખી ઘરમાં નહાનાર મૂર્છા પામવાની વાત એમાં છે ખરી.

આ વિનયપિટકને ચરકસંહિતા કરતાં પણ ઘણા જૂના કાળમાં,

ઈ. સ. પૂર્વે ૩૦૦૦માં, મોહેન્જોડેરોમાં જમીન નીચેથી ખોદવામાં આવેલા ગામમાં કેટલાંક સ્નાનગૃહો છે,અને તે સાથે સ્વેદ લેવા માટે ચરકે વર્ણવેલાંને મળતાં સ્વેદગૃહો—ટર્કિશ બાથો પણ છે. અલબત્ત, મોહેન્જોડેરોના ગૃહમાં ચરકના જેન્તાક પેઠે વચ્ચે થાંભલો હોવાનું નથી લાગતું, પણ દીવાલમાં ચૂલાવાળી ભીંતો છે. જેઓએ જાતે એ ખોદકામ તપાસેલું છે તેઓ એને ટર્કિશ બાથ સાથે સરખાવે છે.

ટૂંકામાં આ દેશમાં સ્વેદકર્મ ઘણું પ્રાચીન છે, ને મિસરી, રોમન તેમજ ગ્રીક સંસ્કૃતિમાં પણ ટર્કિશ બાથનો સારીપેઠે પ્રચાર હોવાનું એમ અનેક સ્થળેથી જણાયું છે. –દુર્ગાશંકર કે. શાસ્ત્રી (આયુષ્ય)

વિદ્યાર્થીઓને મદદ કરનાર સંસ્થાઓ

પરીક્ષાઓ પૂરી થઈ છે, અને ઘણા વિદ્યાર્થીઓ એવા હશે જેમને કોઈ સહાયના અભાવે અભ્યાસ આગળ વધારવાની મૂંઝવણ થતી હશે. ઘણા થોડાને ખબર હશે કે ગુજરાતમાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાય કરતી સ્કૉલરશિપોની લગભગ બસો જેટલી યોજનાઓ છે; પરંતુ તેની જાહેર માહિતીને અભાવે ઘણા આશાસ્પદ વિદ્યાર્થીઓ તેના લાભથી વંચિત રહી જતા હશે. આ ખામી દૂર કરે તેવી એક અતિ ઉપયોગી યાદી મુંબાઈની ન્યૂ ઈરા સ્કૂલના શ્રી ચંદુલાલ ત્રિ. વ્યાસે સંપાદિત કરી છે, જેમાં બહેનોને અભ્યાસ માટે મદદ આપતી ૨૬ સંસ્થાઓ, કોઈપણ કોમના વિદ્યાર્થીઓને મદદ આપનાર ૨૮ સંસ્થાઓ, જુદીજુદી જ્ઞાતિના વિદ્યાર્થીઓને મદદ આપતી ૬૮ સંસ્થાઓ, જૈન વિદ્યાર્થીઓને મદદ આપતી ૧૫ સંસ્થાઓ, લોહાણા જ્ઞાતિની ૧૪ અને ભાટિયા જ્ઞાતિની ૭ એવી સંસ્થાઓ, ૪૧ બાળાશ્રમો, પરદેશ ભણવા જનાર વિદ્યાર્થીને મદદ કરનાર ૭ સંસ્થાઓ અને ઉચ્ચ કેળવણી માટે નાણાં ધીરનારી ૧૧ સંસ્થાઓ, એમ બધી મળી ને ૨૯૦ સંસ્થાઓની નામ સરનામાં સાથેની વિગતવાર માહિતી આપેલી છે. શ્રી વ્યાસનું આ કાર્ય અભિનંદનપાત્ર છે અને ઐચ્છુકોએ તેનો લાભ લેવા જેવું છે. પત્રવ્યવહાર ન્યૂ ઈરા સ્કૂલ મુંબાઈ-૭ એ સરનામે કરવો.

શ્રી ઝંડુ ધન્વતરી આયુર્વેદ વિદ્યાલય—જામનગર

૧૯૪૬ના જૂનથી આ વિદ્યાલયનું કાર્ય શરૂ થશે. કોઇ પણ પ્રાન્ત, ધર્મ, વર્ણ કે જ્ઞાતિના ભેદ વિના વિદ્યાર્થીઓને એમાં દાખલ કરવામાં આવશે. ૮૦ થી ૧૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ રહી શકે તેવાં બે જુદાંજુદાં છાત્રાલયોની યોજના કરવામાં આવી છે.

વિદ્યાલયમાં ભાષાજ્ઞાન, ષડ્દર્શન, ભૌતિકજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણિવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, શરીરજ્ઞાન અને શરીરક્રિયાજ્ઞાન: આ બધા વિષયોનું તલસ્પર્શી જ્ઞાન આપવામાં આવશે. પ્રત્યક્ષ જ્ઞાન માટે ઉદ્યાન, ઉદ્ભિજ્જનિદર્શન, ચિત્રો, નકશા, નમૂના આદિની વ્યવસ્થા કરવામાં આવી છે. ઔષધિજ્ઞાન, ઔષધિપરિચય, ઔષધનિર્માણ–વગેરે માટે નિષ્ણાતો અને તદ્વિદો રાખવામાં આવ્યા છે.

વિદ્યાલયમાં ચરક, સુશ્રુત, વાગ્ભટ, શાર્ઙ્ગધર, માધવ, ભાવમિશ્ર અને રસગ્રન્થ : આમાંના પ્રત્યેકનું યથાયોગ્ય શિક્ષણ આપવા માટે એકેક જુદાજુદા પારંગત પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે. કાયાચિકિત્સા, શસ્ત્રક્રિયાવિજ્ઞાન અને પ્રસૂતિવિજ્ઞાન વગેરેના પ્રત્યક્ષ જ્ઞાનને માટે બને તેટલાં સાધનો વસાવવાની અને વિષયોના તદ્વિદોની નિમણૂક કરવાની અભિલાષા છે. દરેક વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન પૂરેપૂરી રીતે આપી શકાય તે માટે વિશાળ ઑસ્પિટલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ સંસ્થાને બોર્ડ ઑવ ઇન્ડિયન સિસ્ટીમ્સ ઑવ મેડિસીન સાથે જોડવામાં આવશે અને તેના પ્રમાણે અભ્યાસક્રમ ચાર વર્ષનો રહેશે. સંસ્કૃત સાથે જેઓએ મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી હશે તેઓ આ કાલેજમાં દાખલ થઈ શકશે. દાખલ થવા ઇચ્છનારે જૂનની ૧૦મી પહેલાં કૉલેજ કમિટીના સેક્રેટરીને સરનામે અરજી મોકલી આપવી.

એકવાર એક પરીક્ષકે ગણિતનો પ્રશ્ન પૂછેલો, 'જો વીસ માણસોને એક ખેતર ખેડતાં દશ દિવસ લાગે તો તે જ ખેતર ખેડતાં દશ માણસોને કેટલા દિવસ લાગે.'

એ ચબરાક વિદ્યાર્થીઓએ જવાબમાં લખેલું, 'વીસ માણસોએ તે ખેતર ખેડી લીધા પછી એ ખેતર ફરીથી દસ માણસો પાસે ખેડાવવાની જરૂર જ ન હોય.'

આ માસ (મે) ઈતિહાસમાં

તા. ૧ આફ્રિકાના મહાન શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનનું આફ્રિકામાં મોલિયામો નદીને કાંઠે અવસાન ૧૮૭૩.
તા. ૪ શ્રીરંગપટ્ટણની લડાઇમાં ટીપુ સુલતાનનું મરણ, ૧૭૯૯.
તા. ૮ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ, ૧૮૬૧.
તા. ૧૦ મુઘલ બાદશાહ બાબરે આગ્રા કબજે કર્યું, ૧૫૨૭.
તા. ૧૪ ઈંદોરની પ્રતાપી રાણી અહલ્યાબાઈનું લગ્ન, ૧૭૮૨.
તા. ૧૮ પૃથ્વી હૅલીના ધૂમકેતુના પૂંછડામાંથી પસાર થઈ, ૧૯૧૦
તા. ૨૧ નેપોલિયનની આખરી કેદનો ટાપુ સેન્ટ હૅલીના શોધાયો, ૧૫૦૨.
તા. ૨૫ ગુલામી પ્રથા વિરુદ્ધ વિલ્બર ફોર્સે ઉઠાવેલી ઝુંબેશથી બ્રિટિશ સલ્તનતમાં ગુલામી વેપાર બંધ થયો, ૧૮૬૭.
તા. ૩૦ ગુજરાતી સંસાર સુધારક અને કેળવણીકાર રા. બ. મહીપતરામ રૂપરામ નીલકંઠનું અવસાન, ૧૮૯૧.



આ માસની વ્યક્તિવિશેષ

આલ્બર્ટ આઈન્સ્ટાઇન

સાપેક્ષતાવાદનો નવો જ ને ક્રાંતિકારી સિદ્ધાંત સ્થાપનાર આધુનિક જગતનો આ ગહન ચિંતક, ફિલસૂફ તથા પ્રતિભાશાળી વિજ્ઞાનીનો જન્મ જર્મનીમાં ઈ. ૧૮૭૯ના મેની ૧૪મી તારીખે ઉલ્મ મુકામે એક યહૂદી ઈજનેરને ત્યાં થયો હતો. પહેલાં મ્યુનિકમાં ને પછી સ્વિટ્ઝર્લાંડમાં ઝૂરિશમાં અભ્યાસ પૂરો કરી શરૂમાં તેબર્ન ખાતે સ્વિસ સરકારની પેટન્ટ ઑફિસના ઈજનેર થયા; ને તે પછી ૧૯૦૯માં ઝૂરિશ યુનિવર્સિટીમાં પ્રોફેસર થયા. ૧૯૧૪માં એ બર્લિન ગયા જ્યાં એમના નવા સિદ્ધાન્તના પ્રયોગો માટે એક વિશિષ્ટ મિનાર બાંધવામાં આવ્યો. ૧૯૧૫માં તેમણે પોતાનો સાપેક્ષતાવાદનો સિદ્ધાંત બહાર પાડી જગતને ચોંકાવી દીધું. ૧૯૨૧માં તેમને ભૌતિકશાસ્ત્ર માટે નોબેલ ઈનામ મળ્યું ને તે ઇંગ્લંડ ગયા, જ્યાં ૧૯૨૫માં તેમને મહાવિદ્વાનોને અપાતો કોપલે ચન્દ્રક તથા બીજાં અનેક સંમાનો વિવિધ દેશો તરફથી મળ્યાં. જર્મનીમાં નાઝીવાદના ઉગમની સાથે યહૂદીઓ પર જુલમો વરસવા શરૂ થતાં તે ૧૯૩૩માં અમેરિકા ચાલ્યા ગયા ને હાલ ત્યાં જ વતન કરીને રહ્યા છે.

તેમના સિદ્ધાંતનો સાર એ છે કે આ વિશ્વ સતત ગતિમાન હોવાથી તે વિકસ્યા કરે છે અને સંકોચાયા કરે છે; અને 'કાળ' (સમય) એ પોતે કોઈ સ્વતંત્ર પરિમાણ નથી, પરંતુ 'દિક'ની સાથે સંકળાએલો છે. તેથી આપણે 'એક કલાક' કે 'એક માઇલ' એમ જે ચોક્કસ માપ સમજીએ છીએ તે ખરી રીતે નિશ્ચિત નથી, પણ એકબીજાને સાપેક્ષ હોઈ અમુક અમુક સ્થિતિમાં વધેઘટે છે.

અનુષ્ટુપ

હાથથી તીર છૂટયું તે હણે ના લક્ષ્ય, વા હણે,
હણે વાગ્તીર છૂટયું કે લક્ષ્ય-વેધક બેઉને.

—રમણલાલ સોની

ગુરુ નાનક મદીના થઇને બગદાદ ગયા તે વખતનો ત્યાંનો ખલીફ બહુ લોભી અને જુલ્મી ગણાતો. તે ગુરુને મળવા ગયો ત્યારે નાનકે તેને બોધ કરવા સો કાંકરા એકઠા કરી રાખ્યા. ખલીફાએ તેનું કારણ પૂછતાં નાનકે કહ્યું, 'આપને એ અનામત તરીકે સોંપવા આવ્યો છું.' 'એ પાછા ક્યારે સોંપવા?' એમ પૂછતાં ગુરુએ કહ્યું 'આપણે બધા જ્યારે કયામતને દિવસે મળીએ ત્યારે આપ આપની ધન-દોલત, જે આટલી મહેનતથી ભેગી કરો છો, તે પણ ત્યાં સાથે લેતા આવશોને ? એના ભેગા આટલા કાંકરા પણ લેતા આવજો.' ખલીફ આનો મર્મ સમજી ગયો અને તે દિવસથી ધર્મમાર્ગી થઈ ગયો.

કહેવતોના અર્થ: 'પાડાને દરદ ને પખાલીને ડામ.' જૂના ઘરગથુ વદામાં ઘણાં દરદ અમુક નસ કે મજ્જાતંતુઓના ચોક્કસ સ્થાન ઉપર ડામ દઈને મટાડવામાં આવતાં. એ રૂપક લઇને યોજેલી આ કહેવત, ઉપાધિકારણ કોઈક હોય અને તેનો ઉપચાર કે પ્રતિકાર કોઇક પર કરવામાં આવતો હોય, અગર કોઇક ને વાંકે અન્ય કોઈને જ દંડવામાં આવતો હોય, એ સ્થિતિ દર્શાવવા વપરાય છે; અને તેથી જ આજે તેનું રૂપ પલટાઇને 'પાડાને વાંકે પખાલીને ડામ' એવું બની ગયું છે; પણ મૂળ કહેવત તો ઉપર મુજબ જ છે. એને મળતી બીજી કહેવતો: 'કરડે માંકડ, ને માર ખાય ખાટલો'; 'ખાઇ જાય ખોડી ને માર પડે હરેડીને' વગેરે.

અનેકાર્થી શબ્દ: **પીલવું**=નિચોવાઇને રસ નીકળે તે રીતે કચરવું અથવા દબાવવું તે; કપાસને લોઢવો તે; દુ:ખ દેવું અથવા કનડવું; પીલાં નીકળવાં અથવા પાંગરવું તે.

ગણિતગમ્મત: કોઇ પણ રકમ ધારી, તેને અવળી કરી, ધારેલી રકમ સાથે ગુણો. આવે તેમાંથી ધારેલી રકમ બાદ કરો; અને પછી આવે તેને ધારેલી રકમ વડે ભાગો. ભાગમાં આવે તેમાં એક ઉમેરી તે રકમને અવળી કરો. આમ કરતાં જે રકમ આવશે તે તમારી ધારેલી રકમ જ હશે! – કાન્તિલાલ મ. જોષી

ઘણીવાર કઠણ લાકડામાં સ્ક્રૂ બેસાડવો બહુ વસમો પડે છે, એવે વખતે સ્ક્રૂને સાબુમાં બોળીને (પેસાડીને કાઢી લઇને) પછી બેસાડવાથી સરળતા થશે.




આઠમી સદીથી ઉત્તર અને મધ્ય હિંદમાં રાજપૂત રાજ્યો વિકસતાં ગયાં તેમના સિક્કાઓ મોટે ભાગે સોનાના અને ત્રાંબાના હતા. રૂપું જવલ્લે જ વપરાતું. સોનાના સિક્કા સામાન્યત: ૬૭ા ગ્રેનના દ્રામના વજનના રહેતા અને તે દ્રમ કહેવાતા; અને તેમના પર ઘણુંખરૂં એક બાજુ લક્ષ્મીની છાપ અને બીજી બાજુ નાગરી લિપિમાં રાજાનું નામ કોતરાતાં. ત્રાંબાના સિક્કાઓ ઉપર એક તરફ ઘોડેસવાર અને બીજી બાજુ બેઠેલા નંદીની છાપ હોય છે. આ છાપના સિક્કા પહેલ-વહેલા ગાંધાર (અથવા ઓહિંદ)ના બ્રાહ્મણ રાજાઓએ રૂપા ઉપર પાડવા શરૂ કર્યા, જેમાં સ્પલપતિદેવનો સિક્કો બહુ જાણીતો છે તેની છાપ ઉપર આપી છે. એમાં એક તરફ હાથમાં ભાલાવાળા ઘોડેસવારનું ચિત્ર છે અને બીજી બાજુએ બેઠેલા નંદીનું ચિત્ર તથા બેડોળ અક્ષરોમાં શ્રી સ્પલપતિ દેવ અંકિત છે. ઉપર જણાવ્યું તેમ આ પછી હિંદના બીજા રાજપુત રાજાઓ-દિલ્હીના તુમર અને ચોહાણો (પૃથ્વીરાજ વગેરે), કનોજના રાઠોડો અને અજમેર, બદાયું, નરવર વગેરેના રાજાઓએ આના જ અનુકરણમાં સિક્કાઓ પાડયા છે જેની અસર તેમની પછીના મુસલમાન આક્રમકોએ પણ ધારણ કરેલી


હાથામાંથી છુટ્ટું નીકળી આવેલું છરીનું પાનું બેસાડવા માટે બે ભાગ રાળ અને એક ભાગ ચાકનો બારીક ભૂકો હાથાના કાણામાં ભરી દઈ છરીનો એ છેડો લાલ તપાવી અંદર જોરથી ભરાવી દેવો. રસાયણ આગળી ઠંડું પડતાં સજ્જડ ચૌસ લઈ લેશે.

ધારો કે ધ્રુવના તારાનો આજે જ નાશ થઇ જાય, તો પણ તેનો પ્રકાશ તો આપણને ચાળીસ વરસ સુધી દેખાયા કરે. તેના પ્રકાશને અહીં પહોંચતા એટલો બધો વખત લાગે એટલું તેનું અહીંથી અંતર છે. (પ્રકાશનો વેગ એક સેકંડના એક લાખ ને છયાસી હજાર માઇલ છે, તે હિસાબે ધ્રુવનો તારો કેટલા માઇલ દૂર હશે તે ૪૦ વરસની સેકંડ કરીને તેને ઉપલી રકમ વડે ગુણવાથી નીકળશે.)

ભલે આખા વિશ્વનું અંધારું ભેગું થાય, પણ એક નાની-સરખી મીણબત્તીનો પ્રકાશ તે બુઝાવી શકવાનું નહિ.


એવી શોધ થઇ છે કે માણસે પોતે એક વખત કરી હોય તેના જેવી જ અદલ બીજી સહી થવાની તક તો ૯૩૧૦ પરાર્ધ (એટલે કે ૯૩૧૦ ઉપર સત્તર મીંડાં ચડે તેટલી સંખ્યા) વખત તે સહી કરે ત્યારે માંડ મળી જાય. ગુનાશાસ્ત્રીઓ આ મુદ્દા ઉપર ખોટી સહી કરનારાને પકડી પાડી શકે છે.





રશિયામાં કૉક-સાઘીઝ નામનો ઉપર બતાવેલો છોડ થાય છે. તેનાં લાંબાં મૂળ (જુઓ બાજુનું ચિત્ર) માંથી રબર બને છે

દાળ કે ચોખાને માટે મૂકેલા આંધણની ઉપર છીબું ઢાંકવાને બદલે, એ તપેલી કરતાં જરા પહોળા કદનું વાસણ મૂકી તેમાં નીચેની તપેલીની વરાળની ગરમીથી બટેટાં કે એવું શાક પણ બાફી શકશો.



દૃષ્ટિફેરની ગમ્મત: બાજુના ચિત્રમાં સામાન્ય નજરે તો એક ટેબલને આપણે ઉપરથી જોતા હોઇએ એમ દેખાશે. પણ દૃષ્ટિફેર થતાં એવું પણ દેખાશે કે પાછલા બે પાયા જેના નીચે છે, અને આગલા બે પાયા ડાબી તરફ ઉપર છે, એવા ટેબલને તળિયેથી જાણે આપણે જોઇએ છીએ. એક વખત ચિત્રને ઉલટાવીને જોશો તો એ ખ્યાલ પકડાશે.

ગયા અંકમાં શ્રી રવિશંકર રાવળના લેખ 'પ્રવાસ-મંજરી'માં વર્ણવેલા. દિલ્હીના આંતરરાષ્ટ્રીય કલાપ્રદર્શન-માં ત્રીજું ઈનામ જીતનારૂં, ગુજરાતી કલાકાર શ્રી સોમાલાલ શાહનું ચિત્ર

'સમૂહસંગીત'

નીચે : એ પ્રદર્શનમાં પહેલું ઈનામ પામનાર શ્રી અમૂલ્ય ગોપાળ સેન (પ્રદર્શનના એક મંત્રી)નું ચિત્ર

'ઉમાના લગ્ન-શૃંગાર'



